નારી
આંદોલનનો
ઇતિહાસ

ભાગ ૩

# સામાજિક સુધારણા અને સ્વતંત્રતાની ચળવળમાં સ્ત્રીઓ



નારી આંદોલનનો ઇતિહાસ

**ભાગ ૩**

# સામાજિક સુધારણા અને સ્વતંત્રતાની ચળવળમાં સ્ત્રીઓ

उन्नति

sahiyar

પ્રસ્તુતિ : ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન અને સહિયર (સ્ત્રી સંગઠન), 2009

પ્રથમ આવૃત્તિ : 500 નકલ, 2009

આ પુસ્તિકાના લખાણનો જન શિક્ષણ માટે બિન-વ્યાપારી ધોરણે ઉપયોગ કરવા સૌને
આમંત્રણ છે. આવો ઉપયોગ કરતી વખતે લેખિકા તેમ જ પ્રકાશકોની નોંધ લેવી તેમ જ
અમને ઉપયોગ કર્યા અંગે જાણ કરવી જરૂરી છે.

લેખિકા : **ડૉ. તૃપ્તિ શાહ**, સહિયર (સ્ત્રી સંગઠન) વડોદરા

પ્રકાશક : ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન અને સહિયર (સ્ત્રી સંગઠન)

પ્રાપ્તિસ્થાન :

**ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન**
જી-1/200, આઝાદ સોસાયટી
આંબાવાડી, અમદાવાદ-380 015
ફોનઃ 079-26746145, 26733296
ઈ-મેલઃ sie@unnati.org

**સહિયર (સ્ત્રી સંગઠન)**
જી-3, શિવાંજલિ ફ્લેટ્સ, જાધવ અમીશ્રદ્ધા સોસાયટી પાસે
નવજીવન, આજવા રોડ, વડોદરા-390 019
ફોનઃ 0265-2513482
ઈ-મેલઃ sahiyar@gmail.com

ડીઝાઈન અને કલા નિર્દેશન : તરૂણ દીપ ગિરધર, અમદાવાદ

ચિત્રાંકન : કવિતા અરવિંદ, ચિડિયા ઉડ અને રણજીત બાલમૂચુ, ધ લેમ્બ સ્ટુડિયો

લે-આઉટ : રમેશ પટેલ અને હિતેશ ગોળકિયા

મુદ્રણ : બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોનઃ 079-26441967

*અસ્વીકાર:*
*આ પુસ્તિકા મુખ્યત્વે પાયાના ક્ષેત્રીય કાર્યકરોની જેન્ડર, પિતૃસત્તાક સમાજવ્યવસ્થા, સ્ત્રીઓના ઊતરતા સ્થાનનાં ઐતિહાસિક મૂળ તેમ જ સમતાપૂર્ણ વિકાસ માટે મહિલા સશક્તિકરણની જરૂરિયાતને લગતી વિભાવનાઓ અંગે સમજ વધારવાના આશયથી તૈયાર કરવામાં આવી છે. આ પુસ્તિકામાં મહિલા મંડળની ચર્ચામાં ભાગ લેતાં તમામ પાત્રો કાલ્પનિક છે અને કોઈ પણ જીવંત કે ઐતિહાસિક પાત્ર સાથે તેમની સમાનતા આકસ્મિક છે. કોઈ પ્રસંગે ઐતિહાસિક કે તાજેતરમાં બનેલા બનાવો સાથે તેમના અનુભવોને સાંકળ્યા હોય તો તે માત્ર મુદ્દાઓ તેમ જ વિભાવનાઓને સ્પષ્ટ કરવાના આશયથી જ કરવામાં આવ્યો છે. આ પુસ્તિકાનો ઉપયોગ કરનાર વ્યક્તિ આ સાહિત્યનો ઉપયોગ સમુદાયમાંથી મેળવેલી પોતાની હાલની જાણકારી સાથે ઉમેરીને તેમ જ વધારે માહિતીની જરૂર પડે તો વિશેષજ્ઞો પાસેથી તેમ જ સંદર્ભ સાહિત્યમાંથી મેળવીને તેની સાથે ઉપયોગ કરી શકે છે. આ કોઈ કાયદાકીય સાહિત્ય નથી અને આનો ઉપયોગ વ્યાપારી હેતુથી કરવો નહીં.*

## પ્રવેશક - આવકાર

નારી આંદોલનના ઇતિહાસ અને વર્તમાનના પડકારો આલેખતી પુસ્તિકા-શ્રેણીને આવકાર આપતાં અત્યંત હર્ષ અનુભવું છું. પુસ્તિકાના પ્રકાશનમાં વિકાસ માટેના શિક્ષણ માટે જાણીતી સંસ્થા 'ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન' અને 'સહિયર'નો આ સહિયારો પ્રયાસ પ્રશંસનીય છે.

તૃપ્તિ શાહ ગુજરાતમાં તેમ જ ગુજરાત બહાર પીડિત વર્ગોના આંદોલન ક્ષેત્રે સક્રિય કડખેડ કાર્યકર્તાના રૂપમાં જરા પણ અજાણ્યાં નથી, બલકે, એક ઈનસાઈડરના રૂપે મહિલા-આંદોલનનું આલેખન તૃપ્તિ શાહ દ્વારા થયું છે, તેની સવિશેષ નોંધ લેવી મને જરૂરી લાગે છે.

ભારતમાં નારી-આંદોલનના ઇતિહાસનાં આલેખનો સ્ત્રી અભ્યાસમાં મહત્ત્વના અંશ રૂપે થયાં છે. ઉપરાંત, નારી-જૂથોની વિવિધ મુદ્દાઓ ઉપર લડત અને અનેકવિધ સ્વરૂપે પ્રતિક્રિયાનાં આલેખનો પણ ઉપલબ્ધ છે. અભ્યાસીઓએ પશ્ચિમના નારી આંદોલનની પ્રક્રિયાની ભારતીય નારી આંદોલન સાથે તુલના પણ કરી છે. આમ છતાં પ્રસ્તુત પુસ્તિકા-શ્રેણીની સવિશેષ ઉપયુક્તતાનો ટૂંકમાં નિર્દેશ કરું છું.

સમાજ-પરિવર્તન માટે તેમ જ નારી-સમાનતા અને સ્વતંત્રતા માટે મથતા તમામ મૂળસોતા કાર્યકર્તાઓ તેમ જ અભ્યાસીઓ માટે સ્ત્રીઓના ઊતરતા સ્થાન, પિતૃસત્તાનું માળખું તેમ જ મૂલ્યવ્યવસ્થા અને સ્ત્રીમુક્તિ માટેના પડકારો ઝીલતા પ્રયાસો સમજવા અત્યંત આવશ્યક છે. નારીઆંદોલનમાં માત્ર શૌર્ય, ઉત્સાહ કે શહાદત પૂરતાં નથી. નારીઆંદોલન માત્ર કોઈ મુદ્દા ઉપર આધારિત પડકાર નથી, બલકે સમગ્ર પિતૃસત્તાક વ્યવસ્થા તેમ જ સામાજિક - આર્થિક માળખાને પડકારે છે. ઉપરાંત, નારીનું દમન - શોષણ - ઉપેક્ષા કોઈ એક વિશિષ્ટ પ્રસંગે કે વિશિષ્ટ માળખા દ્વારા નથી થતાં પરંતુ સમાજનાં મૂળમાં રહેલાં છે, અને સર્વતોમુખી છે. આથી આ પકડને સમજવી તેમ જ પડકારવી આવશ્યક બને છે.

સાંપ્રત સમાજમાં વિવિધ ક્ષેત્રે - સુસ્વાસ્થ્ય - પર્યાવરણ રક્ષણ - માનવ હક્કની રક્ષા - દલિત, પીડિત વર્ગોની સમસ્યાઓ વગેરે મુદ્દાઓનાં કાર્યોમાં સ્થાપિત વર્ગ વિરુદ્ધ અનેક બિન-સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકર્તાઓ ખૂંપેલા છે. પ્રત્યેક સ્તરે લડત અને પડકાર અનિવાર્ય હોય છે. આ સંદર્ભમાં અન્ય કાર્યકર્તાઓને પણ નારી-આંદોલનનાં વિવિધ સ્વરૂપો, અનેકવિધ રણનીતિઓ તેમ જ તેમાં સંકળાયેલ વારાખેરાની જાણ આવશ્યક છે. મારું માનવું છે કે આ પુસ્તક-શ્રેણી અન્ય મૂળસોતા કાર્યકરોને પણ માર્ગદર્શક બનશે. કોઈ પણ મુદ્દાને કે પ્રસંગને અનુરૂપ પ્રતિકાર સમયે તાત્કાલિક સમજણ આવશ્યક છે, પરંતુ મૂળસોતા કાર્યકરો જ્યારે સમાજને પાયામાંથી બદલવાની કોશિશ કરતા હોય ત્યારે તેની વિવિધ આંટીઘૂંટીઓ સમજવાની અત્યંત આવશ્યકતા છે. ઉપરાંત, આવા કોઈ પણ પ્રતિકાર સાથે અનિવાર્ય રીતે સંકળાયેલ હતાશા-નિરાશા-પીછેહઠ સમજવામાં ઉપયોગી બને છે.

કોઈ પણ આંદોલનના આલેખનમાં પૂર્વભૂમિકાનું મહત્ત્વ છે. ઉપરાંત, કેટલીક મૂળભૂત વિભાવનાઓ સમજવી જરૂરી બને છે. વળી આ વિભાવનાઓનું સમાજનાં માળખાં તેમ જ મૂલ્યવ્યવસ્થા સાથે જોડાણ અંગેની સ્પષ્ટતા આંદોલનના વિવિધ આવિર્ભાવો અંગે સૂચન કરી શકે. પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાના ભૂતકાળની સમજણ વર્તમાનને ઓળખવા માટે અત્યંત આવશ્યક છે. ભારતીય સમાજનો ઇતિહાસ સૈકાઓ પુરાણો છે. ભારતીય સમાજ સમરૂપ નથી પરંતુ ભાતીગળ છે. જ્ઞાતિ, વર્ગ, ભાષા, જાતિ, લિંગ એવાં વિવિધ સ્તરે વહેંચાયેલો છે. વૈશ્વિક સ્તરના સંદર્ભમાં ભારતીય આંદોલનની સમજણ ઘટનાઓની સમાનતા અને વૈવિધ્યનો પરિચય કરાવે છે. વિશેષતઃ કાર્યકર્તાઓમાં આવશ્યક એવી વિશાળ દૃષ્ટિ આપી શકે.

ટૂંકમાં, પ્રસ્તુત પુસ્તક-શ્રેણી નારી-આંદોલનની ઐતિહાસિક, પાર્શ્વભૂમિ, આંતરરાષ્ટ્રીય ફલક, વર્તમાન આંદોલન ક્ષેત્રે મુદ્દાઓ તેમ જ પડકારો સમજવા માટે સક્રિય કાર્યકર્તાઓને તેમ જ અભ્યાસુઓને ઉપયોગી થશે એવી મારી ધારણા છે. ઉપરાંત, પુસ્તક-શ્રેણીમાં સરળ ભાષા, લોકગીતો, વ્યક્તિચિત્રો વગેરેનો ઉપયોગ મૂળસોતા કાર્યકરો ને છેવાડાની બહેનોને આંદોલનની આવશ્યકતાઓ સમજવામાં સહાયરૂપ થઈ શકશે.

સ્વાતંત્ર્યની ચળવળ દરમ્યાન તેમ જ સામ્યવાદી આંદોલનના સમય દરમ્યાન કાર્યકર્તાઓની સજ્જતારૂપે અભ્યાસ જૂથો (સ્ટડી સર્કલ)ની મહત્તા સમજાઈ હતી. આથી જ કાર્યકર્તાઓમાં માંહોમાંહે આંદોલનના વિવિધ તબક્કાઓ તેમ જ મુદ્દાઓ અંગે વ્યવસ્થિત સુપેરે વિશ્લેષણ કરતો માહોલ હતો. તેને ફરીથી સજીવન કરવાની આવશ્યકતા જણાય છે. તેના સંદર્ભમાં પ્રસ્તુત પુસ્તિકા-શ્રેણી જેવા પ્રયોગો સહાયભૂત થઈ શકે.

ફરીથી ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠનને તેમ જ તૃપ્તિ શાહને અને ‘સહિયર’ને આ સાહસ ખેડવા માટે અભિનંદન.

**નીરા દેસાઈ**
જાન્યુઆરી-2009

## અર્પણ

આ પુસ્તિકા-શ્રેણીની પ્રસ્તાવના લખતી વખતે મુ. નીરાબહેન કેન્સર સામે ઝઝૂમી રહ્યાં હતાં. શ્રેણીનું પ્રથમ પુસ્તક તેમના હાથમાં મૂકતાં અમે આનંદની લાગણી અનુભવી હતી. કમનસીબે ત્યારબાદનાં પુસ્તકો પ્રકાશિત થાય તે પહેલાં તા. 25 જૂન 2009ની રાત્રે નીરાબહેને આપણી વચ્ચેથી વિદાય લીધી. નારી આંદોલન અને નારી અભ્યાસના સહપંથીઓએ હૂંફના મહત્ત્વના સ્રોત અને સંકટ સમયના સાથી ગુમાવ્યાની લાગણી અનુભવી.

ડૉ. નીરા દેસાઈ ભારતમાં નારી અભ્યાસ અને સંશોધનનો પાયો નાંખનારાઓમાંનાં એક હતાં. જ્યારે સ્ત્રીઓના પ્રશ્નો અંગે ભાગ્યે જ કોઈ સંશોધનો થતાં હતાં ત્યારે 1957માં તેમણે ‘ભારતીય સમાજમાં સ્ત્રી જીવન’ નામે સંશોધન પુસ્તક લખ્યું. તેઓ ભારતના પ્રથમ નારી અભ્યાસ કેન્દ્ર, એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, મુંબઈનાં સ્થાપક ડાયરેક્ટર હતાં. સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો અને નારી આંદોલન ઉપર અનેક મહત્ત્વનાં સંશોધનો અને લખાણો ગુજરાતી તેમ જ અંગ્રેજીમાં પ્રકાશિત કર્યાં છે. ડૉ. નીરા દેસાઈની વિશેષતા એ છે કે તેઓ માત્ર અભ્યાસુ જ નહીં પરંતુ ભારતના નારી આંદોલનની શરૂઆતથી જ તેની સાથે સંકળાયેલાં સક્રિય ટેકેદાર રહ્યાં હતાં.

આજે જ્યારે નારી આંદોલન સહિત તમામ પ્રગતિશીલ આંદોલનો આજની વિકટ અને સંકુલ પરિસ્થિતિનો તાગ પામવા મથી રહ્યાં છે ત્યારે નીરાબહેનની વિદાય અમારા જેવાં અનેકને વ્યક્તિગત તેમજ સંગઠન કક્ષાએ ખરેખર ન પૂરી શકાય તેવી ખોટનો અનુભવ કરાવે છે. જાણે કે એક યુગનો અંત!

આ શ્રેણીનાં બાકીનાં પુસ્તકો નીરાબહેનને અર્પણ કરીને અમુક અંશે તેમનું ઋણ સ્વીકારવાની કોશિશ કરીએ છીએ.

**તૃપ્તિ શાહ** **દીપા સોનપાલ**

## અનુક્રમણિકા

ઋણ સ્વીકાર 8

પૂર્વભૂમિકા અને પરિચય 9

પુસ્તિકા શ્રેણીનો ઉપયોગ 16

**અંગ્રેજી શાસન: 1857ના બળવામાં દલિત, આદિવાસી સ્ત્રીઓ 20**

**સ્ત્રીઓના પ્રશ્નો : સુધારકો, પુનરુત્થાનવાદીઓ, અંગ્રેજો**

**અને દલિત-બહુજન સમાજ 34**

**સંઘર્ષ જારી છે… શિક્ષણ અને સમાનતા માટે 46**

**સ્ત્રી સંસ્થાઓની શરૂઆત અને આઝાદીની લડતમાં સ્ત્રીઓ 56**

**ક્રાંતિકારી સ્ત્રીઓ 70**

**સ્ત્રીઓને શું મળ્યું? શું ના મળ્યું? 78**

**સ્વતંત્ર ભારતના ઘડતરમાં સ્ત્રીઓ 88**

**જન-આંદોલનોમાં સ્ત્રીઓનું યોગદાન 102**

વધુ વાંચન માટેનાં પુસ્તકોની યાદી 118

## ઋણ સ્વીકાર

અમે હૃદયપૂર્વક આભારી છીએ, ઉન્નતિના સ્થાપક ડાયરેક્ટર શ્રી બિનોય આચાર્ય કે જેમણે નારી આંદોલનના ઇતિહાસની પુસ્તિકાઓ પાયાના કાર્યકરો માટે તૈયાર કરવાનું સૌ પ્રથમ સૂચન કર્યું અને તે માટે સતત તમામ પ્રકારનું પ્રોત્સાહન પૂરું પાડ્યું.

પુસ્તિકાઓ તૈયાર કરવામાં ઉન્નતિ તેમ જ સહિયરના સાથીઓનો સહકાર, ઝેરોક્ષ કરવાથી માંડીને, પોસ્ટ કરવું, સંદર્ભ સાહિત્ય શોધી કાઢવું, ચા-નાસ્તો તૈયાર કરવામાં એમ તમામ પ્રકારનાં નાનાં-મોટાં કામો માટે સહકાર મળ્યો છે, જેમાં ઉન્નતિના કમલેશભાઈ રાઠોડ, લક્ષ્મણસિંહ બી. રાઠોડ, લક્ષ્મણસિંહ એસ. રાઠોડ, ભવાનસિંહ એસ. રાઠોડ, સરદારસિંહ રાઠોડ, કરણસિંહ રાઠોડ, રેનીસન એફ. રીબેલો અને બીનુ જ્યોર્જ તથા સહિયરમાંથી કમલ ઠાકરનો સમાવેશ થાય છે.

એકાઉન્ટ ટીમનાં પ્રેયષ મેવાડા, ધર્મિષ્ઠા હલપતિ અને બિપિન ત્રિપાઠીએ હિસાબો તેમ જ નાણાંકીય પાસાનું ધ્યાન રાખ્યું છે.

થાક્યા વગર વારંવાર સુધારા-વધારાઓ ટાઈપ કરવા માટે ઉન્નતિના રમેશ પટેલ, હિતેશ ગોળકિયા અને સહિયરનાં રેશ્મા વોરાની મદદ મળી છે અને ભાષાકીય સુધારા-વધારા માટે શેરબાનુ મન્સૂરીના આભારી છીએ.

એક પછી એક કાચા ખરડાઓ વાંચીને સુધારા-વધારા અંગેનાં સૂચનો કરવાનું અને ‘આ ખરેખર ઉપયોગી લખાણ છે’ એમ ખાતરી આપી કામ જલદી પૂરું કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવા માટે સહિયરનાં રેશ્મા વોરા, કમલ ઠાકર, સુનંદા તાયડે, રીના જગતાપ, હેતલ પરમાર, રીટા ચોક્સી, સૂર્યકાંતા શાહ, દીપાલી ઘેલાણી, પ્રિયા સંકપાળ, પ્રિતલ ઠાકર, રાધા બાબી, સાજેદા શેખ વગેરેના આભારી છીએ.

અંતમાં, પુસ્તિકા માત્ર વિચાર સ્વરૂપે હતી ત્યારથી તેનો પ્રથમ ખરડો તૈયાર થયો ત્યાર સુધી અમને સતત નૈતિક ટેકો અને ટીકાત્મક સૂચનો, માર્ગદર્શન, સાહિત્ય અને સંદર્ભ પૂરા પાડવા બદલ નારી અભ્યાસ અને આંદોલનના અગ્રણી સાથીઓ એવાં નીરાબહેન દેસાઈ, વિભૂતિબહેન પટેલ, સોનલબહેન શુક્લ, ઉષાબહેન ઠક્કર, સોફિયા ખાન, રોહિત પ્રજાપતિ, ફાધર જીમી ડાભી, હસીના ખાન તથા સંધ્યા ગોખલેના હૃદયપૂર્વક આભારી છીએ. ભાગ-૩માં સમાવેલ આદિવાસી અને મુસલમાન સ્ત્રીઓના સંઘર્ષ વિશે લખવા પોતાના અપ્રકાશિત લેખ ઉપલબ્ધ કરાવવા માટે ક્રમશઃ સોનલ રાઠવા તેમજ નસીરુદ્દીન ખાનના વિશેષ આભારી છીએ. આ સૌના યોગદાન વગર આ સ્તરની શ્રેણીનું સર્જન કરવું શક્ય જ ન હતું.

# પૂર્વભૂમિકા અને પરિચય

**આ શ્રેણી શા માટે?**

માનવતા અને સમાનતા પર આધારિત ન્યાયી સમાજના સર્જનની મથામણમાં જો અડધી માનવજાતનું દૃષ્ટિબિંદુ સામેલ ન હોય તો 'નવી દુનિયા'નું, 'બહેતર દુનિયા'નું ચિત્ર અધૂરું જ રહે. છેલ્લા દાયકામાં આ વાતને વધારે ને વધારે સ્વીકૃતિ મળતી ગઈ છે અને માટે જ જુદાં જુદાં ક્ષેત્રોમાં વિકાસ તેમ જ સમાજ-પરિવર્તન માટે કામ કરતી સંસ્થાઓ, સંગઠનો અને લોક-આંદોલનોના કાર્યક્રમોમાં સ્ત્રીઓની ભાગીદારી, મહિલા વિકાસ, જેન્ડર, મહિલા સશક્તિકરણ જેવી વિભાવનાઓ પ્રચલિત બનતી ગઈ છે.

સવાલ એ છે કે આ તબક્કે જ સ્ત્રીઓના પ્રશ્નો શા માટે પ્રચલિત બન્યા? શું આ નવા જ ઊભા થયેલા પ્રશ્નો છે કે તેનો કોઈ ઇતિહાસ પણ છે? અને જો ઇતિહાસ છે તો તેને જાણવાની ને સમજવાની જરૂર ખરી?

'ઇતિહાસ' શબ્દ સાંભળીને સામાન્ય રીતે રાજા-મહારાજાઓનાં સામ્રાજ્યો, અધિકારીઓ, યૌદ્ધાઓ, નેતાઓનાં પરાક્રમોની સાલવારીનું ચિત્ર જ મનમાં આવે છે, કારણ કે આપણી શાળાઓમાં આવો જ ઇતિહાસ આપણને શીખવવામાં આવે છે. તેથી ઇતિહાસ જાણવાની કોઈ જિજ્ઞાસા સામાન્ય માનવીના મનમાં રહેતી નથી. પરંતુ ઇતિહાસ - લેખનનો એક મહત્ત્વનો પ્રકાર સામાજિક ઇતિહાસ છે. તેમાં રાજા-મહારાજાઓની નહીં પરંતુ સમાજના જુદા જુદા વર્ગોનાં જીવન, કામ અને સમાજ બદલવાના પ્રયત્નો વગેરેની વાતો પણ હોય છે. આપણી આજ (વર્તમાન)ના પાયા આપણા ઇતિહાસમાં ખૂંપેલા છે. જો ઇતિહાસને સમજીશું તો જ આવતી કાલના સર્જન માટે અસરકારક કામ કરી શકીશું. જો કે, આવો સામાજિક ઇતિહાસ પણ જો માત્ર His Story (તેની - પુરુષની વાત) બનીને રહી જાય અને તેમાંથી Her Story (તેણીની - સ્ત્રીની વાત) અદૃશ્ય રહે તો ઇતિહાસ અધૂરો છે. માટે જ વિકાસ કે સમાજ-પરિવર્તનના કામમાં સંકળાયેલા તમામ કાર્યકરો માટે નારી આંદોલનનો ઇતિહાસ જાણવો, સમજવો જરૂરી બને છે.

નારી આંદોલનનો ઇતિહાસ એટલે માત્ર સ્ત્રીઓનો ઇતિહાસ એવું નથી. કારણ કે નારી-આંદોલન સમાજ-પરિવર્તનના આંદોલન સાથે ગાઢ રીતે સંકળાયેલું છે. જ્યારે જ્યારે પણ સમાજમાં મોટી ઘટનાઓ બને છે,

ઊથલપાથલો થાય છે ત્યારે તેમાં સ્ત્રીઓની આગવી ભૂમિકા રહેલી હોય છે.

વિશ્વની તમામ મહાન ક્રાંતિઓ અને પરિવર્તનોમાં સ્ત્રીઓની શું ભૂમિકા હતી, શું યોગદાન હતું અને તેના પરિણામે સ્ત્રીઓ શું મેળવી શકી અને શું ના મેળવી શકી તેનો બોધપાઠ આપણી આગામી રણનીતિ નક્કી કરવામાં ઉપયોગી થશે.

**આજના પડકાર અને ઇતિહાસ**

60ના દાયકામાં પશ્ચિમના દેશોમાં શરૂ થયેલા નારીવાદી આંદોલનની સાથે સાથે નારી અભ્યાસનો પણ વિકાસ થયો અને સ્ત્રીઓની પરિસ્થિતિને સમજવા માટેના સિદ્ધાંતોનો પણ વિકાસ થયો. પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાના તાણાવાણા ઉકેલવાની શરૂઆત થઈ. કુદરતદત્ત લિંગ (Sex)ની સામે સ્ત્રી-પુરુષની સમાજપ્રેરિત વ્યાખ્યા, જેન્ડર (Gender)ની સંકલ્પના વિકસી અને આ બધાની અસર યુનાઈટેડ નેશન્સ સહિતની તમામ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પર પડી. તેમના વિકાસ કાર્યક્રમો અને નીતિઓમાં વિશ્વભરમાં પ્રસરી રહેલા નારી આંદોલનના પડઘા ન પડે તે શક્ય જ ન હતું. મેક્સિકો, નૈરોબી અને ત્યાર બાદ બૈજિંગ ખાતે થયેલ યુનોની આંતરરાષ્ટ્રીય મહિલા પરિષદો પછી આજે મુખ્ય પ્રવાહમાં જેન્ડરની સામેલગીરી 'જેન્ડર મેઈન્સ્ટ્રીમીંગ'ની વાતો દુનિયાની સરકારો અને બિન-સરકારી સંસ્થાઓ સ્વીકારવા માંડી છે.

તેની શરૂઆત 1970માં ઈસ્ટર બોસરપની ડબલ્યુ.આઈ.ડી. (વિકાસમાં સ્ત્રીઓ)ના નામે પ્રચલિત દૃષ્ટિકોણ દ્વારા થઈ. તેણે સ્ત્રીઓના આર્થિક સહભાગને મુદ્દો બનાવી વિકાસના કાર્યક્રમોમાં સ્ત્રી કઈ રીતે બહાર રહી જાય છે તેની વાત કરી અને સ્ત્રીને વિકાસની પ્રક્રિયામાં સાંકળવાની હિમાયતની શરૂઆત કરી. ત્યાર બાદ ડબલ્યુ.એ.ડી. (વિકાસ અને સ્ત્રીઓ) અને જી.એ.ડી. (જેન્ડર અને વિકાસ) તરીકે પ્રચલિત બનેલાં દૃષ્ટિકોણો દ્વારા વિકાસની કહેવાતી મુખ્ય ધારા અને તેની સ્ત્રીઓના સ્થાન પર થતી અસરો તેમ જ સમાજનાં તમામ માળખાંઓનું સ્ત્રી-પુરુષ વચ્ચેના સત્તાના સંબંધોના સંદર્ભમાં સ્ત્રીઓના ઊતરતા સ્થાનનું વિશ્લેષણ કરી તેમાં મૂળભૂત પરિવર્તનની જરૂરિયાત અંગે વાત કરવાની શરૂઆત થઈ. તેના પરિણામરૂપે આજે વિકાસ તેમ જ સમાજ પરિવર્તનનાં તમામ ક્ષેત્રોમાં સ્ત્રીઓની પરિસ્થિતિ (કન્ડિશન) અને સ્ત્રીઓનું સ્થાન (પોઝિશન) અંગેના પ્રશ્નો સામેલ થવા માંડ્યા છે.

ભારતની વાત કરીએ તો 70ના દાયકામાં કેટલાંક નાનાં નાનાં સ્વાયત્ત જૂથોએ બળાત્કાર, દહેજ, સ્ત્રીઓ પરની હિંસા, કૌટુમ્બિક કાયદાઓ જેવા

મુદ્દાઓથી માંડીને સમાજના બહોળા સમૂહને સ્પર્શતા તમામ મુદ્દાઓમાં સામેલગીરી નોંધાવી ત્યારથી શરૂ કરી આજ સુધીનાં વર્ષો દરમ્યાન નારી આંદોલનોનો વ્યાપ અને અસર વધ્યાં છે. તેમાં જુદા જુદા વર્ગ, જ્ઞાતિ, ધર્મ, યૌનિક અભિરુચિ, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને ભાષાની પૃષ્ઠભૂમિ ધરાવતા કાર્યકરો અને વિવિધ પ્રકારનાં માળખાં ધરાવતા મહિલા સમૂહો, બચત જૂથો, લોક સંગઠનો વગેરે સહભાગી બન્યાં છે. ભારતનાં અને દુનિયાનાં નારી આંદોલનોના સતત પ્રયત્નોને પરિણામે એવું વાતાવરણ ઊભું થયું છે કે જેમાં કોઈ પણ રાજકીય પક્ષ, સરકારો, ફંડિંગ એજન્સીઓ, વિકાસનાં કામ કરતાં બિન-સરકારી સંગઠનો કે જન-આંદોલનો માટે સ્ત્રીઓના મુદ્દાઓને બાજુ પર રાખવાનું અશક્ય બની ગયું છે. આને વિશ્વના અને ભારતનાં નારી આંદોલનોની એક સફળતા કહી શકાય.

તો બીજી બાજુ સમાજના પુરુષપ્રધાન પિતૃસત્તાક માળખાની સાથે વૈશ્વિકીકરણ, ઉદારીકરણ, ધર્માંધતા, કોમવાદ અને જ્ઞાતિવાદ જેવા પ્રશ્નોના તાણાવાણા એટલા બધા મજબૂત રીતે ગૂંથાતા જાય છે કે જેને કારણે સ્ત્રીઓના પ્રશ્નોની જટિલતા પણ વધી ગઈ છે.

એક બાજુ પુરુષોની જાગીર મનાતા વ્યવસાયો કે વિદ્યાશાખાઓમાં સફળતાનાં સોપાનો સર કરતી સ્ત્રીઓના સબળ વ્યક્તિત્વની તસ્વીરો જોવા મળે છે તો બીજી બાજુ દીકરીઓની ઘટતી જતી સંખ્યા, દહેજ અને સતી જેવા પ્રશ્નો નવા સ્વરૂપે માથું ઊંચકી રહ્યા છે. તેથી સ્ત્રીઓના અસ્તિત્વ પર જ ખતરો મંડરાતો લાગે છે.

સમલિંગી સંબંધો કે અલગ પ્રકારની જાતીયતા ધરાવતા લોકોની તેમ જ વેશ્યા વ્યવસાયમાં રોકાયેલી સ્ત્રીઓનાં સંગઠનો દ્વારા આ પ્રતિબંધિત મનાતા વિષયોની જાહેર ચર્ચા અને વિરોધ પ્રદર્શનોને સ્વીકૃતિ મળતી દેખાય છે, તો સાથે સાથે યુગો જૂની કૌટુમ્બિક હિંસાના પ્રકાર અને પ્રમાણ વધતાં લાગે છે.

વિકાસ નીતિના પરિણામે સમાજનાં સીમાન્ત જૂથો અને સ્ત્રીઓ વધારે ને વધારે હાંસિયામાં ધકેલાઈ રહ્યાં છે. તેની સામે આદિવાસી, દલિત, દરિયાકાંઠાના સમુદાયો, લઘુમતીઓ વગેરે જીવનનિર્વાહ, કુદરતી સંસાધનો પર અંકુશ, હિંસા અને માળખાના મુદ્દાઓને લઈને સતત ઝુંબેશ ચલાવી રહ્યા છે. જેમ જેમ સમાજનાં સીમાન્ત જૂથોની લડતો આગળ વધતી ગઈ છે તેમ તેમ તેમાં સ્ત્રીઓની માત્ર સામેલગીરી જ નહીં, નેતાગીરી પણ આગળ વધતી જોવા મળે છે. પોતાના કાર્યક્ષેત્રમાં સફળ સંઘર્ષનાં અનેક

ઉદાહરણોની પ્રેરણાદાયી વાતો બહાર આવતી જાય છે. તો ક્યારેક વૈશ્વિકીકરણ, ધર્માંધતા, કોમવાદ, જ્ઞાતિવાદના તાણાવાણાથી રસાયેલી પિતૃસત્તા સામેના સંઘર્ષમાં બે ડગલાં આગળ ને ચાર ડગલાં પાછળ જેવી પરિસ્થિતિનો અનુભવ થાય છે. તેના પ્રતિબિંબરૂપે તાલીમ કાર્યક્રમો, સંકલનોની મિટિંગો અને પાયાના કાર્યકરો સાથેના સંવાદમાં, 'હવે પછી શું?' કે 'આગળ કઈ રીતે વધવું?' જેવા પ્રશ્નો વારંવાર ઉદ્ભવે છે.

આ તબક્કે અનેક કાર્યકરોનો અનુભવ દર્શાવે છે કે માથું ઊંચકી રહેલા કેટલાય સવાલોની જટિલતા સમજવાની એંધાણી આપણા સંઘર્ષના ઇતિહાસમાંથી મળી શકે તેમ છે. તો સાથે સાથે પ્રેરણા મળે તેવાં પાત્રો અને ઘટનાઓની પણ ખોટ નથી. સફળતા ઝાંઝવાનાં જળ જેવી લાગતી હોય ત્યારે નિરાશાથી બચવાનો રસ્તો અને પ્રશ્નો સામે ટક્કર ઝીલવાનો આત્મવિશ્વાસ ઇતિહાસના અભ્યાસથી જન્મે છે. ઉપરાંત સમાજની દશા અને સમાજ પરિવર્તનની દિશા સમજવાની સૈદ્ધાંતિક સ્પષ્ટતા કેળવાય છે. 'ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન' તેમ જ 'સહિયર' (સ્ત્રી સંગઠન) સાથે મળી આ પુસ્તિકા શ્રેણીનું પ્રકાશન પાયાના કાર્યકરોને આ ભાથું સરળ ભાષામાં પૂરું પડે તે આશયથી કરી રહ્યાં છે.

**વિચારબીજ અને પ્રક્રિયા**

આ સંયુક્ત પ્રકાશનનું વિચારબીજ 2004માં રોપાયું હતું. જેન્ડર સેન્સિટાઈઝેશનના આશયથી થતા ઘણા બધા તાલીમ કાર્યક્રમોમાં નારી આંદોલનના ઇતિહાસનો વિષય ભાગ્યે જ દેખાય છે. આવા માહોલમાં 2004માં અમદાવાદ ખાતે યોજાયેલ જેન્ડર મેઈનસ્ટ્રીમિંગ માટેની તાલીમ આપનારાઓની તાલીમ ટી.ઓ.ટી. (TOT) માટેના કાર્યક્રમમાં 'ઉન્નતિ'ના સ્થાપક ડાયરેક્ટર શ્રી બિનોય આચાર્યના આગ્રહથી એક સેશન નારી આંદોલન અંગે રાખવામાં આવ્યું હતું. 'સહિયર'નાં તૃપ્તિ શાહ દ્વારા વિષયની રજૂઆત કરવામાં આવી ત્યારે આ વિષય પરના તાલીમાર્થીઓ માટે ઉપયોગી થાય તેવા સાહિત્યની જરૂરિયાત મહેસૂસ થઈ. ફેબ્રુઆરી 2007માં ગુજરાતનાં વિવિધ સંગઠનોના પાયાના કાર્યકરો વચ્ચે ગુજરાતના નારી આંદોલનના 'ક્ષેત્રીય અનુભવો, નારીવાદી વિચારધારા અને આગામી રણનીતિઓ' અંગે યોજાયેલ પરિસંવાદ દરમ્યાન પણ આવા સાહિત્યની જરૂરિયાત વર્તાઈ હતી. નારી આંદોલનનો ઇતિહાસ દર્શાવતાં અભ્યાસપૂર્ણ પુસ્તકો અંગ્રેજી ભાષામાં લખાયાં છે અને સ્થાનિક ભાષાઓમાં પણ આ પહેલાં કેટલાંક મહત્ત્વનાં પ્રકાશનો થયાં છે. પરંતુ પાયાના કાર્યકરો સમજી શકે અને બીજાને સમજાવવામાં ઉપયોગ કરી શકે તેવા સાહિત્યની ખોટ સતત વર્તાતી હતી. પરંતુ અન્ય કામોના દબાણને કારણે તે કામ હાથ પર લઈ શકાતું નહોતું.

જૂન 2007માં ફરી એક વાર 'ઉન્નતિ' તરફથી પહેલ કરવામાં આવી અને દીપા સોનપાલ, ગીતા શર્મા તેમ જ તૃપ્તિ શાહે આ દિશામાં તાત્કાલિક નક્કર પગલાં ભરવા અંગે ચર્ચા કરી. શરૂઆતમાં 70થી 80 પાનાંની એક સચિત્ર પુસ્તિકા તૈયાર કરવાનો ખ્યાલ હતો પણ જેમ જેમ પુસ્તિકામાં શેનો સમાવેશ કરવો તેનો વિચાર કરતા ગયા અને અન્ય મિત્રો, મુરબ્બીઓ સાથે ચર્ચા કરતા ગયા તેમ તેમ કાળ અને સ્થળનો વ્યાપ, મુદ્દાઓ, વિગતો, વિશ્લેષણ વગેરે તમામ ઉમેરવું જરૂરી લાગ્યું. એકાદ બે મહિનામાં પૂરી કરવા ધારેલી પુસ્તિકા તૃપ્તિ શાહની નાદુરસ્ત તબિયત અને અનેક રોજિંદાં કામોની વચ્ચે એક વર્ષ કરતાં પણ વધારે સમયમાં ટુકડે ટુકડે લખાઈ. આ દરમ્યાન 'ઉન્નતિ'ના તમામ મિત્રોની ધીરજની રીતસરની કસોટી થઈ. પરંતુ સૌના ધીરજપૂર્વકના આગ્રહ અને સતત સહયોગના કારણે આખરે આ કામ પૂરું કરી શક્યા છીએ. આજે આ નાનકડી પુસ્તિકાનો વ્યાપ વધતાં વધતાં ચાર અલગ અલગ પુસ્તિકાની શ્રેણીમાં પરિણમ્યો છે.

### વિષય વસ્તુ અને રજૂઆત

પ્રથમ ભાગ, **'સ્ત્રી જીવન સંઘર્ષ : પ્રાચીન કાળથી ભક્તિ ચળવળ'**માં જેન્ડર, પિતૃસત્તા જેવી નારીવાદી વિભાવનાઓ ઉપરાંત પ્રાચીન કાળથી ભક્તિ ચળવળ સુધીના સમયનો સમાવેશ કર્યો છે. તેમાં ભારતની પિતૃસત્તાનું માળખું કઈ રીતે ઘડાતું ગયું તેની વાત છે. જ્ઞાતિપ્રથા તેમ જ પિતૃસત્તાના તાણાવાણા દ્વારા ઊભી થયેલ બ્રાહ્મણીય પિતૃસત્તાની આછી રૂપરેખા આપેલી છે. હિંદુ ધર્મના બ્રાહ્મણવાદ સામેના પડકાર રૂપે શરૂ થયેલ બૌદ્ધ ધર્મ તેમ જ ભક્તિ ચળવળની વાત અને તેમાં સ્ત્રીઓની ભૂમિકાનો ઉલ્લેખ કરેલો છે. આ સમયે ભારતમાં પ્રસરી રહેલા ઇસ્લામની વાત પણ કરી છે. ઇસ્લામની પહેલાં અરબસ્તાનમાં પ્રચલિત ધર્મની સરખામણીમાં ઇસ્લામમાં રહેલાં વધુ ઉદારમતવાદી પાસાંઓ આજે વ્યવહારમાં દેખાતાં નથી. આમ પિતૃસત્તા સામેના આ તમામ પ્રયત્નો પોતાના સ્થળ, કાળ અને જે તે સમયની આર્થિક, સામાજિક અને રાજકીય પરિસ્થિતિથી ઘડાયા હતા અને તેથી મર્યાદિત હતા તેની વાત કરે છે.

બીજો ભાગ, **'સ્ત્રી સમાનતા અને મતાધિકારઃ વિશ્વમાં નારી આંદોલન'**માં 19મી સદીમાં, સ્ત્રી સમાનતા અને મતાધિકાર માટે વિશ્વમાં થયેલ સંઘર્ષની વાત છે. 'દુનિયામાં કોઈ પણ મોટું પરિવર્તન સ્ત્રીઓના યોગદાન વગર શક્ય નથી બન્યું અને સ્ત્રી સમાનતાની લડતો પણ સમાજ પરિવર્તનના સંઘર્ષોની સાથે સાથે જ વિકસી છે' તેની છણાવટ આ ભાગમાં કરી છે. તેમાં પશ્ચિમના દેશોમાં સામંતવાદી વ્યવસ્થામાંથી મૂડીવાદી ઉત્પાદન પદ્ધતિ આવતાં સમાજ પરિવર્તનની લડતોની સાથે

સાથે સ્ત્રીઓના અધિકારોની લડતો કઈ રીતે વિકસી તેની વાત ઇંગ્લેંડમાં થયેલા ચાર્ટીસ્ટ આંદોલન, નવજાગૃતિકાળના વિચારકોનો સ્ત્રીઓ અંગેનો દૃષ્ટિકોણ, ફ્રાંસની ક્રાંતિ, અમેરિકાની ગુલામી-મુક્તિની ચળવળ, આંતરરાષ્ટ્રિય મહિલાદિનનો ઇતિહાસ અને રશિયાની મૂડીવાદ વિરોધી ક્રાંતિમાં સ્ત્રીઓના યોગદાન અને આ બધાનો સ્ત્રીઓના અધિકારો માટેની ચળવળ સાથેના સંબંધનો સમાવેશ કર્યો છે.

ત્રીજો ભાગ, **'સામાજિક સુધારણા અને સ્વતંત્રતાની ચળવળમાં સ્ત્રીઓ'**માં ભારતની સામાજિક સુધારાની અને ત્યારબાદ સ્વતંત્રતાની ચળવળના સમયગાળાનો સમાવેશ કર્યો છે. અંગ્રેજી શાસન સામેના 1857ના બળવામાં સ્ત્રીઓ અને ખાસ કરીને દલિત, આદિવાસી સ્ત્રીઓની ભૂમિકા, સુધારાની ચળવળમાં સુધારકો, પુનરુત્થાનવાદીઓ, અંગ્રેજો અને દલિત બહુજનસમાજના સુધારકો અને સાવિત્રીબાઈ ફૂલે કે પંડિતા રમાબાઈ જેવી સ્ત્રીઓની ભૂમિકા, શિક્ષણ અને સમાનતા માટે રકમાબાઈ, રુકૈયા સખાવત હુસૈન જેવી સ્ત્રીઓનો સંઘર્ષ, ભારતમાં સ્ત્રી સંસ્થાઓની શરૂઆત અને આઝાદીની લડતમાં અહિંસક સત્યાગ્રહ, ક્રાંતિકારી જૂથો અને આઝાદ હિંદ ફોજ એમ તમામ મોરચે સ્ત્રીઓએ આપેલ યોગદાનનો ખ્યાલ કેટલીક પ્રતિનિધિ સ્ત્રીઓની જીવનકથા દ્વારા રજૂ કરેલ છે. આઝાદીની લડતમાં ભાગ લીધા બાદ સ્વતંત્ર ભારતમાં સ્ત્રીઓને શું મળ્યું અને શું ના  મળ્યું તેનાં લેખાં-જોખાં કરેલ છે તેમજ 60-70ના દાયકામાં ઊભા થયેલા જનઆંદોલનની વાતનો સમાવેશ કરેલ છે.

ચોથા અને આખરી વિભાગ, **'નારીમુક્તિ આંદોલન: પ્રશ્નો અને પડકારો'**માં સમકાલીન નારી આંદોલનની પૂર્વભૂમિકા, તેની શરૂઆતનો સમય અને તાજેતરના પ્રશ્નો અને પડકારોને સમાવવાની કોશિશ કરી છે.

અત્રે એ સ્પષ્ટતા કરવી રહે કે આ શ્રેણીમાં પ્રાચીન કાળથી આજ સુધીના સમગ્ર ઇતિહાસને તપાસવાનો કોઈ આશય નથી અને જે હેતુથી આ શ્રેણી તૈયાર કરવામાં આવી છે તે માટે તેમ કરવું જરૂરી પણ નથી. આ શ્રેણીનો હેતુ ઉપર જણાવેલ વિસ્તૃત સમય દરમ્યાન ભારત અને વિશ્વમાં પિતૃસત્તાક વ્યવસ્થાના બદલાતા જતા સ્વરૂપ સામે વિવિધ તબક્કે સ્ત્રીઓએ કરેલા વિરોધ અને સંઘર્ષનો ખ્યાલ પાયાના કાર્યકરો સુધી પહોંચાડવાનો છે.

આ આશયથી શ્રેણીના જુદા જુદા ભાગમાં રજૂઆતની પદ્ધતિ અને વિગતોના ઊંડાણમાં થોડી વિવિધતા પણ છે. જેમ કે શ્રેણીની પ્રથમ પુસ્તિકામાં ભાષા અને રજૂઆત શક્ય તેટલી વધારે સરળ રાખવાની

કોશિશ કરી છે. બીજા ભાગમાં વિશ્વના નારી આંદોલનની વાત કરતી વખતે તે સમયના યુરોપની આર્થિક અને રાજકીય વ્યવસ્થા વિશેની વિગતો પ્રમાણમાં વધારે ઊંડાણથી આપી છે. કારણ કે આજે આપણે જે લોકશાહી અને સાર્વત્રિક મતાધિકારને સહજ રીતે મૂડીવાદી સમાજની દેણ માનીએ છીએ તે મેળવવા માટે કઈ રીતે સીમાંત સમૂહો અને ખાસ કરીને સ્ત્રીઓને મૂડીવાદના શરૂઆતના તબક્કામાં ઝઝૂમવું પડ્યું અને બલિદાનો આપવાં પડ્યાં તે સમજવા માટે તે સમયની પરિસ્થિતિ જાણવી જરૂરી છે. ભારતના વાચકો તેનાથી અપરિચિત હશે તેવું લાગતાં તે વિગતો વધારે વિસ્તારપૂર્વક આપેલી છે. જ્યારે તે જ સમયના ભારતના ઇતિહાસની પ્રાથમિક વિગતોથી વાચકો પરિચિત હશે તેમ માની તેમાં વધારે ભાર સ્ત્રીઓની ભૂમિકા પર આપ્યો છે.

ઉપરના ત્રણે ભાગમાં જે તે સમયના સંઘર્ષ અને પ્રશ્નો કેટલીક સ્ત્રીઓના પ્રેરણાદાયક જીવનકાર્યના ચિત્રો દ્વારા આપવાની પદ્ધતિ અપનાવી છે. જ્યારે ચોથા ભાગમાં 1970ના દાયકા પછીના આંદોલનની વાત કરતી વખતે જે તે મુદ્દાની આસપાસ રજૂઆતને ગૂંથી છે. પ્રત્યેક મુદ્દામાં તે અંગેની નારીવાદી સમજ, તેની સામે થયેલ વિરોધના મહત્ત્વના બનાવો અને તેનું વિશ્લેષણ આપવાની કોશિશ કરી છે કે જેથી વાચક પોતાના સંગઠન કે કાર્યક્ષેત્રમાં બનતા બનાવોને આ મુદ્દાઓ સાથે સાંકળીને પગલાં લઈ શકે.

**મર્યાદા અને અપેક્ષા**

આ શ્રેણીમાં નારી આંદોલનના તમામ મહત્ત્વના મુદ્દાઓ અને બનાવોને સમાવવાની કોશિશ કરી છે. તેમ છતાં કેટલાક મુદ્દાઓ રહી ગયા હોય અથવા સ્થળસંકોચને કારણે ન લઈ શકાયા હોય કે તેમને પૂરતો ન્યાય ન આપી શકાયો હોય તે શક્ય છે. પ્રત્યેક પુસ્તિકામાં સ્ત્રી-પુરુષ સમાનતા ઉપરાંત પ્રભુત્વ ધરાવનાર વર્ગ, જ્ઞાતિ અને ધર્મથી ઉપર ઊઠીને તમામ સીમાન્ત ઓળખ ધરાવતાં જૂથોના દૃષ્ટિકોણ અને તેમના અનુભવોનાં ઉદાહરણો રજૂ કરવાની કોશિશ કરી છે. તે અંગેનાં લખાણો વિશે અન્ય જાણકારોની મદદ તેમ જ અભિપ્રાય લીધો છે પરંતુ તેમ છતાં તમામ સીમાન્ત સમૂહોના અનુભવો અંગે અમારી સમજ અને માહિતીની મર્યાદાને કારણે ત્રુટિ રહી ગઈ હોય તો તે તરફ ધ્યાન દોરવા વિનંતી. પુસ્તિકામાં સમાવેલાં મુદ્દાઓ, ભાષા, રજૂઆત અને નહીં સમાવેલા મુદ્દાઓ વિશે પણ આપનાં સૂચનો, પ્રતિભાવો આવકાર્ય છે.

**દીપા સોનપાલ**
ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન

**તૃપ્તિ શાહ**
સહિયર (સ્ત્રી સંગઠન)

## પુસ્તિકા શ્રેણીનો ઉપયોગ

આ પુસ્તિકા શ્રેણી સ્ત્રીઓના તેમ જ વિકાસના પ્રશ્નો અંગે કામ કરતા પાયાના કાર્યકરોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. પાયાના કાર્યકરો માટે નારી આંદોલન અંગે પોતાની સમજ વિકસાવવા ઉપરાંત આ સમજને બહોળા સમુદાય સુધી લઈ જવા માટે મદદરૂપ થાય તેવા સાહિત્યની જરૂર પડે છે.

આ બંને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને શક્ય તેટલી સરળ ભાષામાં આ પુસ્તિકાઓ તૈયાર કરવામાં આવી છે. પુસ્તિકાઓના લખાણ ઉપરાંત કેટલાક મુદ્દાઓ અંગે વધારાના વાચનનો તેમ જ સમાવેલા મુદ્દાઓ અંગે વધારે જાણકારી મળી શકે તેવાં પુસ્તકોની યાદીનો પણ સમાવેશ કર્યો છે.

પુસ્તિકાઓનો અભ્યાસ કર્યા બાદ કાર્યકરો પોતાના કાર્યવિસ્તારના લોક-સમૂહોમાં પણ આ વિષયની રજૂઆત કરી શકે તે પ્રમાણે પુસ્તિકાનું આયોજન કર્યું છે. તેની રજૂઆત મહિલા સમૂહની મીટિંગમાં થતી ચર્ચા સ્વરૂપે કરવામાં આવેલી છે. સમૂહોની મીટિંગમાં 1 દિવસમાં એકથી દોઢ કલાક દરમ્યાન કાર્યકરોની મદદથી સમૂહવાચન થઈ શકે તે રીતે તેના વિભાગ પાડવામાં આવ્યા છે. મુદ્દાને અનુરૂપ ગીત, કાવ્ય વગેરેને સામેલ કરવાની કોશિશ કરી છે, જેથી સમૂહવાંચનના સેશનને રસપ્રદ બનાવી શકાય.

કાર્યકરોની સર્વગ્રાહી સમજ માટે તેઓ શ્રેણીની ચારેચાર પુસ્તિકાઓનું સંપૂર્ણ વાચન કરે તે જરૂરી છે પરંતુ સ્થાનિક સમૂહોમાં રજૂઆત કરતી વખતે જે તે સમૂહના સંજોગોને અનુરૂપ ન લાગે તેવા કેટલાક મુદ્દાઓ સમૂહ વાચનમાંથી બાકાત રાખી શકાય. જો કે, શ્રેણીની પ્રથમ પુસ્તિકામાં પાયાના ખ્યાલો રજૂ કર્યા હોવાથી પ્રત્યેક સમૂહ માટે તેનું સંપૂર્ણ વાચન આવશ્યક છે પરંતુ તે પછીની પુસ્તિકાઓમાંથી કાર્યકર સ્થાનિક સમૂહની જરૂરિયાત મુજબ નિર્ણય લઈ શકે છે.

પુસ્તિકામાં જણાવેલાં ઉદાહરણો ઉપરાંત સ્થાનિક કક્ષાએ વધુ પ્રચલિત હોય તેવાં ઉદાહરણો, ગીતોનો સમાવેશ કરી શકાય. દરેક દિવસ બાદ તે મુદ્દા પર સમૂહના સભ્યો સાથે ચર્ચા કરવી આવશ્યક છે. શક્ય છે કે સમૂહમાંથી સ્થાનિક કક્ષાએ વધારે પ્રચલિત હોય અને વધારે અસરકારક હોય તેવાં ઉદાહરણો, અનુભવ કે ગીતો બહાર આવે. ચર્ચામાંથી ઊઠેલા મહત્ત્વના મુદ્દા અને ઉદાહરણો, ગીતો વગેરે પ્રકાશન અર્થે મોકલવા વિનંતી કે જેથી ભવિષ્યમાં તેનો સમાવેશ કરી શકાય.



**સમૂહમાં વાંચતી વખતે અસરકારક રજૂઆત માટે મોટેથી વાંચનાર કાર્યકરો માટેનાં સૂચનોઃ**
પુસ્તિકામાં સાત મુખ્ય પાત્રો છે. દરેક પાત્રની લાક્ષણિકતાને સમજીને તેને અનુરૂપ લઢણથી સંવાદો બોલી શકાય તે માટે ટૂંકો પાત્ર પરિચય નીચે મુજબ છેઃ


***એકતાઃ*** મહિલા જૂથની અગ્રણી કાર્યકર છે. શિક્ષણ, વાંચન તથા સંઘર્ષના અનુભવો દ્વારા સ્ત્રીઓના પ્રશ્નો અંગે ઊંડી સમજ ધરાવે છે. મહિલા જૂથની સમજ વધારનાર તરીકેની ભૂમિકા ભજવે છે.

***શકરીઃ*** 40-45 વર્ષની સક્ષમ સ્ત્રી છે. હિંસાને કારણે પતિથી છૂટાછેડા લઈ બે સંતાનોને મહેનત કરી ઉછેરે છે. ખાસ ભણેલી નથી પરંતુ પિતૃસત્તા અને જ્ઞાતિપ્રથાનો સામનો કરવાના અનુભવોમાંથી સમાજવ્યવસ્થા અંગે સમજ કેળવી છે. હિમ્મત અને કોઠાસૂઝથી પ્રશ્નો કરી શકે છે.

***કમલાઃ*** 20-22 વર્ષની કોલેજમાં અભ્યાસ કરતી યુવતી છે. પોતાનાં માતા-પિતા-દાદી સાથે રહે છે. ભેદભાવ, અન્યાયને સહન કરી શકતી નથી. નવી વાતો જાણવા, સ્વીકારવા ઉત્સુક છે.

***રેશ્માઃ*** કમલાની બહેનપણી અને સમવયસ્ક છે. તેની સાથે અભ્યાસ કરે છે. સરળ અને ઉત્સાહી છે.

***આશાઃ*** 30-35 વર્ષની નોકરી કરતી શિક્ષિત સ્ત્રી છે. લગ્નજીવનમાં પતિની શંકા અને માનસિક ત્રાસ સામે ઝઝૂમી રહી છે.



***નીરુ:*** 40-50 વર્ષની વયની પ્રૌઢ સ્ત્રી છે. ગૃહિણી છે. પરંપરાગત વાતાવરણમાં ઊછરી છે અને સમાજનાં પ્રચલિત ધારા-ધોરણો, રીત-રિવાજમાં માને છે પરંતુ તેના કરતાં જુદી વાત સાંભળવાની તૈયારી છે.

***ફરઝાના:*** 30-35 વર્ષની વયની સ્ત્રી છે. ગૃહિણી છે અને તે પણ પરંપરાગત વાતાવરણમાં ઊછરી છે પરંતુ નવી વાતો સમજવાની તૈયારી છે.

- જો દરેક પાત્રના સંવાદો અલગ અલગ કાર્યકરો રજૂ કરે તો ખૂબ સારું. પરંતુ તે શક્ય ન હોય તો એક અથવા વધારે કાર્યકરો રજૂઆત કરી શકે.
- જો સમૂહમાં અસરકારક રીતે વાંચી શકે તેવા સભ્યો હોય તો કેટલાક પાત્રોના સંવાદો સમૂહના સભ્યોને વાંચવાનું કહી શકાય.
- જે ભાગનું વાંચન કરવાનું હોય તે કાર્યકરોએ અગાઉથી વાંચીને સમજી લેવો.
- મોટે ભાગે સરળ ભાષા અને શબ્દોનો પ્રયોગ કરેલ છે પરંતુ તેમ છતાં કોઈ અજાણ્યા શબ્દ હોય તો તે શબ્દોના અર્થ અને સ્પષ્ટ ઉચ્ચાર જાણી લેવા.
- જ્યાં જરૂરી લાગે ત્યાં પુસ્તિકામાં આપેલાં ઉદાહરણો-ગીતોને બદલે સ્થાનિક કક્ષાએ વધુ અસરકારક ઉદાહરણો કે ગીતો ઉપલબ્ધ હોય તો તે શોધી મીટિંગ પહેલાં તૈયાર રાખવાં.

# અંગ્રેજી શાસન:
# 1857ના બળવામાં દલિત, આદિવાસી સ્ત્રીઓ

**દેશ-વિદેશની સ્ત્રીઓના સંઘર્ષનો ઇતિહાસ આપણી પ્રેરણા છે...**

*ફરઝાના:* એકતાબહેન, આજે આપણે ભારતની ઓરતોના આંદોલન વિશે વાત કરવાના છીએ પણ નીરુબહેન અને શકરીબહેન તો હજુ આવ્યાં નથી.

*કમલા:* આપણે થોડીવાર તેમની રાહ જોઈએ.

*રેશ્મા:* હા, ખાસ કોઈ કારણ ન હોત તો તેઓ જરૂર સમયસર આવી ગયાં હોત.
(એટલી વારમાં નીરુબહેન અને શકરીબહેન આવે છે. બન્ને ગુસ્સામાં છે.)

*નીરુ:* (પોતાનો ઉકળાટ ઠાલવતાં કહે છે), બળ્યા આ કુટુંબીઓ અને નાત-જાતના લોકો...

*આશા:* અરે નીરુબહેન, આજે તમે કુટુંબ અને નાત-જાત પર ગુસ્સો કરો છો? આ તો નવાઈની વાત કહેવાય! પણ આ શકરીબહેનની આંખો સૂઝેલી કેમ છે?

*નીરુ:* શું વાત કરું તમને... હું પરવારીને તૈયાર થતી હતી એટલામાં શકરીનો છોકરો દોડતો દોડતો મને તેડવા આવ્યો. કહે કે, માસી જલદી ચાલો, મારા મોટા કાકા આવ્યા છે. બહુ બોલાચાલી થઈ ગઈ છે ને મા તમને બોલાવે છે. મેં શકરીના ઘેર જઈને જોયું તો જાણે મોટું મહાભારત મંડાયું હતું.

*શકરી:* બહેનો, આજે સાત સાત વર્ષોથી મેં એકલે હાથે છોકરાં ઉછેર્યાં, કોઈ જોવા પણ નો'તું આવતું કે અમે જીવીએ છીએ કે મરી ગયા. આજે અચાનક મારા મોટા જેઠ નાતના બે માણસોને લઈને આવ્યા અને કહેવા લાગ્યા કે મારી હંસાની સગાઈ નક્કી થઈ ગઈ છે. ઘર-વર બધું સારું છે અને આવતે અઠવાડિયે તેઓ સગાઈ કરવા આવશે... આ સાંભળીને હું તો ઊકળી પડી ને હંસા તો રડવા જ લાગી.

*ફરઝાના:* અરે! પણ આ તો કોઈ રીત છે? છોકરી તમારી ને સગાઈ એ લોકો કેવી રીતે નક્કી કરી આવ્યા?

*શકરી:* મેં એમ જ કહ્યું તો મોટે મોટેથી મને ધમકાવવા લાગ્યા કે છૂટા થઈ ગયા તેથી શું થયું? છોકરીને પૈણાવવાની ચિંતા તો અમારે કરવી જ પડે ને! એમ અમારો હક્ક કંઈ થોડો જતો રહે... આ છોકરાં તો અમારું જ લોહી કહેવાય..

*કમલા:* અરે જનમ તો શકરીબહેને પોતાના લોહી-માંસમાંથી આપ્યો, ઉછેર્યાં પણ તેમણે જ. તો પછી એમનું લોહી કઈ રીતે થઈ ગયું!

*શકરી:* મેં કહ્યું, હજુ તો છોકરી નાની છે ને ભણે છે. મારે તેને ભણાવવાની છે. તો કહે, આપણી નાતમાં તો છોકરાય ખાસ ભણતા નથી પછી છોકરીની જાતને ભણાવીને શું કરવાનું?

*નીરુ:* મેં તો તેમને સંભળાવી દીધું કે છોકરીની જાત ને છોકરાની જાતમાં કોઈ મોટો ફરક નથી. ભગવાને છોકરી ને છોકરાને સરખું જ દિમાગ આપ્યું છે. જો ભગવાને ફરક નથી કર્યો તો તમે કોણ ફરક કરવા વાળા? હંસાને પણ હક્ક છે ભણી ગણીને આગળ વધવાનો...

બધા: વાહ નીરુબહેન વહા! (તાળી પાડી તેમને વધાવી લીધાં)

*શકરી:* હા, આજે નીરુબહેનનો સાથ ન મળ્યો હોત તો હું મારા નાતીલાઓ સાથે લડવામાં એકલી પડી જાત. હમણા તો મારી



હંસાને નીરુબહેનની ઘેર તેમની છોકરી પાસે મૂકીને અહીં આવી છું જેથી તેનું મન હલકું થાય.

*એકતા:* શાબાશ નીરુબહેન, શકરીબહેન, તમે ઘણી જ હિમ્મત કરી. અમે બધા તમારી સાથે જ છીએ. પણ મને ખાસ આનંદ એ વાતનો થાય છે કે પહેલા તબક્કામાં આપણે જે ચર્ચા કરી તે ખરેખર તમારા બધાના ગળે ઊતરી ગઈ છે.

*ફરઝાના:* હા જ તો વળી, અમને બરોબર સમજાઈ ગયું છે કે ઈશ્વર, અલ્લાહ કે પછી કુદરતે તો સ્ત્રી-પુરુષને સરખાં જ બનાવ્યાં છે. માત્ર પ્રજનનતંત્રમાં જ તફાવત આપ્યો છે. પછી આપણે શું કામ ઊતરતાં હોઈએ! આજે આપણી જિંદગી તો અડધી જતી રહી પણ સમાજ આપણી છોકરીઓની જિંદગી ના બગાડે તે માટે તો લડી જ લઈશું.

*આશા:* સાચી વાત. આપણે પહેલા વિભાગમાં એ જોયું જ છે કે સમાજે કઈ રીતે સ્ત્રી-પુરુષ વચ્ચે ગુણો, કામ અને પછી અધિકારોના ભેદભાવ ઊભા કર્યા અને પિતૃસત્તાક વ્યવસ્થા વડે તેને કાયમ બનાવી દીધા.

*કમલા:* અને એ પણ જોયું કે કઈ રીતે પ્રાચીન કાળમાં ગાર્ગી, મૈત્રેયી, સીતા કે દ્રૌપદી જેવી સ્ત્રીઓએ અન્યાયનો વિરોધ કર્યો હતો.

*શકરી:* મનુ મહારાજે કેવી રીતે પુરુષોની સત્તા અને નાતજાતના ભેદભાવોની ભેળસેળ કરી ને કહેવાતી નીચલી નાતના લોકોને અને સ્ત્રીઓને કઈ રીતે ઊતરતાં કરી મૂક્યાં, ભણવાનો હક્ક પણ ના આપ્યો તે પણ આપણે સમજ્યા.

*રેશ્મા:* આ ધર્મના નામે ચાલતા ઊંચનીચના ભેદભાવો અને અંધશ્રદ્ધા સામે પડકાર તરીકે કઈ રીતે બૌદ્ધ ધર્મ અને ઇસ્લામની શરૂઆત થઈ હતી તેની વાત જાણી.

*નીરુ:* અને મીરાંબાઈ અને તેમના જેવાં બીજાં પેલાં...

*એકતા:* અક્કા મહાદેવી, જાનબાઈ, લાલદે, ગંગાસતી...

*નીરુ:* હા, એ બધીયે ભક્ત સ્ત્રીઓએ ભક્તિ યુગમાં નાત, જાત અને કુળની મર્યાદાઓ સામે અવાજ ઉઠાવ્યો તેની વાત પણ સાંભળી.

*શકરી:* તો પછી એકતાબહેન, આ બધી વાતોમાંથી અમે કંઈ શીખ્યાં જ ન હોઈએ તો જાણે પત્થર પર પાણી જેવું જ થાય ને?

*ફરઝાના:* સાચી વાત. આપણા દેશની જ નહીં, પરદેશની બહેનો પાસેથી પણ આપણે કેટકેટલું શીખ્યા!

*એકતા:* બરોબર. બીજા વિભાગમાં આપણે સ્ત્રી સમાનતા અને મતાધિકાર માટે દુનિયાના દેશોમાં થયેલી લડત વિશે જોયું. તેની વાતો થોડી યાદ કરી લઈએ.

*કમલા:* બીજા વિભાગમાં સૌથી પહેલાં તો આપણે એ જોયું કે કઈ રીતે યુરોપના દેશોમાં નવજાગરણ યુગ તેમ જ ઔદ્યોગિક ક્રાંતિની સાથે સાથે સામંતવાદી વ્યવસ્થામાંથી મૂડીવાદી વ્યવસ્થાનો વિકાસ થયો.

*આશા:* અને મૂડીવાદના શોષણ સામે કામદારોએ યુનિયનો બનાવ્યાં તેમજ મતાધિકાર માટે પણ લડત કરી.

*રેશ્મા:* જ્યારે અમે આશાના વર સાથે આ વાતની ચર્ચા કરી ત્યારે જ તેને ખબર પડી કે લોકશાહી અને કામદાર યુનિયનના વિચારો પણ પશ્ચિમના દેશોમાંથી જ આવ્યા છે.

*કમલા:* અમે તેમને તે પણ જણાવ્યું કે ઈંગ્લેંડમાં મત આપવાના સામાન્ય અધિકાર માટે પણ સામાન્ય લોકો, કામદારો અને સ્ત્રીઓએ કઈ રીતે લડવું પડ્યું હતું.

*આશા:* અરે! કેટલા દાખલા-દલીલો આપ્યા ત્યારે તેમની આંખો ખૂલી.

*એકતા:* ખૂબ સરસ. એ ઉપરાંત આપણે ફ્રાંસની ક્રાંતિમાં સ્ત્રીઓના સહભાગની વાત કરી હતી.

*નીરુ:* હા. તેમાં તો પેલી બહેનને ફાંસીને માંચડે પણ ચડાવી દીધી હતી, નહીં!

*એકતા:* બરોબર. સ્ત્રીઓના અધિકારોનું ઘોષણાપત્ર લખનાર ઓલમ્પી ડી. ગોજીસને મૃત્યુદંડ આપવામાં આવ્યો હતો.

*ફરઝાના:* આપણે સમાજ બદલવા માટેની વાતો કરનાર કેટલા બધા વિચારકોના વિચાર જાણ્યા!

*રેશ્મા:* નારીવાદનું પ્રથમ ઘોષણાપત્ર આપનાર મેરી વોલસ્ટોન ક્રાફ્ટ, સહકારનો સિદ્ધાંત આપનાર રોબર્ટ ઓવન અને તેની સાથીદાર અન્ના વ્હીલરની વાત જાણી. કાર્લ માર્કસ અને મહિલા દિનની શરૂઆત કરનાર કાપડ સૂતરની મિલોના કામદારો અને ક્લેરા ઝેટકીનની વાત પણ જાણી.

*આશા:* અરે એ પહેલાં તો અમેરિકામાં ગુલામોની મુક્તિ અને સ્ત્રીઓના અધિકાર માટે લડતી બહેનો વિશે વાત કરી હતી તેમનાં નામ...

*એકતા:* ફેની રાઈટ, એલીઝાબેથ સ્ટેનટોન અને લ્યુક્રેશિયા મોટ.

*શકરી:* અને રશિયામાં રોટી અને શાંતિ માટે સ્ત્રી કામદારોએ મહિલા

દિને શરૂ કરેલ આંદોલનમાંથી ક્રાંતિની શરૂઆત થઈ તેની વાત પણ કરી.

*નીરુ:* આ બધી બહેનોની વાત જાણીને એક વાત સમજાઈ ગઈ કે દુનિયા બદલવા માટેની બધીય લડતોમાં સ્ત્રીઓએ કેટલો આગળ પડતો ભાગ ભજવ્યો છે.

*એકતા:* ખૂબ સરસ. ટૂકમાં કહીએ તો... આપણે જોયું કે 19મી સદીમાં અલગ અલગ દેશની બહેનોના મતાધિકાર માટેના, ગુલામીની નાબૂદી માટેના કે કામની સારી પરિસ્થિતિ માટેના સંઘર્ષો દ્વારા આખી દુનિયામાં સ્ત્રીઓના પ્રશ્નો કેન્દ્રસ્થાને આવ્યા.

*રેશ્મા:* પણ જ્યારે આખી દુનિયાની સ્ત્રીઓ આ બધા સંઘર્ષો કરતી હતી ત્યારે ભારતની સ્ત્રીઓ શું કરતી હતી?

*એકતા:* ભારતમાં પણ 19મી સદીમાં સુધારાની ચળવળ દરમ્યાન સ્ત્રીઓના પ્રશ્નો સપાટી પર આવ્યા અને મહત્ત્વના બન્યા.

*શકરી:* એવું કઈ રીતે બન્યું તે અમને કહો.

*એકતા:* આપણે જાણીએ છીએ તેમ સ્ત્રીઓના પ્રશ્નો આખા સમાજની પરિસ્થિતિ સાથે સંકળાયેલા છે તેથી પહેલાં હું ભારતની પરિસ્થિતિ વિશે વાત કરીશ.

## 19મી સદીનું ભારત

18મી અને 19મી સદીની વાત કરીએ તો તે સમયે ભારત પર અંગ્રેજોનું રાજ હતું. યુરોપના બજારમાં ભારતનાં મરી-મસાલા, કાપડ, હસ્તકલાની ચીજો વગેરેની ખૂબ માંગ રહેતી. તેથી ઇસ્ટ ઇન્ડિયા કંપનીને નામે અંગ્રેજો ભારતમાં વેપાર કરવા આવ્યા હતા અને પછીથી રાજા બની બેઠા.

*ફરઝાના:* પણ તે વખતે ભારતના લોકોએ તેમનો વિરોધ કર્યો ન હતો?

*કમલા:* કર્યો જ હતો ને. તમે 1857ના બળવા વિશે નથી સાંભળ્યું?

*આશા:* બળવો કે ભારતની સ્વતંત્રતા માટેનો પહેલો સંગ્રામ?

*એકતા:* કેટલાક અંગ્રેજ લેખકો તેને સિપાઈઓનો બળવો કહે છે તો કેટલાક રાષ્ટ્રવાદી લેખકો તેને ભારતની સ્વતંત્રતા માટેનો પહેલો સંગ્રામ કહે છે. પણ હકીકતમાં તો અંગ્રેજોના આવતાં પહેલાં ભારત જેવા કોઈ એક સળંગ દેશનું અસ્તિત્વ જ ન હતું.

*નીરુ:* એટલે?

*એક્તા:* અંગ્રેજોના આવતાં પહેલાં જેને આપણે આજે ભારત તરીકે ઓળખીએ છીએ તે ભૂમિખંડ અનેક અલગ અલગ રાજા-રજવાડાં અને નવાબોમાં વહેંચાયેલો હતો. 17મી સદીના અંત

સુધી દિલ્હીના શક્તિશાળી મોગલ સામ્રાજ્યનું રાજ ઘણા મોટા વિસ્તારમાં હતું. આ પ્રદેશોમાં વેપાર કરવા માટે અંગ્રેજ કંપનીને મોગલ સમ્રાટ કે તેમના સૂબાઓને વિનંતી કરવી પડતી. પરંતુ 18મી સદીની શરૂઆતમાં મોગલ સામ્રાજ્યની પડતી થઈ અને ફરી પાછા બધા પ્રદેશો અલગ અલગ રાજા-રજવાડાંમાં વહેંચાઈ ગયા. આ બધાં રજવાડાંઓ પોતાનું રાજ વધારવા સતત એકબીજા સાથે ધીંગાણાં અને યુદ્ધો કરતાં રહેતાં.

આ પરિસ્થિતિનો લાભ ઉઠાવી અંગ્રેજોએ સામ-દામ-દંડ-ભેદની નીતિથી મોટા ભાગનાં રાજ્યો પર પોતાની સત્તા જમાવી દીધી.

*રેશ્મા:* બરોબર, અમે સાંભળ્યું છે કેટલાક રાજાઓ, નવાબો, જાગીરદારો વગેરે પોતાનું રાજ બચાવવા માટે 1857ના બળવામાં જોડાયા હતા. તેમનામાં રાષ્ટ્રપ્રેમ અને એકતાનો અભાવ હતો તેથી આ બળવો સફળ ન થયો.

*નીરુ:* તો શું અંગ્રેજોના રાજમાં સામાન્ય લોકોને કોઈ અસર નહોતી થઈ? તેઓ અંગ્રેજો સામેના બળવામાં જોડાયા હતા કે નહીં?

*ફરઝાના:* અને સ્ત્રીઓ... તેમાં સ્ત્રીઓ પણ જોડાઈ હતી?

*કમલા:* સ્ત્રીઓ તો જોડાઈ જ હતીને! તમે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની વાત નથી સાંભળી? અને પેલી પ્રખ્યાત કવિતા "ખૂબ લડી મર્દાની વો તો ઝાંસી વાલી રાની થી..."

*એકતા:* સામાન્ય લોકો અને સ્ત્રીઓ બંને જોડાયાં હતાં. કારણ કે અંગ્રેજોની નીતિની સૌથી ખરાબ અસર તો કારીગરો, ખેડૂતો અને આદિવાસીઓ પર થઈ હતી.

*શકરી:* એ કઈ રીતે?

*એકતા:* આપણે અગાઉ ચર્ચા કરી છે તે મુજબ તમે જાણો છો કે ઇંગ્લેંડમાં ઔદ્યોગિક ક્રાંતિ થઈ હતી. ઔદ્યોગિક ક્રાંતિને કારણે ઇંગ્લેન્ડમાં કારખાના પદ્ધતિથી ખૂબ ઉત્પાદન થવા માંડ્યું હતું. તેથી હવે તેમને ભારતમાં બનેલી ચીજવસ્તુઓની નહીં પરંતુ ઇંગ્લેન્ડનાં કારખાનાંઓ માટે કાચા માલની અને તેમાં બનાવેલી ચીજવસ્તુઓ વેચવા બજારની જરૂર હતી. તેથી તેમણે કાચો માલ સસ્તા ભાવે ખરીદવા અને પાકો માલ ભારતનાં બજારોમાં વેચવા ભારતના અર્થતંત્રને, ખેડૂતોને, કારીગર વર્ગને દબાવી, નીચોવી, પાયમાલ કરી દીધા.

*આશાઃ* અંગ્રેજોએ એવું કઈ રીતે કર્યું?


*એકતાઃ* અંગ્રેજોએ ભારતના કારીગરો પર એવા કરવેરા નાખ્યા કે જેથી તેમનો બનાવેલો માલ મોંઘો અને ઇંગ્લેન્ડથી આવેલો માલ સસ્તો પડે. આમ ભારતના કારીગરો બેકાર થયા.

*ફરઝાનાઃ* ને ખેડૂતો?

*એકતાઃ* જમીન પર વેરા ઊઘરાવવાની એવી પદ્ધતિ દાખલ કરી કે જેમાં વેરા ઊઘરાવનાર જમીનના માલિક બની ગયા અને જમીન ખેડનાર વેરા ભરી-ભરીને પાયમાલ થઈ ગયા. આદિવાસીઓના જંગલ પરના અધિકાર અને સ્વતંત્રતા છીનવાઈ ગયા અને તેથી જ 1857ના બળવામાં જ નહીં, તેની પહેલાં પણ અનેક આદિવાસી વિસ્તારોમાં થયેલ બળવાઓએ અંગ્રેજોનો જબરજસ્ત મુકાબલો કર્યો હતો.

*રેશ્માઃ* પણ આ વાત તો અમે જાણતાં જ નથી.


*એકતાઃ* કારણ કે આપણે આગળ જોયું તેમ ઇતિહાસમાં કેટલીક વાતો, કેટલાક બનાવો અને કેટલીક વ્યક્તિઓને ખૂબ જ મહત્ત્વ અપાયું છે જ્યારે ઘણા બધા સામાન્ય લોકો અને સ્ત્રીઓની વાતો ખાસ બહાર આવી નથી. જેમ કે રાણી લક્ષ્મીબાઈનું નામ ઘર ઘરમાં જાણીતું થયું પણ તેનો વેશ પહેરી અંગ્રેજોને



હંફાવનાર વીરાંગના ઝલકારીબાઈની વાત ભાગ્યે જ કોઈ જાણે છે.

**ઝલકારીબાઈ**

ઝલકારીબાઈનો પરંપરાગત વ્યવસાય વણાટકામનો હતો. તેમના પતિ ઝાંસીના લશ્કરમાં સૈનિક હતા. સ્વભાવે બહાદુર એવાં ઝલકારીબાઈ પતિ પાસે શસ્ત્રો ચલાવતાં પણ શીખ્યાં હતાં. તેમના શરીરનો બાંધો અને ચહેરો મહોરો રાણી લક્ષ્મીબાઈને મળતો આવતો હતો. તે બંને વચ્ચે સખીપણાં થઈ ગયાં હતાં. જ્યારે લક્ષ્મીબાઈ અંગ્રેજો સામે યુદ્ધે ચડ્યાં ત્યારે સ્ત્રીઓના લશ્કર 'દુર્ગા દળ'ની આગેવાની ઝલકારીબાઈએ કરી હતી. યુદ્ધના છેલ્લા તબક્કામાં લક્ષ્મીબાઈ અંગ્રેજોના ઘેરામાંથી સલામત રીતે છટકી જઈ શકે તે માટે ઝલકારીએ લક્ષ્મીબાઈનો વેશ પહેર્યો. આ દરમ્યાન યુદ્ધમાં તેમના પતિનું મૃત્યુ થયાના ખબર મળતાં જ ઘવાયેલી વાઘણની જેમ તેઓ યુદ્ધક્ષેત્રમાં ફરી વળ્યાં અને અનેક સૈનિકોને મોતને ઘાટ ઉતાર્યા. લાંબા સમય સુધી તેમણે લક્ષ્મીબાઈના વેશમાં અંગ્રેજોને ગુમરાહ કર્યા અને અંતમાં શહીદી વહોરી.



*કમલા:* ઝલકારીબાઈ! શું તે પણ કોઈ રાણી હતી?

*એકતા:* ના. ઝલકારીબાઈ એક દલિત સ્ત્રી હતી અને દલિત સાહિત્યમાં તેમના વિશે અનેક કવિતાઓ, નવલકથાઓ અને જીવનચરિત્રો પણ લખાયાં છે.

*શકરી:* વાહ! ઝલકારીબાઈ, તમને લાખ લાખ પ્રણામ! એકતાબહેન તમને ઝલકારીબાઈનું ગીત ખબર હોય તો અમને સંભળાવો.

*એકતા:* તો સાંભળો...

ખૂબ લડી ઝલકારી તું તો, તેરી એક જવાની થી.
દૂર ફીરંગી કો કરને મેં વીરોમેં મર્દાની થી.
હર બાલા કે મુંહ સે સૂન હમ તેરી યેહ કહાની થી.
રાની કી તૂ સાથિન બન કર, ઝાંસી ફતહ કરાની થી.
દાતિયા ફાટક રોંદ ફીરંગી, આગે બઢ ઝલકારી થી.
કાલી રૂપ ભયંકર ગર્જન માનો કડક દામિની થી.
કોઈ ફીરંગી આંખ ઉઠાયે ધડ સે શીશ ઉતારી થી
હર બાલા કે મુંહ સે સૂને હમ રુપ ચંડીકા પાની થી.
ખૂબ લડી ઝલકારી તૂ તો, તેરી એક જવાની થી.

*ફરઝાના:* અમે સાંભળ્યું છે કે 1857ના બળવામાં હિંદુ-મુસલમાન સાથે મળીને લડ્યા હતા. તો શું મુસલમાન સ્ત્રીઓએ પણ આ સંગ્રામમાં ભાગ લીધો હતો?

*એકતા:* સાચી વાત. 1857ના બળવામાં હિંદુ-મુસલમાન સિપાઈઓ અને સામાન્ય જનતા સૌ સાથે મળીને લડ્યા હતાં. સંગ્રામની આગેવાનીમાં તેના મુખ્ય નેતાઓ નાના સાહેબ પેશ્વા, તાત્યા ટોપે, રાવ તુલારામની સાથે ખાન બહાદુર ખાનનું નામ પણ લેવાય છે અને આ સંગ્રામની આગેવાની બધાએ સર્વાનુમતે દિલ્હીના મોગલ બાદશાહ બહાદુરશાહ ઝફરને આપી હતી. જ્યારે બળવો કચડી નાંખવામાં આવ્યો ત્યારે અંગ્રેજોએ તેમને રંગૂનમાં દેશનિકાલની સજા આપી. એ જ રીતે સ્ત્રીઓની વાત કરીએ તો ઔધના નવાબ વાજીદઅલી શાહની બેગમ હજરત મહલ અને તેની સાથી ઉદાદેવીનાં નામ આપણે ભૂલી શકીએ નહીં.

## બેગમ હજરત મહલ અને ઉદાદેવી

*એકતા:* અંગ્રેજોએ ઔધના નવાબને દેશવટો આપ્યો પણ બેગમ હજરત મહલે તેમની સાથે સમાધાન ન કર્યું. તેમની આગેવાનીમાં સ્ત્રીઓના લશ્કરે આઠ આઠ મહિનાઓ સુધી અંગ્રેજોને હંફાવ્યા હતા. આ લશ્કર વિશે અંગ્રેજ ઇતિહાસકારોએ જે કેટલીક વાતો નોંધી છે તે આશ્ચર્યજનક છે. કહે છે કે આ લશ્કરમાં એમેઝોનની હબસી સ્ત્રીઓ પણ જોડાયેલી. લખનૌના એક ગામડામાં જન્મેલી ઉદાદેવી કે જે જાગરાણીના નામે પણ ઓળખાતી, તેણે આ લશ્કરમાં એક લડાયક સ્ત્રીઓની ટુકડીની આગેવાની કરેલી. જ્યારે અંગ્રેજોએ લખનૌમાં સિકંદરબાગ પર

હુમલો કર્યો ત્યારે તેમને આ દલિત સ્ત્રીઓના લશ્કરનો સામનો કરવો પડ્યો હતો. ઉદાદેવીએ પીપળાના ઝાડ પર ચડીને 36 જેટલા અંગ્રેજ સૈનિકોને ગોળીના નિશાન બનાવ્યા. અંગ્રેજ ઇતિહાસકારો નોંધે છે કે જ્યાં સુધી ઉદાદેવીનું મૃત્યુ ન થયું ત્યાં સુધી તેમને ખબર પણ ન પડી કે તેઓ સ્ત્રીઓના લશ્કર સામે લડી રહ્યા છે. જ્યારે ઉદાદેવી ગોળીનો શિકાર બની શહીદ થયાં ત્યારે તેમની વીરતાથી પ્રભાવિત થયેલા અંગ્રેજ ઓફિસર કેમ્પબેલે પોતાનો ટોપો ઉતારી ઉદાદેવીને સલામી આપ્યા વગર રહી ન શક્યા.

આવી તો અનેક સામાન્ય સ્ત્રીઓના બલિદાનની વાતો આપણા ઇતિહાસમાં બનેલી છે. કાનપુરની અઝીઝુન નિશા નામની ગણિકાની વાત દ્વારા હું તમને ગણિકા તરીકે ઓળખાતી ગાયન વાદનનું કામ કરતી સ્ત્રીઓના બલિદાનનું પણ એક ઉદાહરણ આપીશ.

*નીરુ:* તે વેશ્યાઓને પણ દેશદાઝ હતી?

*એકતા:* આપણા સમાજમાં "વેશ્યા" શબ્દ જાણે ગાળ તરીકે વપરાય છે. જાતીયતા વેચનાર સ્ત્રીઓને નૈતિકતાની દૃષ્ટિએ જોઈને ખૂબ નીચું સ્થાન આપવામાં આવે છે. પરંતુ એને પણ એક વ્યવસાય તરીકે જ જોવો જોઈએ, તેવો એક મત છે. આપણે ક્યારેક તેની વિગતે ચર્ચા કરીશું. જો કે ગણિકા એટલે ગાયન, વાદન, નૃત્યનો વ્યવસાય કરનાર સ્ત્રીઓ. તેઓ વેશ્યા વ્યવસાયમાં જોડાયેલી સ્ત્રીઓ કરતાં અલગ હતી. સંસ્કૃતિ, સંગીત, નૃત્યના વારસાને જાળવી રાખવામાં તેમનો ફાળો મહત્ત્વનો હતો. વળી અન્ય સ્ત્રીઓની જેમ માન-મર્યાદામાં રહેવાની ફરજ ન હોવાથી તેઓ રાજકારણ અને દેશના વાતાવરણથી પરિચિત હતી. અંગ્રેજોએ એક એવો કાયદો પસાર કર્યો કે જેથી તેમના વ્યવસાય પર અને સ્વતંત્રતા પર અનેક નિયંત્રણો આવે. આ નવા કાયદા દ્વારા ગણિકાઓને વેશ્યાનો દરજ્જો આપી તેમની અવહેલના કરી તેથી તેઓ છંછેડાયેલી પણ હતી. કાનપુરની અઝીઝુન નિશાએ કાનપુરના બળવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી અને શહીદી વહોરી હતી.

*શકરી:* પણ તમે આદિવાસીઓની વાત તો કરી જ નહીં.


*એકતા:* અરે, આદિવાસીઓએ તો 1857નો સંગ્રામ શરૂ થાય તે પહેલાં જ અનેકવાર અંગ્રેજો સામે બળવો પોકારી દીધો હતો.

અનેક આદિવાસી વિસ્તારોમાં પોતાની સત્તા જમાવવા માટે અંગ્રેજોને ભારે ખુવારી વેઠવી પડી હતી.

*આશા:* પણ અંગ્રેજોના આવવાથી આદિવાસીઓની જિંદગીમાં કઈ રીતે ફરક પડ્યો?

### અંગ્રેજ શાસન અને આદિવાસી

*એકતા:* અંગ્રેજોએ દાખલ કરેલી નવી આર્થિક વ્યવસ્થાએ વિવિધ વિસ્તારોમાં રહેતા આદિવાસીઓનાં જીવન જ ખોરવી નાંખ્યાં હતાં. આદિવાસીઓ સામૂહિક જીવન જીવતા હતા. જંગલોમાં ફરતી ખેતી કરતા, શિકાર અને જંગલની પેદાશો પર નભતા હતા. તારું મારું કે માલિકીની ભાવના જ તેમનામાં ન હતી. પહાડની સૂકી જમીન પર આજે અહીં ખેતી કરે તો થોડાં વર્ષો પછી બીજી જગ્યાએ ચાલ્યા જાય. તેઓ જમીન પર કોઈની માલિકી હોય તેવું વિચારતા જ ન હતા. અંગ્રેજોએ જમીનનું મહેસૂલ ઊઘરાવવા કેટલાકને જમીનના માલિકો બનાવી દીધા અને બીજાને તેમના ગણોતિયા બનાવી દીધા. આમ જમીનદારો માલિક બની ગયા અને શાહુકારો પણ બની ગયા. અંગ્રેજોને મહેસૂલ આપવા આદિવાસીઓનું શોષણ કરવા લાગ્યા. તેમની જમીનો છીનવાઈ જવા લાગી. અંગ્રેજોએ જંગલના કાયદામાં પણ ફેરફાર કર્યા અને જંગલને સરકારની માલિકીનું જાહેર કરી દીધું. તેમાંથી કંઈ પણ લેવાની, ખેતી



કરવાની મનાઈ ફરમાવી દીધી. આમ જંગલના મૂળ વસનારાઓને તેમના પોતાના જ જંગલમાં જાણે કે ચોર અને ગુનેગાર જાહેર કરી દીધા!

*નીરુ:* તો શું તેમણે આદિવાસીઓને જંગલમાંથી હાંકી કાઢ્યા?

*એકતા:* ના. આદિવાસીઓને જંગલમાંથી કાઢે તો જંગલનાં લાકડાં કાપવાનું અને તેને રસ્તા સુધી પહોંચાડવાની ભારે મજૂરીવાળું કામ કોણ કરે? અંગ્રેજોને તો લાંબી લાંબી રેલવેલાઈનોના પાટા નાંખવા ખૂબ લાકડાં જોઈતાં હતાં. જંગલની પેદાશો એકઠી કરવા પણ મજૂરોની જરૂર હતી. તેથી અંગ્રેજોએ આદિવાસીઓને જંગલમાં રહેવા દેવાના બદલામાં મફતના ભાવે મજૂરી કરવા માટે મજબૂર કર્યા. આથી અંગ્રેજો, તેમના નીમેલા જમીનદારો, શાહુકારો અને વ્યાપારીઓના શોષણથી પીડાતા આદિવાસીઓ વારંવાર બળવા કરતા.

*રેશ્મા:* આવા કોઈ બળવાની વાત અમને કહોને.

*એકતા:* સંથાલના હુલ આદિવાસીઓના સંઘર્ષ વિશે હું તમને વાત કરીશ. આદિવાસીઓના શોષણ અને આદિવાસી સ્ત્રી પર કરેલ બળાત્કાર, અત્યાચારના જવાબ રૂપે આ સંઘર્ષમાં પોતાના આત્મગૌરવ માટે કહેવાય છે કે 10,000 કરતાં પણ વધારે આદિવાસી સ્ત્રી-પુરુષોએ બલિદાન આપ્યું હતું. સિધ્ધો કાનૂ અને ચાંદ ભૈરવ તેમના નેતાઓ હતા, તો તેમની સાથે ફૂલો અને ઝાનો નામની બે બહેનોની વીરતાની વાતો સંથાલનાં લોકગીતોમાં આજે પણ ગવાય છે. 1855ના જુલાઈ મહિનામાં વિદ્રોહી સંથાલ આદિવાસીઓએ વિરભૂમ જિલ્લાના અડધા ભાગમાં પોતાનો અધિકાર જમાવી દીધો હતો. પોલીસ જમીનદારો અને શાહુકારો બધા ભેગા થઈને આદિવાસીઓ સામે લડ્યા પણ તે બધાના સંયુક્ત લશ્કરને તેમણે હરાવી દીધાં તેમ છતાં અંગ્રેજોએ વળતા હુમલા ચાલુ રાખ્યા ત્યારે એક રાત્રે તેમની છાવણીમાં જઈ ફૂલો અને ઝાનોએ 21 સિપાહીઓને મોતને ઘાટ ઉતાર્યા હતા.

*ફરઝાના:* એટલે કે આ તો 1857નો સંગ્રામ શરૂ થયા પહેલાંની વાત છે.

*એકતા:* હા. 1857માં ગુજરાતમાં પંચમહાલ, મહિ અને રેવા કાંઠાના આદિવાસીઓએ અંગ્રેજોને દિવસો સુધી હંફાવ્યા હતા અને આદિવાસીઓનો સંઘર્ષ તો ત્યાર પછી પણ ચાલતો જ રહ્યો.

1895માં છોટા નાગપુર બિહારના વિસ્તારોમાં બિરસા મુંડાની આગેવાની નીચે ઉરગુલાન નામે જાણીતો બળવો થયો. માત્ર અંગ્રેજો સામે જ નહીં પણ 'દિકુઓ' એટલે કે બહારના માણસો જેમાં મિશનરીઓ, શાહુકારો અને હિંદુ જમીનદારોએ તેમના પરંપરાગત અધિકારો પર તરાપ મારી છે તે સૌની સામે પોતાના જળ, જંગલ, જમીન પરના પરંપરાગત હક્કને જાળવવા માટે આદિવાસી સ્ત્રી-પુરુષોએ ખભે ખભા મિલાવી લડત ચલાવી. આ લડતના એક મહત્ત્વના આગેવાન ગયા મુંડા અને તેની પત્ની માકીનું બલિદાન આજે પણ સૌ યાદ કરે છે. અંગ્રેજોએ ગયા મુંડાને ફાંસીએ ચડાવ્યો અને તેની પત્નીને સખત કેદની સજા થઈ.

*કમલા:* મતલબ કે એવું કહી શકાય કે 1857નો સંગ્રામ અંગ્રેજોએ દાખલ કરેલી શોષણની નવી વ્યવસ્થા સામે તમામ વર્ગ, જ્ઞાતિ અને ધર્મના લોકોએ કરેલા વિરોધનું પ્રતીક હતો?

*એકતા:* તમામ વર્ગો નહીં પરંતુ ઘણા બધા વર્ગો કારણ કે તે સમયે ભારતમાં એક મહત્ત્વનો વર્ગ એવો હતો કે જેણે અંગ્રેજ રાજનું સમર્થન કર્યું.

*આશા:* એવો ક્યો વર્ગ હતો?

### અંગ્રેજી શિક્ષણ અને બુદ્ધિજીવીઓ

*એકતા:* અંગ્રેજી શિક્ષણ મેળવીને અંગ્રેજી વહીવટમાં જોડાયેલ વહીવટદારો તેમજ બુદ્ધિજીવી વર્ગનાં કેટલાંક જૂથોએ અંગ્રેજી શાસનને આવકાર્યું હતું.

*રેશ્મા:* હા, પેલી દલપતરામની કવિતા યાદ આવે છે. તેમણે અંગ્રેજોના વહીવટની પ્રશંસા કરતા લખ્યું હતું કે,
"દેખ બિચારી બકરીનો પણ કોઈ ન જાતાં પકડે કાન,
એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિંદુસ્તાન."

*એકતા:* ઘણા બધા બુદ્ધિજીવીઓને લાગતું હતું કે એકબીજા સામે લડ્યા કરતા રાજા-રજવાડાઓના અંધાધૂંધી રાજકારણ કરતાં અંગ્રેજી શાસનની સ્થિરતા વધુ આવકાર્ય છે. વળી, અંગ્રેજી શિક્ષણને કારણે લાંબા ગાળે એક બીજો ફાયદો પણ થયો.

*શકરી:* પણ અંગ્રેજોએ શા માટે ભારતના લોકોને અંગ્રેજી શિક્ષણ આપ્યું?

*એકતા:* કારણ કે, આટલા મોટા 20 કરોડની વસ્તી ધરાવતા દેશમાં




પરદેશથી આવેલા મુઠ્ઠીભર અંગ્રેજો એકલા હાથે રાજ કરી શકે તેમ ન હતા તેથી તેમણે એક બાજુથી રાજાઓ અને જમીનદારોને પોતાના હાથમાં લીધા તો બીજી બાજુ વહીવટ ચલાવવા માટે બુદ્ધિજીવી વર્ગ માટે અંગ્રેજી શિક્ષણ દાખલ કર્યું. અંગ્રેજી શિક્ષણની સાથે ભારતના બુદ્ધિજીવી પુરુષો યુરોપના કેટલાક નવા અને પ્રગતિશીલ વિચારોથી પણ પ્રભાવિત થયા. તે સમયે યુરોપમાં ચર્ચાઈ રહેલા "ઉદારમતવાદ", "વ્યક્તિસ્વાતંત્ર્ય", "માનવ માત્રના કુદરતી અધિકારો" ઉપરાંત યુરોપમાં ચાલતી સ્ત્રીઓની લડત અને સ્ત્રીઓ અંગે કેટલાક વિચારકોના ઉદારમતવાદી વિચારોની પણ તેમની પર ઊંડી અસર થઈ. તેથી ભારતના સમાજમાં રહેલાં અંધશ્રદ્ધા, કુરિવાજો વગેરે સામે પ્રશ્નો ઉઠાવવાની તેમણે શરૂઆત કરી.

*રેશ્મા:* તેથી જ આ સમયને સુધારાનો યુગ પણ કહેવાય છે, નહીં?

*નીરુ:* એકતાબહેન આપણે સુધારાના સમયની વાત માટે ફરી મળીશું. આજે મારે જવાનો સમય થઈ ગયો છે.

*બધા:* ભલે આજની મિટિંગ પૂરી કરીએ.

# સ્ત્રીઓના પ્રશ્નો: સુધારકો, પુનરુત્થાનવાદીઓ, અંગ્રેજો અને દલિત-બહુજન સમાજ

*ફરઝાના:* એકતા બહેન, આજે આપણે સુધારા યુગ વિશે વાત કરવાના છીએ ને?

*એકતા:* બરોબર. તે સમયના કોઈ સમાજ સુધારકો વિશે તમે જાણો છો?

*કમલા:* હા, અમે રાજા રામમોહન રોયનું નામ સાંભળ્યું છે. તેમણે સતીપ્રથા સામે અવાજ ઉઠાવ્યો હતો.

*એકતા:* તે ઉપરાંત, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, ન્યાયમૂર્તિ રાનડે, કવિ નર્મદ, કરસનદાસ મૂળજી, બહેરામજી મલબારી વગેરેએ સતીપ્રથા, બાળલગ્ન, વિધવાઓની પરિસ્થિતિ, સ્ત્રીશિક્ષણ, પરદેશગમન સામે જ્ઞાતિના પ્રતિબંધ વગેરે અંગે ઝુંબેશ ચલાવી હતી.

*આશા:* આ સુધારકોએ ઉઠાવેલા મોટા ભાગના મુદ્દાઓ સ્ત્રીઓને લગતા જ છે એવું શા માટે હશે?



*એકતા:* કારણ કે તે વખતે સમાજમાં સૌથી વધુ કચડાયેલી પરિસ્થિતિમાં સ્ત્રીઓ જીવતી હતી. જ્યાં સુધી તેમની પરિસ્થિતિ ન બદલાય ત્યાં સુધી સમાજમાં કોઈ પણ પરિવર્તન શક્ય ન હતું. ઉપરાંત, અંગ્રેજી ભણેલા આ સુશિક્ષિત પુરુષોને બાળલગ્ન કરેલી પત્ની સાથે કજોડા જેવું લાગતું હતું. આથી જો સ્ત્રીઓની પરિસ્થિતિ સુધરે તો જ તેઓ ભણેલાગણેલા પુરુષોને સમજી શકે તેવી સારી પત્ની અને તેમનાં બાળકોને કેળવી શકે તેવી માતા બની શકે.

*રેશ્મા:* મતલબ કે તેમને સ્ત્રીઓનો વિકાસ થાય, સ્ત્રીઓ આગળ વધે તેમાં નહીં પરંતુ ભણેલી પત્ની અને માતા મળે તેમાં વધારે રસ હતો.

*નીરુ:* તમને છોકરીઓને તો દરેક બાબતમાં ઊંધું જ જોવાની ટેવ છે.

*એકતા:* રેશ્માની વાત એક રીતે સાચી છે. જો કે, આપણે એ પણ ન ભૂલવું જોઈએ કે એ પુરુષો, તેમના સમયની સામાજિક પરિસ્થિતિથી બંધાયેલા હતા અને તેમણે ઘણા વિરોધો વચ્ચે આ કામ કર્યું હતું. 19મી સદીના રૂઢિચુસ્ત સમાજે આ સુધારકોને સતાવવામાં કાંઈ જ બાકી રાખ્યું ન હતું. રૂઢિચુસ્તો તેમની વિરુદ્ધમાં માત્ર પ્રચાર જ નહીં, હિંસક હુમલાઓ પણ કરતા, તેમને "નાત બહાર" મૂકતા, એમ તમામ હથિયારો અજમાવતા હતા. આ બધાની વચ્ચે તેમણે ઉઠાવેલી ઝુંબેશથી સ્ત્રીઓ માટે શિક્ષણની શરૂઆત થઈ, સતીપ્રથા સામે કાયદો થયો અને દુનિયાને જોવાની એક નવી બારી ભારતની કેટલીક સ્ત્રીઓ માટે ખૂલી.

આ દરમ્યાન કેટલાક અંગ્રેજ ઇતિહાસકારો અને લેખકોએ પણ ભારતની સ્ત્રીઓની દયાજનક પરિસ્થિતિ અંગે લખાણો લખવા માંડ્યાં.

*શકરી:* તમે તો કહ્યું કે અંગ્રેજો ભારતનું શોષણ કરતા હતા તો તેમને ભારતીય સ્ત્રીઓ માટે આટલી લાગણી શા માટે?

*એકતા:* તમારો પ્રશ્ન બરોબર છે. કેટલાક સંવેદનશીલ અંગ્રેજોને બાદ કરતાં બાકીના અંગ્રેજોએ ભારતની સંસ્કૃતિ કેટલી પછાત છે તે સાબિત કરવા સ્ત્રીઓના સવાલો ઉઠાવ્યા હતા, તેમને ભારતની સ્ત્રીઓ માટે ખૂબ લાગણી હતી માટે નહીં.

કોઈ પણ દેશની સ્ત્રીઓની પરિસ્થિતિને આધારે તેના સમાજની સંસ્કૃતિને માપવામાં આવે છે. કેટલાક અંગ્રેજોએ ભારતની સંસ્કૃતિ અને ભારતીયોને નીચા પાડી, પોતાનું રાજ ચાલુ રાખવા માટે દલીલો કરી કે 'જુઓ, ભારતના લોકો તેમની સ્ત્રીઓ સાથે કેવું ખરાબ વર્તન કરે છે... માટે ભારતના લોકોને સુધારવા માટે, તેમને સારા વિચારો આપવા માટે અંગ્રેજોએ તેમની પર રાજ કરવું જરૂરી છે.'

*ફરઝાના:* આ તો બરોબર ન કહેવાય.

*કમલા:* આવા વિચારોનો તો વિરોધ કરવો પડે.

*એકતા:* અને તેનો વિરોધ થયો પણ ખરો. જો કે વિરોધ કરવા માટે જે વિચારધારાનો ઉપયોગ કરવામાં આવ્યો તેને પરિણામે સ્ત્રી-સમાનતાની લડત પાછી ધકેલાઈ ગઈ.


*રેશ્મા:* એ કઈ રીતે?

*એકતા:* અંગ્રેજોની આવી નીતિના જવાબમાં, 19મી સદીનાં પાછલાં

વર્ષોમાં, સમાજસુધારાની ચળવળમાં "સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ"ના પ્રવાહનો જન્મ થયો. તેમાં માનનારા વિચારકોને પુનરુત્થાનવાદી કહેવાય છે. આ વિચારકોએ લોકોમાં રાષ્ટ્ર માટેનું અભિમાન જગાવવા ભારતીય સંસ્કૃતિના "સુવર્ણ યુગ"ની શોધ કરી. તેમણે એવી દલીલ કરી કે ભારતની સંસ્કૃતિ ખરેખર ખૂબ મહાન છે અને તેમાં સ્ત્રીનું સ્થાન પણ ખૂબ ઊંચું છે. આ દેશમાં તો સ્ત્રીની દેવી તરીકે પૂજા થાય છે. અને પ્રાચીન સમયમાં, વેદકાળમાં, સ્ત્રીઓનું ખૂબ મહત્ત્વ હતું પરંતુ મધ્ય યુગમાં પરદેશીઓના આક્રમણને કારણે સ્ત્રીઓની સુરક્ષા જાળવવા માટે પડદાપ્રથા, બાળલગ્ન, સતીપ્રથા વગેરે અસ્તિત્વમાં આવ્યાં છે.

*આશા:* પણ આપણે તો આગળ જોઈ ગયા છીએ કે વેદકાળમાં પણ સ્ત્રીઓને સમાન અધિકારો ન હતા. પુરાણો તેમ જ મહાકાવ્યોના સમયમાં વર્ણવ્યવસ્થા અને દાસ-દાસીની ગુલામી હતી અને પરદેશી આક્રમણ થયાં તેનાં ઘણાં વર્ષો પહેલાં જ મનુસ્મૃતિમાં સ્ત્રીઓ અને શૂદ્રો પ્રત્યેના ભેદભાવને કાયદો જ બનાવી દેવામાં આવ્યો હતો.

*એકતા:* સાચી વાત, પણ આ બધી હકીકતો પર ઢાંકપિછોડો કરવામાં આવ્યો. એટલું જ નહીં, એવી દલીલો પણ કરવામાં આવી કે ભલેને આ રિવાજો ખોટા હતા પણ આ બધા રિવાજો સામે



કાયદો કરવાનો અધિકાર પરદેશી અંગ્રેજ સરકારને નથી. પહેલાં પરદેશી સરકારને હટાવીએ પછી સમાજમાં સુધારા કરવાનું કામ અમે અમારી રીતે કરીશું.

*નીરુ:* અ રે રે! આ તો નામ સ્ત્રીઓનું ને કામ પોતાનું એવી વાત થઈ.

*ફરઝાના:* મને તો પેલી કહેવત યાદ આવે છે કે, 'કૂતરું તાણે ગામ ભણી ને શિયાળ તાણે સીમ ભણી.'

*એકતા:* હા. તે સમયે શરૂ થયેલી આ ખેંચતાણ હજુ પણ ચાલુ જ છે. આજે પણ સ્ત્રીઓના અધિકારની વાત કરીએ તો તરત જ આ 100 વર્ષ જૂની દલીલો ફરી પાછી સાંભળવા મળે છે.

*રેશ્મા:* પરંતુ તે સમયે આ વાત કોઈ જ સુધારકો ન સમજી શક્યા? અને શું કોઈ સ્ત્રી સુધારક ન હતાં કે જેમણે જ્ઞાતિપ્રથા અને પિતૃસત્તાને પડકાર્યા હોય?

*એકતા:* તે સમયે કેટલાક એવા સુધારક પુરુષો અને સ્ત્રીઓ પણ હતાં: જેમ કે જ્યોતિબા અને સાવિત્રીબાઈ ફૂલે, પંડિતા રમાબાઈ, રકમાબાઈ, તારાબાઈ શિંદે વગેરે. પરંતુ ઉચ્ચ જ્ઞાતિના પુરુષોની દૃષ્ટિએ લખાયેલા આપણા ઇતિહાસમાંથી તેમનાં નામ પણ ભૂંસી નાંખવામાં આવ્યાં હતાં. તેમાંથી કેટલાક સુધારકોનાં કામ વિશે સંશોધન કરી નારીવાદી અભ્યાસુઓ હવે ઘણી માહિતી બહાર લાવ્યા છે.

*કમલા:* અમને તેમની વાત કહોને.


*એકતા:* તેમની વાત કરતાં પહેલાં આપણે તે સમયની સમાજવ્યવસ્થાને સમજવી પડશે. તો જ તેમના કામનું મહત્ત્વ આપણને સમજાશે.

*શકરી:* ભલે, તો અમને તે સમયની સમાજવ્યવસ્થા વિશે જ જણાવો.

*એકતા:* આપણે આગળ જોયું તેમ અંગ્રેજોના આવતાં પહેલાં ભારત અનેક નાના-મોટા રાજા-રજવાડાંઓમાં વહેંચાયેલો હતો અને દરેક રજવાડાના પોતાના જુદા જુદા નીતિ-નિયમો કે કાયદાઓ હતા. જો કે, ગામડાની પ્રજાની મોટા ભાગની જિંદગી પંચાયત અને જ્ઞાતિમંડળોએ નક્કી કર્યા મુજબ ચાલ્યા કરતી.

*નીરુ:* પણ રોજબરોજની જિંદગીમાં જ્ઞાતિમંડળો કઈ રીતે અસર કરતાં?

એક્તા: તમને આવો પ્રશ્ન થાય છે કારણ કે આજે રોજબરોજની જિંદગીમાં જ્ઞાતિ અને તેનાં મંડળોનું મહત્ત્વ ઘણું ઓછું થઈ




ગયું છે. પણ એ જમાનામાં એવું ન હતું. દરેક જ્ઞાતિ સાથે એક વ્યવસાય કે કામ સંકળાયેલું હતું અને જે તે જ્ઞાતિના લોકો પોતાની જ્ઞાતિ પ્રમાણેનું જ કામ કે વ્યવસાય કરી શકતા. કઈ જ્ઞાતિના લોકો શું પહેરે, શું ખાય, શું ન ખાય, કોના હાથનું ખાઈ શકે, કોના હાથે પાણી પણ ન પી શકે અને પોતાનાં દીકરા-દીકરી કઈ જ્ઞાતિના કયા કુળમાં પરણાવી શકે તેના કડક નિયમો હતા.

*આશા:* પણ જો કોઈ નિયમ ન પાળે તો?

*એકતા:* તો પંચ તેને "નાત બહાર" મૂકતું. તેમને સામાજિક બહિષ્કાર સહન કરવો પડતો. આ તે સમયની સૌથી ભયંકર સજા હતી, કારણ કે જીવનનિર્વાહ માટેના કામથી માંડીને રોજબરોજનાં દૈનિક કાર્યો ઉપરાંત જન્મ, મરણ કે લગ્ન જેવા પ્રસંગો જ્ઞાતિના સહકાર વગર કરવા લગભગ અશક્ય જ હતાં. વળી, આ બધી જ્ઞાતિઓ ઊંચ-નીચના વાડામાં વહેંચાયેલી હતી. તે ઉપરાંત, છૂત-અછૂતના ભેદભાવ પણ ખૂબ મજબૂત હતા. બ્રાહ્મણ, વાણિયા, રાજપૂત જેવી કેટલીક "ઉચ્ચ" ગણાતી કોમો હતી તો તેમના પછી કણબી, સોની, લુહાર, કુંભાર,

સુથાર જેવી શૂદ્ર ગણાતી કારીગર જ્ઞાતિઓ હતી. ઉચ્ચ જ્ઞાતિની સેવા કરવી તે શૂદ્રોની ફરજ ગણાતી. અને વણકર, ચમાર, સફાઈ કરનાર વગેરે તો અસ્પૃશ્ય જ માનવામાં આવતા. તેમનો તો જન્મ જ જાણે ઉપરની જ્ઞાતિઓની ગુલામી કરવા માટે થયો હોય તેવો વ્યવહાર તેમની સાથે કરવામાં આવતો.

*શકરી:* પણ આ "નીચલી" કહેવાતી જ્ઞાતિના લોકો શા માટે કહેવાતી "ઉપલી જ્ઞાતિ"ની સેવા કરતા હતા? શું તેઓ શિક્ષણ મેળવીને આગળ વધી શકતા નહીં?

*એકતા:* તે સમયે ઉચ્ચ શિક્ષણ લેવાનો અધિકાર માત્ર બ્રાહ્મણોને જ હતો. અન્ય જ્ઞાતિના લોકો પોતાના વ્યવસાયમાં જરૂરી હોય તે પ્રમાણે વાંચતાં-લખતાં કે હિસાબ કરતાં શીખતા. કારીગર જ્ઞાતિના શૂદ્ર ગણાતા લોકો કે અછૂત ગણાતા લોકોને તો વાંચતાં-લખતાં શીખવાનો પણ અધિકાર ન હતો.

*કમલા:* અને સ્ત્રીઓને શિક્ષણ મળતું હતું? તેમની પરિસ્થિતિ કેવી હતી?

*એકતા:* શૂદ્રો અને દલિતોની જેમ, તમામ જ્ઞાતિની સ્ત્રીઓને પણ શિક્ષણ લેવાનો અધિકાર ન હતો.

આમ, ભારતની સ્ત્રીઓ અંગ્રેજોની ગુલામી ઉપરાંત જ્ઞાતિ અને ધર્મના નામે ઊભા થયેલા અનેક રીત-રિવાજોથી ગૂંગળાતી હતી. સ્ત્રીની પવિત્રતા અને પતિવ્રતા ધર્મને નામે બાળલગ્ન, સ્ત્રી શિક્ષણની મનાઈ, બાળ વિધવાઓ પરના અત્યાચાર, સતીપ્રથા જેવા અનેક અન્યાય અને અત્યાચાર સ્ત્રીઓ પર થતા હતા. સ્ત્રીઓ અને બાળકીઓ જાણે જીવંત વ્યક્તિ નહીં પરંતુ કુટુંબ, કુળ, જ્ઞાતિ, ધર્મની મર્યાદાઓ સાચવનાર નિર્જીવ મૂર્તિ હોય તેવો વ્યવહાર તેમની સાથે કરવામાં આવતો. આ અન્યાય સામે માથું ઊંચકવું અશક્ય જ લાગે તેવી સમાજની વ્યવસ્થા હતી. તેવા સમયમાં અનેક વિરોધો સહન કરી શિક્ષણ લેનારાં અને શૂદ્રોને, દલિતોને કે અન્ય સ્ત્રીઓને શિક્ષણ આપવાની પહેલ કરનાર સાવિત્રીબાઈ કે રુકૈયા સખાવત હુસેન જેવી સ્ત્રીઓનું કામ કેટલું મુશ્કેલ હશે તેની કલ્પના કરી શકો છો?

*ફરઝાના:* અમને તેમની વાત કહોને.


*એકતા:* પહેલા હું તમને સાવિત્રીબાઈ ફૂલેની વાત કરીશ.

## સાવિત્રીબાઈ 1831-1897

સાવિત્રીબાઈનો જન્મ 1831માં થયો હતો. તે સમયના રિવાજ મુજબ તેમનાં લગ્ન નાની ઉંમરમાં જ પ્રખર સમાજ સુધારક જ્યોતિબા સાથે થયાં. તેઓ માળી જ્ઞાતિનાં હતાં. તે જમાનામાં સ્ત્રીઓ અને શૂદ્રોને શિક્ષણનો અધિકાર ન હતો. પરંતુ અંગ્રેજી શિક્ષણપ્રથા દાખલ થતાં જ્યોતિબાએ મહેનતથી શિક્ષણ મેળવ્યું. તેમણે પોતાની પત્નીને શિક્ષિત કરવાનું નક્કી કર્યું. પરંતુ રૂઢિચુસ્ત સમાજને એક શૂદ્ર સ્ત્રી શિક્ષણ મેળવે તે મંજૂર ન હતું. તેમણે જ્યોતિબાના પિતાને ધમકી આપી કે જો તેઓ આ નહીં રોકે તો તેમને નાત બહાર મૂકવામાં આવશે. આથી પતિ-પત્નીએ પિતાનું ઘર છોડ્યું પણ શિક્ષણ લેવાનું ચાલુ રાખ્યું. શિક્ષણ મેળવ્યા પછી તો સાવિત્રીનું તેજ ઝળકી ઊઠ્યું. તેમણે દલિત બાળકીઓને ભણાવવાનું નક્કી કર્યું. 1848માં અસ્પૃશ્ય ગણાતી મહાર જ્ઞાતિની છોકરીઓ માટે પ્રથમ બાલિકા વિદ્યાલયની સ્થાપના કરી અને મહારાષ્ટ્રનાં પ્રથમ સ્ત્રી શિક્ષિકા બન્યાં. પણ આ કંઈ સહેલી વાત ન હતી. લોકોએ નાત બહાર તો તેમને મૂક્યાં જ હતાં, ઉપરાંત, સાવિત્રીબાઈ જ્યારે રસ્તા પરથી પોતાની શાળામાં દલિત બાળકીઓને ભણાવવા જતાં તો રૂઢિચુસ્ત લોકો તેમના પર કાદવ અને પથ્થર પણ ફેંકતાં. આ બધા વિરોધની વચ્ચે તેમણે પોતાના શિક્ષણની જ્યોતથી બીજી અનેક સ્ત્રીઓના જીવનમાં અજવાળું ફેલાવવાનું ચાલુ રાખ્યું.

તેમણે દલિત સ્ત્રીઓના શિક્ષણનું કામ કર્યું, તો બ્રાહ્મણ વિધવાઓ પર થતા અત્યાચાર રોકવાનું કામ પણ કર્યું. તે જમાનામાં નાની ઉંમરે થતાં લગ્નોને





કારણે સાવ નાની ઉંમરની છોકરીઓ વિધવા બનતી અને બાળ વિધવાઓની સ્થિતિ ઘણી કરુણ હતી. બ્રાહ્મણ વિધવાઓ પોતાના માથે વાળ પણ રાખી શકતી નહીં. તેમના વાળ ઉતારવા દર મહિને વાળંદ ઘરે આવતો. તેમની આ અપમાનજનક સ્થિતિ રોકવા જ્યોતિબા અને સાવિત્રીબાઈએ વાળંદ સમાજની પરિષદ ભરી અને તેમને વિધવાઓના વાળ કાપવાનો વિરોધ કરવા સમજાવ્યા. વિધવા પુનર્લગ્નનું સમર્થન કર્યું અને ઉચ્ચ જ્ઞાતિનાં કુટુંબોમાં અપમાન વેઠતી વિધવાઓ માટે આશ્રમની સ્થાપના કરી.

1860માં જ્યોતિરાવ અને સાવિત્રીબાઈએ વિધવાવિવાહ કરાવી સમજસુધારણાની શરૂઆત કરી. બ્રાહ્મણોના વર્ચસ્વ અને રીત-રિવાજની પકડમાંથી સમાજને છોડાવવા તેમણે તે જમાનામાં કોર્ટમાં લગ્ન કરવાની વાત કરી.

આવા જ્યોતિરાવ ફૂલેનું જ્યારે મૃત્યુ થયું ત્યારે તેમની અંતિમયાત્રામાં દોણી પકડનાર કોઈ ન હતું કારણ કે તેમને નાત બહાર મૂકવામાં આવ્યા હતા. સાવિત્રીબાઈએ પતિની સ્મશાનયાત્રામાં પોતે દોણી પકડી અને તેમની અંતિમયાત્રા પૂરી કરી!

પતિના મૃત્યુ બાદ પણ તેમનું કામ તો ચાલુ જ રહ્યું. અંતે સાવિત્રીબાઈનું મૃત્યુ મહારાષ્ટ્રમાં ફાટી નીકળેલા પ્લેગના દર્દીઓની સારવાર કરતાં કરતાં થયું. આમ, છેલ્લા શ્વાસ સુધી તેમણે સમાજની જ્ઞાતિપ્રથા અને પુરુષ પ્રધાનતાને બદલવાની પોતાની યાત્રા ચાલુ રાખી.

*નીરુ:* સાવિત્રીબાઈએ વિધવાઓના પ્રશ્નોને શા માટે આટલું મહત્ત્વ આપ્યું હતું?

*એકતા:* તે સમયે છોકરીને માસિક શરૂ થાય તે પહેલાં જ અને ક્યારેક તો બાળકો ઘોડિયામાં હોય ત્યારે જ તેમનાં લગ્ન કરી દેવામાં આવતાં. આજની જેમ દવાખાનાં, દાક્તરો ને જાતજાતની દવાઓ શોધાયાં ન હતાં તેથી બાળમૃત્યુનું પ્રમાણ પણ ખૂબ વધારે હતું અને ઘણી વાર તો છોકરી લગ્ન એટલે શું તે સમજે તે પહેલાં જ તેના બાળપતિનું મૃત્યુ થતાં તે વિધવા થતી. "ઉચ્ચ જ્ઞાતિ"ઓમાં વિધવા બાળકીઓને ફરજિયાત વૈધવ્ય પાળવું પડતું. તેમનાં પુનર્લગ્ન તો ન જ થઈ શકતાં ઉપરાંત, આખી જિંદગી કોઈ પણ પ્રકારના સુખ કે આનંદ વગર વીતાવવી પડતી. તેઓ રંગીન કપડાં પહેરી શકતાં નહીં, સારું ખાવાનું

ખાઈ શકતાં નહીં અને કુટુંબમાં સારા પ્રસંગે તેમની હાજરી અપશુકનિયાળ ગણાતી. આખી જિંદગી ઘરના એક ખૂણામાં રહી, કુટુંબના બીજા સભ્યોનાં વૈતરાં કરી દિવસો કાઢવાના રહેતા. કેટલીક જ્ઞાતિઓમાં પતિના શબ સાથે પત્નીને જીવતી સળગાવી દેવાનો રિવાજ હતો. તેને સતીપ્રથા કહેવામાં આવતી.

*રેશ્મા:* હા. અમે વાંચ્યું છે કે સતીપ્રથા સામે રાજા રામમોહન રોયે ઝુંબેશ ચલાવી હતી.

*આશા:* તો શું બધી જ્ઞાતિની સ્ત્રીઓને આવા જ પ્રશ્નો હતા?

*એકતા:* ના, અલગ અલગ જ્ઞાતિઓમાં સ્ત્રીઓના પ્રશ્નો પણ અલગ અલગ હતા. ઉપર જણાવ્યા તે ખાસ કરીને કહેવાતી "ઉપલી જ્ઞાતિ"ના પ્રશ્નો હતા. જ્ઞાતિ જેટલી વધારે ઊંચી તેટલા તેમની સ્ત્રીઓ પરના અંકુશ વધારે. તેમણે કુટુંબ તેમ જ જ્ઞાતિની પવિત્રતા જાળવવા ઘરમાં જ રહેવાનું અને "પવિત્રતા" ધર્મનું પાલન કરવાનું. તે માટે દહેજપ્રથા, દીકરીને દૂધ પીતી કરવી, પડદા પ્રથા, સતીપ્રથા, વિધવાઓ પર દમન જેવા પ્રશ્નો "ઉપલી જ્ઞાતિ"ની સ્ત્રીઓને સહન કરવા પડતા. જો કે, "ઉપલી જ્ઞાતિ"ના પુરુષો માટે આવાં કોઈ બંધનો ન હતાં. પત્ની જીવતી હોય તો પણ તેઓ કાયદેસર એક કરતાં વધારે પત્ની કરી શકતા.



| | |
|---|---|
| | તેની સામે કારીગર વર્ગ અને દલિત જ્ઞાતિઓમાં સ્ત્રી વિધવા થાય તો બીજાં લગ્ન કરી શકતી, જેને "નાતરું" કહેવાતું. આ જ્ઞાતિઓમાં સ્ત્રી-પુરુષ તમામને મજૂરી કરવા જવું જ પડતું. તેમની સ્ત્રીઓ ઘરમાં બેસી રહે તે તેમને પાલવે તેમ જ ન હતું. માલિકો ને જમીનદારો આ શ્રમજીવી સ્ત્રીઓના શ્રમની સાથે તેમનું જાતીય શોષણ પણ કરતા. |
| *કમલા:* | તો શું એમ કહી શકાય કે "ઉપલી જ્ઞાતિ"ઓમાં સ્ત્રીઓનું ઘરમાં વધારે શોષણ થતું હતું જ્યારે "નીચલી જ્ઞાતિ"ની સ્ત્રીઓનું ઘરની બહાર? |
| *એકતા:* | તમે બરોબર સમજ્યા. "ઉપલી જ્ઞાતિ"ની સ્ત્રીઓને કુટુંબની અને "નીચલી જ્ઞાતિ"ની સ્ત્રીઓને સમાજ તેમ જ ઉપલી જ્ઞાતિની પિતૃસત્તાનો સામનો વધારે કરવો પડતો. પિતૃસત્તા અને જ્ઞાતિપ્રથાને પોતાના કામ અને જીવનથી પડકાર્યું હોય તેવાં એક બીજાં બહેન હતાં પંડિતા રમાબાઈ સરસ્વતી. |
| *નીરુ:* | આવું કેવું નામ? |
| *રેશ્મા:* | શું તે ખરેખર પંડિતા હતી? અમને તેમના વિશે જણાવો. |

## **પંડિતા રમાબાઈ સરસ્વતી** 1858-1922



રમાબાઈનો જન્મ સને 1858માં થયો હતો. તેમના પિતા અનંતશાસ્ત્રી મહારાષ્ટ્રિયન બ્રાહ્મણ હતા. તેમણે પોતાની પત્નીને સંસ્કૃત શીખવાડવાનું શરૂ કર્યું. એ જમાનામાં સ્ત્રીઓને શિક્ષણ આપવા પર પાબંદી હતી એટલે તેમને નાત બહાર મૂકવામાં આવ્યા અને ગામ છોડીને જંગલમાં રહેવાની ફરજ પડી. જંગલમાં જ રમાબાઈનો જન્મ થયો. અનંતશાસ્ત્રીએ તેને સંસ્કૃત ભાષા તેમ જ વેદ અને પુરાણ શીખવાડ્યાં. રમાબાઈ જ્યારે 16 વર્ષનાં થયાં ત્યારે તેમનાં માતા-પિતાનું મૃત્યુ થયું. રમાબાઈ તથા તેમના ભાઈને કોઈએ સહારો ન આપ્યો. જાણે કે શિક્ષણ મેળવી તેમણે કોઈ પાપ ન કર્યું હોય! ફરતાં ફરતાં તેઓ કલકત્તા પહોંચ્યાં, જ્યાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, રાજા રામમોહન રાય વગેરેએ તેમને આવકાર્યાં અને તેમને પંડિતા તેમ જ સરસ્વતીનાં ઉપનામ આપ્યાં.

રમાબાઈએ પોતાની પસંદગીથી એક શૂદ્ર જ્ઞાતિના પુરુષ સાથે લગ્ન કર્યાં અને જ્ઞાતિપ્રથાને તોડી. આથી રૂઢિચુસ્તો વધુ અકળાયા. એક તબક્કે તેમણે

ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો પરંતુ ત્યાં પણ તેમણે ખ્રિસ્તી ધર્મમાં રહેલી સ્ત્રી-પુરુષ અસમાનતા સામે પ્રશ્નો ઊભા કર્યા. તેઓ વિધવા થયા પછી ઈંગ્લેન્ડ-અમેરિકા સુધી ગયાં કે જેથી ત્યાંનાં સમાજ અને સંસ્થાઓ વિશે જાણી શકે. ભારતમાં આવીને તેમણે સ્ત્રીઓ માટે આશ્રમ અને શાળાની શરૂઆત કરી, જેનું નામ શારદા સદન રાખ્યું.

તેઓ કહેતાં કે, "સ્ત્રીઓ બધું ચૂપચાપ સહન કરે છે કારણ કે તેઓ પુરુષો પર આધારિત છે. પુરુષો સ્ત્રીઓની સાથે જાનવર જેવો વ્યવહાર કરે છે. સ્ત્રીઓ જ્યારે પોતાની પરિસ્થિતિ સુધારવા પ્રયત્ન કરે છે ત્યારે કહેવામાં આવે છે કે તેઓ પુરુષો સામે બગાવત કરે છે, તે પાપ છે. પરંતુ ખરેખર તો પુરુષોના જુલમને ચૂપચાપ સહેવો અને તેનો વિરોધ ન કરવો તે જ મોટું પાપ છે."


*શકરી:* ખરેખર સાવિત્રીબાઈ અને રમાબાઈએ સ્ત્રી શિક્ષણની સાથે સાથે જ્ઞાતિપ્રથા અને પિતૃસત્તા સામે પણ જબરજસ્ત પડકાર ફેંક્યો.

*એકતા:* સાચી વાત. આ સુધારાયુગના અલગ અલગ પ્રવાહોને સમજવા રકમાબાઈ વિશે પણ આપણે જાણવું જોઈએ.

*રેશ્મા:* તેમની વાત હવે પછીના દિવસે કરીશું. આજે આપણે શિક્ષણ અને સમાનતાનો રસ્તો ખોલનાર બહેનો વિશે જાણ્યું તેથી પણ આજની ચર્ચાનો અંત શિક્ષણની મનાઈ સામે શા માટે છોકરીએ ભણવું જોઈએ તેની વાત કરતા ગીતથી કરીએ તો કેવું?

બહેનોઃ તું ગીત શરૂ કર એટલે અમે બધાં ઝીલીશું.

# મૈં લડકી હું મુઝે પઢના હૈ



બાપ બેટી સે કહતા હૈ, પઢના હૈ! પઢના હૈ! ક્યોં પઢના હૈ?
પઢને કો બેટે કાફી હૈ, તુમ્હે ક્યોં પઢના હૈ?
બેટી બાપ સેઃ જબ પૂછા હી હૈ તો સુનો, મુઝે ક્યોં પઢના હૈ...
ક્યોંકિ મૈં લડકી હું, મુઝે પઢના હૈ
પઢને કી મુઝે મનાઈ હૈ, સો પઢના હૈ
મુઝ મેં ભી યે તરુણાઈ હૈ, સો પઢના હૈ
સપનોં ને લી અંગડાઈ હૈ, સો પઢના હૈ
કુછ કરને કી મનમેં આઈ હૈ, સો પઢના હૈ
ક્યોંકી મેં લડકી હું, મુઝે પઢના હૈ
મુઝે દર દર નહીં ભટકના હૈ, સો પઢના હૈ
મુઝે અપને પાવોં ચલના હૈ, સો પઢના હૈ
મુઝે અપને ડર સે લડના હૈ, સો પઢના હૈ
મુઝે અપને આપ હી ઘડના હૈ, સો પઢના હૈ
ક્યોંકી મૈં લડકી હું, મુઝે પઢના હૈ
કંઈ જોર જુલ્મ સે બચના હૈ, સો પઢના હૈ
કઈ કાનૂનોં કો પરખના હૈ, સો પઢના હૈ
મુઝે નયે ધર્મોં કો રચના હૈ, સો પઢના હૈ
મુઝે સબકુછ હી તો બદલના હૈ, સો પઢના હૈ
ક્યોંકી મૈં લડકી હું, મુઝે પઢના હૈ
હર જ્ઞાની સે બતિયાના હૈ, સો પઢના હૈ
મીરાં કા ગાના ગાના હૈ, સો પઢના હૈ
અનપઢ કા નહીં જમાના હૈ, સો પઢના હૈ
ક્યોંકી મૈં લડકી હું, મુઝે પઢના હૈ

*- કમલા ભસીન*

# સંઘર્ષ જારી છે...
# શિક્ષણ અને સમાનતા માટે

*એકતા:* 19મી સદીમાં ભારતીય સ્ત્રીઓની પરિસ્થિતિના સંદર્ભમાં સ્ત્રીના અધિકારમાં માનતા સુધારકો, સાંસ્કૃતિક રાષ્ટ્રવાદીઓ અને અંગ્રેજ સરકાર એમ તમામના વિચારોનો ટકરાવ રકમાબાઈની જિંદગી અને તેમના સંઘર્ષમાં જોવા મળે છે.

## **રકમાબાઈ** 1864-1955

રકમાબાઈનો ઉછેર તેમના પાલક પિતા સખારામ અર્જુનના ઘેર મુંબઈમાં થયો હતો. સખારામ અર્જુન ડોક્ટર હતા અને સુધારાની વાતો કરવા કરતાં તેને જીવનમાં ઉતારવામાં માનતા. પિતાની ઊંડી અસર નીચે રકમાબાઈએ ડોક્ટર બનવાનું નક્કી કર્યું હતું.

પણ તે સમયના રિવાજ મુજબ 11 વર્ષની ઉંમરે દાદાજી સાથે તેમનાં લગ્ન કરવામાં આવ્યાં હતાં. પરંતુ લગ્ન પછી તે ક્યારેય તેમની સાથે રહ્યાં ન હતાં. 19 વર્ષની ઉંમરે જ્યારે પતિએ તેમને પોતાની સાથે રહેવા આવવા જણાવ્યું ત્યારે બંને વચ્ચે ઉંમર, શિક્ષણ, રીતભાત અને વૈચારિક ક્ષમતાની ઊંડી ખાઈ હતી. રકમાબાઈએ દદાજીના ઘરે જવા ઇન્કાર કર્યો. સખારામ અર્જુને તેના નિર્ણયને માન્ય રાખ્યો. પણ તેના પતિ દદાજીએ લગ્ન જીવનના અધિકાર ભોગવવા માટે રકમાબાઈ સામે કોર્ટમાં કેસ કર્યો.

ત્યારે રકમાબાઈએ 'એક હિન્દુ સ્ત્રી'ના નામે 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા'માં બે પત્રો લખ્યા. તેમાં તેમણે બાળલગ્ન, જબરજસ્તીથી વૈધવ્ય-પાલન અને શિક્ષણની મનાઈ જેવા પ્રશ્નોને કારણે ઊભી થતી સ્ત્રીઓની દુર્દશા અંગે ચર્ચા કરી.

આ પત્રોએ રૂઢિચુસ્ત હિન્દુ સમાજમાં ખળભળાટ મચાવી દીધો. કોઈ હિંદુ સ્ત્રી પતિના ઘરે જવાની ના પાડે, તેના વિરોધમાં છાપામાં લખે તે કલ્પના પણ મોટા ભાગના કરી શકતા ન હતા. કેટલાક લોકોએ એવી દલીલો પણ કરી કે આ લખનાર કોઈ હિન્દુ સ્ત્રી હોઈ જ ના શકે. રકમાબાઈએ દલીલ કરી હતી કે 11 વર્ષની સગીર વયમાં તેમનાં લગ્ન થયાં છે આથી આ લગ્નમાં તેમની સહમતી હતી જ નહીં. જ્યારે લગ્નજીવન શરૂ જ નથી થયું તો પતિ પોતાને સાથે રહેવા ફરજ કઈ રીતે પાડી શકે? આ કેસ અંગ્રેજ ન્યાયાધીશની કોર્ટમાં ચાલ્યો.

1885માં કેસનો પ્રથમ ચુકાદો રકમાબાઈની તરફેણમાં આવ્યો. આ ચુકાદાની સામે ઊહાપોહ કરવામાં માત્ર રૂઢિચુસ્તો જ નહીં, પણ, "સ્વરાજ્ય મારો જન્મ સિદ્ધ હક્ક છે"નો પોકાર કરનાર રાષ્ટ્રવાદી નેતા ટિળક પણ હતા. તેમણે આ પ્રશ્નને હિન્દુ રીત-રિવાજ પ્રમાણે ઊભી થતી સ્ત્રીની કરુણ પરિસ્થિતિના સંદર્ભમાં જોવાને બદલે અંગ્રેજોને હિન્દુઓ પર પોતાના કાયદા લાદવાનો અધિકાર છે કે નહીં તે રીતે જોયો. તેમના વર્તમાન પત્ર 'કેસરી'માં તેમણે તેમ જ અન્ય લેખકોએ દલીલો કરી કે, જો ઈંગ્લિશ કાયદો વિધિપૂર્વક થયેલાં હિન્દુ લગ્નોને ફોક કરશે તો હિન્દુ સમાજ માટે આફત ઊતરી આવશે... હિન્દુ લગ્નમાં "કન્યા" એ દાનમાં આપવાની વસ્તુ છે તેની સહમતીનો પ્રશ્ન જ નથી. લગ્ન એક કરાર નથી પણ સંસ્કાર છે તેથી એક વખત લગ્ન થાય પછી સ્ત્રીની સહમતિનો પ્રશ્ન જ ઊભો થતો નથી. શિક્ષણ સ્ત્રીઓને બગાડે છે. આજે એક ભણેલી સ્ત્રી પોતાના પતિથી છૂટા થવા દાવો માંડે છે વગેરે...



બહુમતી હિન્દુ સમાજના વિરોધની અસરમાં આવીને 1887માં આવેલા બીજા ચુકાદામાં જજે પોતાનું વલણ બદલ્યું અને રકમાબાઈને પતિની સાથે રહેવા હુકમ કર્યો. જો તેમ ન કરે તો 6 મહિનાની જેલની સજા ફરમાવી, પરંતુ રકમાબાઈએ પતિને ઘેર જવાને બદલે જેલની સજા પસંદ કરી!

આ ચુકાદાથી એક વાત સ્પષ્ટ બની કે બ્રિટિશ સરકાર એક બાજુ ભારતીય સ્ત્રીઓને થતા અન્યાય અંગે વાતો કરે છે પણ જ્યારે ન્યાય અને રાજકીય હિત વચ્ચે પસંદગી કરવાની આવે છે ત્યારે તે ન્યાયના ભોગે રાજકીય હિતને જ સાચવે છે. સ્ત્રીઓને ન્યાય આપવા ખાતર બહુમતી હિન્દુઓની નારાજગી વહોરી પોતાની સત્તાના રાજકીય હિતને જોખમમાં મૂકવા તૈયાર નથી.

આ ચુકાદાની ચર્ચાઓ ભારતમાં જ નહીં, ઈંગ્લેન્ડમાં પણ થઈ. કેટલાક પ્રગતિશીલ લોકોએ રકમાબાઈ પ્રોટેક્શન કમિટી સ્થાપી અને કેસને અપીલમાં લંડનની પ્રીવી કાઉન્સિલમાં લઈ જવા ફંડ ભેગું કરવા માંડ્યું. પ્રીવી કાઉન્સિલ સુધી જવાની દદાજીની તૈયારી ન હતી. તેણે જો રકમાબાઈ 2000 રૂપિયા ચૂકવે તો તેના પરનો અધિકાર જતો કરવાની તૈયારી બતાવી. આ રીતે કેસનું સમાધાન થયું. પણ તેણે ઊભી કરેલી ચર્ચાના પગલે બીજા કાયદામાં થોડા સુધારા જરૂર થયા.

પરંતુ રકમાબાઈની જિંદગીનો બીજો અધ્યાય હજુ બાકી હતો. તેમને ડોક્ટર બનવું હતું. તે વખતે મહારાષ્ટ્રમાં એક પણ સ્ત્રી ડોક્ટર ન હતી. સારવારના અભાવે સ્ત્રીઓ મૃત્યુ પામતી. એક અંગ્રેજ મહિલા ડોક્ટરની ભલામણથી એક જાણીતું દંપતી તેમને લંડનમાં પોતાના ઘરે રાખવા તૈયાર થયું. 22 વર્ષનાં રકમાબાઈ એક મહિનો સ્ટીમરમાં મુસાફરી કરી એકલાં, અજાણ્યા દેશમાં ડોક્ટર બનવા નીકળી પડ્યાં. 1890માં લંડન સ્કૂલ ઓફ મેડિસિન ફોર વીમેનમાં દાખલ થયાં અને ખૂબ જ મહેનતના અંતે 1895માં ડોક્ટર બન્યાં. ભારત આવી મુંબઈની કામા હોસ્પિટલમાં જોડાયાં. ત્યાર બાદ થોડા જ વખતમાં તેમને સુરતમાં શરૂ થનાર સ્ત્રીઓ તેમ જ બાળકોની હોસ્પિટલમાં જોડાવાનું આમંત્રણ મળ્યું. અને સુરત તેમની કર્મભૂમિ બન્યું. સુરતમાં આ હોસ્પિટલ જ નહીં પરંતુ સ્ત્રીઓની વિવિધ સંસ્થાઓ અને પ્રવૃત્તિઓ શરૂ કરવામાં સહભાગી બન્યાં. આજે પણ સુરતમાં "રકમાબાઈ હોસ્પિટલ" છે. 1896માં પ્લેગ અને 1897માં દુષ્કાળ વખતે લોકો સુરત છોડીને જતા હતા ત્યારે તેમણે ખડે પગે દર્દીઓની સેવા કરી અને સરકારે તેમને

'કેસરે - હિંદ'નો ઈલ્કાબ આપ્યો. 1918 પછી સૌરાષ્ટ્રના ચીફ ડોક્ટર તરીકે રાજકોટની હોસ્પિટલમાં જોડાયાં અને ત્યાં અનેક સ્ત્રીઓની જિંદગી બદલવામાં નિમિત્ત બન્યાં. તેમણે રેડ ક્રોસ સોસાયટીની પ્રવૃત્તિની શરૂઆત કરી. જીવનભર તેમણે સખારામ અર્જુનનાં અન્ય સંતાનોની કાળજી રાખી અને દાક્તરી ઉપરાંત સ્ત્રીઓ અને બાળકોના વિકાસ માટે કામ કર્યું.

*નીરુ:* રકમાબહેને તે જમાનામાં આટલી બધી હિમ્મત કરી તેથી તેમને શાબાશી આપવી જોઈએ.

*કમલા:* પણ "સ્વરાજ મારો જન્મ સિદ્ધ હક્ક છે" જેવું ક્રાંતિકારી સૂત્ર આપનાર બાલ ગંગાધર ટિળક જેવા નેતાએ આવું વલણ લીધું તે નવાઈ લાગે તેવી વાત છે!


*શકરી:* હાસ્તો... જો દરેકને પોતાની પર રાજ કરવાનો હક્ક હોય તો સ્ત્રીને કેમ નહીં? ચાર ફેરા ફર્યા અને ચાર મંત્રો બોલ્યા એટલે જાણે સ્ત્રીનો તેના જીવન અને તેના શરીર પર કોઈ હક્ક નહીં?


*એકતા:* આવા જ પ્રશ્નો રકમાબાઈ અને તેનું સમર્થન કરનાર સુધારકોએ ઉઠાવ્યા પરંતુ ટિળક જેવા કેટલાક રાષ્ટ્રવાદી આગેવાનોએ એવું વલણ અપનાવ્યું કે અંગ્રેજ સરકારને હિંદુ ધર્મના કાયદાઓનું અર્થઘટન કરવાનો અધિકાર નથી. તેઓ સમજી શક્યા નહિ કે સ્ત્રીઓની પરિસ્થિતિના મૂળમાં રહેલી જ્ઞાતિપ્રથા અને પિતૃસત્તાક વ્યવસ્થાને પડકાર્યા વગર માત્ર ભારતીય સંસ્કૃતિના ભવ્ય ભૂતકાળની વાત કરવાથી આ પ્રશ્નો ઉકેલી શકાય તેમ નથી.


*આશા:* બરોબર, આપણે આગળ યુરોપના અનુભવની વાત કરી હતી. યુરોપની જેમ જ, આપણા નેતાઓએ પણ માણસના જન્મસિદ્ધ હક્કની વાત કરી પણ તેમાંથી અડધોઅડધ માનવજાતને બાકાત જ રાખી.

*એકતા:* અને અંગ્રેજ સરકારે પણ 1857ના બળવા પછી નક્કી કર્યું હતું કે "તેઓ ગુલામ દેશોની ધાર્મિક બાબતમાં દખલગીરી નહીં કરે" કારણ કે સમાજના રૂઢિચુસ્ત લોકોની વિરુદ્ધમાં જઈ મુઠ્ઠીભર સુધારકોના કહેવાથી બહુમતીનો રોષ વહોરી લેવાની તેમની તૈયારી ન હતી. તેથી સતીપ્રથા વિરુદ્ધ કાયદો પસાર કર્યા પછી અંગ્રેજ સરકારે ભારતના સુધારકોની વારંવારની માંગણી છતાં સુધારાના બીજા કોઈ કાયદા પસાર કર્યા નહીં.









સ્ત્રીઓને ન્યાય આપવાને બદલે પોતાની સત્તા સાચવવાનું તેમનું વલણ રકમાબાઈના કેસમાં સ્પષ્ટ રીતે જોવા મળ્યું હતું.

*ફરઝાના:* શું મુસલમાન સ્ત્રીઓને શિક્ષણનો હક્ક મળે તે માટે કોઈ પ્રયત્ન કર્યો હતો?

*એકતા:* ઘણાં મુસલમાન પુરુષો અને સ્ત્રીઓએ તે માટે કામ કર્યું હતું. જેમ કે નઝીર અહમદ, મૌલવી સૈયદ મુમતાઝ અને તેમની બીબી મુહમ્મદી બેગમ, કરામત હુસૈન, શેખ અબ્દુલ્લા વગેરેને યાદ કરવા પડે. તેમાંથી નઝીર અહમદ વિશે તમને જણાવીશ. બીજનૌરમાં જન્મેલા નઝીર અહમદ અંગ્રેજ સરકારના અફસર હતા. તેમણે પોતાની દીકરીઓને ભણાવવાનું નક્કી કર્યું પણ તે માટે કોઈ યોગ્ય પુસ્તક ન મળતાં 1869માં એક ખાસ પુસ્તક તૈયાર કરાવ્યું, જેનું નામ હતું "મિરાતુલ ઉરુસ".

*આશા:* મિરાતુલ ઉરુસ?

*એકતા:* એટલે કે ગૃહિણી દર્પણ. ખૂબ પ્રખ્યાત બનેલા આ પુસ્તકમાં તે સમયના પ્રમાણમાં ઘણી જ ક્રાંતિકારી કહી શકાય તેવી વાતો લખી હતી જેમ કે, "લોકો સ્ત્રીઓને ભણાવવા-લખાવવાને ખરાબ કે ગુનો માને છે કારણ કે તેમને ડર છે કે સ્ત્રીઓ પરાયા પુરુષોને પત્રો લખતી થઈ જાય અને તેમની પવિત્રતા અને પરદાદારી પર દોષ પેદા થાય. તેની સામે તેમાં લખ્યું હતું

કે "આ માત્ર શૈતાની આશંકાઓ છે. અને મુલ્કની તેમ જ સ્ત્રીઓની કમનસીબી જ લોકોને ભડકાવી રહી છે. ઈલ્મ (શિક્ષણ) ઈન્સાનને બગાડતું હોય અને ખરાબ લક્ષણ શિખવાડતું હોય તો પુરુષોને પણ વાંચવા લખવાની મનાઈ હોવી જોઈએ કે જેથી બગડી ન જાય... ખુદાએ સ્ત્રીઓને આટલી બધી અક્કલ આપી છે જ એટલા માટે કે તેઓ ઈલ્મ હાંસિલ કરે (શિક્ષણ મેળવે)."

*રેશ્મા:* અને મુસલમાન સ્ત્રીઓ...

*એકતા:* સ્ત્રીઓમાં બે મહત્ત્વનાં નામ છે અશરફુન્નિસા કે જેઓ રસોડાના તવાની કાળાશ વડે જમીન કે કાગળ પર લખી લખીને અક્ષરોની નકલ કરી આપમેળે મહેનત કરી ઉર્દુ વાંચતાં લખતાં થયાં અને બીજા છે રુકૈયા સખાવત હુસૈન. તેમાંથી હું તમને રુકૈયા સખાવત હુસૈનની વાત કરીશ.

તેમણે તે જમાનામાં લખેલી વાર્તા, "સુલતાનાનું સ્વપ્ન" તો આજની તમામ નારીવાદી સ્ત્રીઓને માટે પણ પ્રેરણારૂપ બને તેવી છે.

## **રુકૈયા સખાવત હુસેન** 1880-1932



રુકૈયાનો જન્મ 1880માં થયો હતો. તેમના પિતા ખૂબ જ રૂઢિચુસ્ત હતા. તેમના કુટુંબની સ્ત્રીઓ હંમેશાં બુરખામાં જ રહેતી. સ્ત્રીઓને કુરાન સિવાય બીજું કોઈ પુસ્તક વાંચવાની છૂટ ન હતી. રુકૈયાને અંગ્રેજી ભણવાની ખૂબ ઇચ્છા હતી. તેની શિક્ષણ માટેની આટલી તીવ્ર ઝંખના જોઈ તેના મોટાભાઈનું હૃદય પીગળી ગયું. પણ કુટુંબનો વિરોધ કરવો કઈ રીતે? જ્યારે ઘરના બધા સભ્યો સૂઈ જાય ત્યારે છાનામાના મીણબત્તી સળગાવી ભાઈએ બહેનને ભણાવવાનું શરૂ કર્યું.

તેમનાં લગ્ન 16 વર્ષની ઉંમરે સૈયદ સખાવત હુસૈન સાથે થયાં. રુકૈયાની ભણવાની આટલી અદમ્ય ઇચ્છા જોઈ તેમના પતિ તેમને આગળ વધુ શિક્ષણ મેળવવામાં મદદરૂપ થયા. તેઓ અંગ્રેજી ભાષા ખૂબ સારી રીતે શીખ્યાં અને પોતાના પતિના કામમાં તેમનો પત્રવ્યવહાર સંભાળીને મદદ કરવા લાગ્યાં. પણ તેઓ જ્યારે 29 વર્ષનાં હતાં ત્યારે જ તેમના પતિનું મૃત્યુ થયું. પરંતુ રુકૈયા હિમ્મત ના હારી. રુકૈયાને છોકરીઓ માટે શિક્ષણની પ્રવૃત્તિઓ કરવાની ખૂબ ઇચ્છા હતી. તેમણે છોકરીઓ માટે એક શાળાની શરૂઆત કરી. રૂઢિચુસ્તોએ

તેમનો સખત વિરોધ કર્યો. આખરે તેઓ કલકત્તા ગયાં અને ત્યાં એક શાળા શરૂ કરી. તેમણે શરૂ કરેલી શાળા આજે પણ કલકત્તાની સારી શાળાઓમાંની એક ગણાય છે. તેમણે બંગાળી તેમ જ અંગ્રેજીમાં પુસ્તકો લખ્યાં. 1908ની સાલમાં તેમણે લખેલી વાર્તા "સુલતાનાનું સ્વપ્ન" આજના જમાનામાં પણ ક્રાંતિકારી લાગે તેવી છે. આ વાર્તામાં તેમણે કલ્પના કરી છે કે જો સ્ત્રી અને પુરુષની ભૂમિકા ઊંધી થઈ જાય તો દુનિયા કેવી હોય!

1932માં 9 ડિસેમ્બરે વહેલી સવારે તેમનું મૃત્યુ થયું. મૃત્યુની આગલી રાતે 11 વાગ્યા સુધી તેઓ શાળાનું કામ કરતાં હતાં અને સવારે તેમના ટેબલ પરથી 'સ્ત્રીઓના અધિકારો' મથાળાવાળો એક લેખ અડધો લખેલો મળી આવ્યો. આમ, જીવનના અંતિમ શ્વાસ સુધી તેમણે સ્ત્રીઓ માટે કામ કર્યું.

*કમલા:* રુકૈયા સખાવત હુસેનની વાત સાંભળીને તો મને પણ થાય છે કે જિંદગીમાં કંઈક કરવું જોઈએ.

*રેશ્મા:* હા, સ્ત્રીની જિંદગી ચૂલા-ચોકા ને બાળકો વચ્ચે જ શરૂ થાય અને ત્યાં જ પૂરી થાય તેવા સમાજના નિયમોને આપણે શા માટે માનવા? આ વાત પર એક સરસ મજાનું ગીત ગાઈશું.

## મૈંને સપના સુહાના એક દેખા

મૈંને સપના સુહાના એક દેખા
મુઝે બાંધ સકે ના કોઈ રેખા

દૌડી એસી મૈં તેજ જૈસે,
પાંવ ચલે પાની કી રેલ રે
મૈં તો જીત ગઈ સબ કે સબ ખેલ રે
મેરે મજબૂત પૈર કર લે એક લંબી સૈર
બદલે અપની કિસ્મત કા લેખા...
મુઝે બાંધ સકે ના કોઈ રેખા

છૂને કો આસમાન, હાથ ઉઠાયે મૈંને
દેખા તો પંખ નિકલે હાથ મેં
કાનોં મેં જાકે મૈંને માં કો મંતર ફૂંકા
તુમ ભી ચલો ના મેરે સાથ મેં
પહુંચે હમ દોનોં જહાં રોક ન ટોક વહાં
રાહેં બનેં હાથોં કી રેખા...
મુઝે બાંધ સકે ના કોઈ રેખા



પહુંચે ઔર ભી આગે જહાં
ખિલખિલ ઉઠા યે દિલ ડોલ કે
કુછ ભી પઢને કો સબ દરવાજે ખોલ કે
ઠાન લૂં જો ભી મન મેં, કર ભી લૂં ઇસી જીવન મેં
સપના સચ હોને વાલા મેરા...
મુઝે બાંધ સકે ના કોઈ રેખા.

- મીનલ પટેલ

*એકતાઃ* ખૂબ સરસ ગીત. આ જ રીતે ભારતની સ્ત્રીઓએ રેખાઓનાં બંધનો તોડવાની શરૂઆત કરી હતી અને 20મી સદી આવતાં સુધીમાં શિક્ષિત સ્ત્રીઓની એક પેઢી તૈયાર થઈ ગઈ હતી. પુરુષ- સુધારકોના ટેકાથી દેશના અલગ અલગ ભાગોમાં સ્ત્રીઓએ પોતે જ શરૂ કરેલી સંસ્થાઓ દેખાવા માંડી.

ભારત મહિલા પરિષદ, પારસી વીમેન્સ સર્કલ, અન્જુમને-ખવાતીન-એ-ઇસ્લામ વગેરે સ્ત્રી સંસ્થાઓ 20મી સદીની શરૂઆતમાં સ્થપાઈ. જો કે, તેમણે કયા પ્રશ્નો ઉઠાવવા અને કેવાં કામ કરવાં તેની પર પુરુષ સુધારકોની સીધી કે આડકતરી અસરો હતી. તેમણે બાંધેલી મર્યાદાની વચ્ચે એક કુશળ ગૃહિણી, સુશિક્ષિત માતા અને કુટુંબની જવાબદારી સારી રીતે પૂરી કર્યા પછી સામાજિક કામોમાં પણ સ્ત્રીઓ ભાગ લે તેવી તેમની અપેક્ષા હતી. જો કે, વખત જતાં આ સંસ્થાઓમાં કામ કરવાનો અનુભવ લઈ કેટલીક શિક્ષિત સ્ત્રીઓ પોતાના પ્રશ્નો પોતાના હાથમાં લઈ શકે તેટલી કાબેલ બની ગઈ અને તેમણે પોતે સ્ત્રી સંસ્થાઓ સ્થાપવા માંડી.

*શકરીઃ* તેમની વાતો ફરી મળીએ ત્યારે કરજો. આજે હવે ચર્ચા પૂરી કરીએ.



# સ્ત્રી સંસ્થાઓની શરૂઆત અને આઝાદીની લડતમાં સ્ત્રીઓ

*એકતા:* શરૂઆતમાં શિક્ષિત પુરુષોના ટેકાથી જાહેર જીવનમાં આવેલી સ્ત્રીઓની દીકરીઓએ પણ જ્યારે શિક્ષણ લેવા માંડ્યું ત્યારે તેઓ પોતાની માતાઓથી એક ડગલું આગળ વધી અને સ્ત્રીઓની પોતાની સંસ્થાની શરૂઆત કરી. આવી જ એક સ્ત્રી હતી સરલાદેવી ચૌધરાણી.

## **સરલાદેવી ચૌધરાની** 1872-1946

સરલાદેવીનો જન્મ 1872માં સાહિત્યકાર અને સમાજ સેવિકા સ્વર્ણકુમારી દેવી (કે જે રવીન્દ્રનાથ ટાગોરનાં બહેન પણ હતાં)ની કૂખે બ્રહ્મોસમાજ સાથે જોડાયેલા પ્રગતિશીલ કુટુંબમાં થયો હતો. સરલાદેવી 23 વર્ષની વયે કુટુંબના વિરોધ છતાં બંગાળ છોડી છેક માયસોરની કન્યા શાળામાં નોકરી કરવા ગયાં હતાં.

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે લખેલ ગીત વંદે માતરમ્‌ને રાષ્ટ્રગીત બનાવવાનો યશ સરલાદેવીને ફાળે જાય છે. આ ગીતની પ્રથમ બે કડીની ધૂન રવીન્દ્રનાથ ટાગોરે બનાવી હતી. પરંતુ બાકીની કડીઓને લયબદ્ધ સરલાદેવીએ કરી હતી અને કોંગ્રેસના અધિવેશન વખતે આ ગીત ગાઈ તેને પ્રખ્યાત બનાવ્યું હતું. તેમણે દેશભક્તિનાં અનેક ગીતોને સંગીતબદ્ધ કર્યાં હતાં. તેઓ માનતાં કે શારીરિક સક્ષમતા ખૂબ જરૂરી છે. તેમણે યુવાન છોકરા-છોકરીઓને તાલીમ આપવા 1903માં કલકત્તામાં માર્શલ આર્ટની અકાદમીની સ્થાપના કરી. તેઓ ક્રાંતિકારી ચળવળ સાથે સંકળાયેલાં હતાં.

લગ્ન પછી તેઓ પંજાબમાં સ્થિર થયાં હતાં. આ દરમ્યાન ભારતીય રાષ્ટ્રીય સામાજિક પરિષદની સાથે સાથે સ્ત્રીઓના સવાલોની ચર્ચા કરવા સભા યોજાતી. પરંતુ વર્ષમાં એક વાર યોજાતી આ સભામાં સ્ત્રીઓના સવાલોને પૂરતો ન્યાય મળતો નથી તેવું લાગતાં સરલાદેવીએ સ્ત્રીઓનું એસોશીયેશન સ્થાપવાનું નક્કી કર્યું. સાથી પુરુષ કાર્યકરોએ જ્યારે તેનો વિરોધ કર્યો ત્યારે તેમણે લખ્યું કે, "પુરુષો પોતાને નબળી જાતિના ઉદ્ધારક ગણાવે છે. સ્ત્રી શિક્ષણ, સ્ત્રીઓને સમાન તક જેવા વિષયો વર્ષમાં એક વાર ભરાતી સભામાં ભાષણ કરવા માટે તેમની પસંદગીના ખાસ વિષયો હોય છે પરંતુ તેઓ મનુના પડછાયામાં રહે છે અને સ્ત્રીઓને સ્વતંત્ર કામ કરવા દેવાનો વિરોધ કરે છે.

આખરે 1910માં લાહોર ખાતે ભારત સ્ત્રી મહામંડળની તેમણે સ્થાપના કરી. ભારતનાં અનેક શહેરોમાં તેની શાખાઓ સ્થપાઈ. તેનો મુખ્ય હેતુ સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન આપવાનો હતો. આ સંસ્થાની અલ્લાહાબાદ શાખામાં તો છોકરીઓને શાળામાં બોલાવવા શિક્ષકોને ઘરે ઘરે સમજાવવા મોકલ્યા હતા. ભારત સ્ત્રી મહામંડળની ખાસિયત એ હતી કે તેણે દરેક ધર્મ અને જ્ઞાતિની સ્ત્રીઓને એક સૂત્રે સાંકળવાનું મહત્ત્વનું કામ કર્યું.

1919 પછી તેઓ ગાંધીજીના સંપર્કમાં આવ્યાં અને અહિંસક સત્યાગ્રહમાં માનતાં થયાં. સાહિત્યના ક્ષેત્રમાં પણ તેમનું પ્રદાન મહત્ત્વનું રહ્યું. બંગાળના સાહિત્યિક સામયિક "ભારતી"નું તેમણે 10 વર્ષ સુધી સંપાદન કર્યું હતું.





*ફરઝાના:* દેશભક્તિનાં ગીતો પ્રચલિત કરનાર આ બહેનની વાત સાંભળીને ખૂબ આનંદ થયો.

*એકતા:* ભારતમાં સ્ત્રીઓની સંસ્થા સ્થાપવામાં આયર્લેન્ડનાં બે બહેનોનો ફાળો પણ ખૂબ મહત્ત્વનો છે. તેમાંનાં એક છે **એની બેસન્ટ**.



તેઓ 1893માં ભારત આવ્યાં અને મદ્રાસમાં થિયોસોફિકલ સોસાયટી સાથે સંકળાયાં. તેઓ કહેતાં કે, 'જ્યાં સુધી પુરુષના અધિકારો (Man's Rights) , માનવ અધિકારો (Human Rights) નહીં બને ત્યાં સુધી સમાજ ક્યારેય નક્કર ન્યાયના પાયા પર સ્થાપિત થશે નહીં... ક્યાં તો બધા જ માનવોને સમાન અધિકાર છે અથવા કોઈને નથી...' અંગ્રેજ સામ્રાજ્યવાદના પ્રખર વિરોધી એવા એની બેસન્ટ ભારતની આઝાદીની લડતના અગત્યના આગેવાન બન્યાં. 1916માં તેમણે હોમરુલ લીગની સ્થાપનામાં ભાગ ભજવ્યો. 1917ના કલકત્તા અધિવેશનમાં તેઓ કોંગ્રેસના પ્રથમ મહિલા પ્રમુખ બન્યાં અને તેમની અસર હેઠળ કોંગ્રેસે સ્ત્રીઓ માટે પણ પુરુષો જેવા સમાન મતાધિકારના સિદ્ધાંતનો સ્વીકાર કર્યો. અંગ્રેજ સરકાર પાસે મતાધિકારની માંગણી માટે ગયેલા ડેલીગેશનમાં માર્ગારેટ કઝીન્સ, સરોજીની નાયડુ અને આઠ બહેનો સાથે તેઓ પણ હતાં.

*આશા:* તે આ **માર્ગારેટ કઝીન્સ** પણ કોઈ પરદેશી મહિલા હતાં?

*એકતા:* હા. તેઓ પણ મૂળ આયર્લેન્ડનાં વતની હતાં. આ નારીવાદી મહિલા આગેવાન 1915માં ભારતમાં આવ્યાં અને પછી ભારતને જ પોતાનું ઘર બનાવ્યું. તેમણે **'વીમેન્સ ઈન્ડિયન એસોસિયેશન'**ની સ્થાપના કરી.

આ સંસ્થાએ ભારતની છોકરીઓ અને સ્ત્રીઓ માટે કેવું શિક્ષણ જોઈએ તેની માંગણી અંગ્રેજ સરકાર સુધી એક અવાજે પહોંચાડવા માટે એક રાષ્ટ્રીય પરિષદ બોલાવવાનું નક્કી કર્યું. દેશના જુદા જુદા ભાગોમાં કામ કરતી સંસ્થાઓને પત્રો લખી અપીલ કરી કે તેઓ પોત-પોતાના ગામ કે શહેરમાં સ્ત્રીઓની મીટિંગ બોલાવી સરકારને મોકલવાનું આવેદનપત્ર તૈયાર કરે. આ રાષ્ટ્રીય પરિષદ 1927માં પુણેમાં 2000 જેટલા લોકોની હાજરીમાં થઈ. વડોદરાનાં મહારાણી ચીમનાબાઈ તેનાં પ્રમુખ હતાં. દેશનાં 58 સ્થળોના પ્રતિનિધિઓમાંથી મોટા ભાગનાએ પોતાના આવેદનપત્રમાં સ્ત્રીઓ માટે એવા શિક્ષણની માંગણી

કરી કે જે તેમને સારી ગૃહિણી અને માતા બનાવી શકે. જો કે સાથે ડોક્ટર, વકીલ જેવા વ્યવસાયોમાં સ્ત્રીઓ જાય તેવી માંગણી પણ ઊઠી.

*રેશ્મા:* એટલે કે હજુ સુધી સ્ત્રીને એક વ્યક્તિ તરીકે પોતાનો વિકાસ કરવા શિક્ષણની જરૂર છે તેવી માંગ કરવા જેટલી જાગૃતિ તેમનામાં આવી ન હતી.

*એકતા:* તમે બરાબર સમજ્યા. આ સભામાં ભારતની એક મહત્ત્વની સ્ત્રી સંસ્થાની સ્થાપના કરવામાં આવી અને તેનું નામ રાખ્યું **અખિલ હિંદ મહિલા પરિષદ**.

શરૂઆતમાં અખિલ હિંદ મહિલા પરિષદનો મુખ્ય હેતુ સ્ત્રીઓની શૈક્ષણિક સમસ્યાઓ માટે કામ કરવાનો હતો પણ આગળ જતાં તેમણે બાળલગ્નનો વિરોધ, લગ્ન માટેની સ્ત્રીની સહમતીની ઉંમરમાં વધારો, વારસા હક્કમાં સ્ત્રીનો ભાગ, એક કરતાં વધારે પત્નીનો વિરોધ, કુટુંબ નિયોજન જેવા પ્રશ્નો ઉઠાવવા માંડ્યા. વખત જતાં સ્ત્રી કામદારોના પ્રશ્નો, ગામડાના વિકાસના પ્રશ્નો, ઉદ્યોગો, પાઠ્યપુસ્તકો, માધ્યમોમાં સ્ત્રીની છબી જેવા પ્રશ્નો પણ તેણે ચર્ચવા માંડ્યા. દેશ અને રાજ્યથી શરૂ કરીને તેની શાખાઓ ઝડપથી જિલ્લા અને તાલુકાઓમાં ફેલાવા માંડી. અલગ અલગ પક્ષની જુદી જુદી વિચારસરણી ધરાવતી સ્ત્રીઓ તેમાં એકસાથે કામ કરતી હતી. આ સંસ્થા ભારતની સ્ત્રીઓની પ્રતિનિધિ જેવી બની ગઈ.

*કમલા:* તો શું તેઓ ભારતની આઝાદીની લડતમાં ના જોડાયા?

*એકતા:* અખિલ હિંદ મહિલા પરિષદે શરૂઆતમાં રાજકારણથી અલગ રહેવાનો વિચાર કર્યો હતો પણ જેમ જેમ આઝાદીની લડત વધુ જોશીલી બની તેમ તેમ રાજકીય મુદ્દાઓ પણ તેમાં ચર્ચાવા માંડ્યા. અખિલ હિંદ મહિલા પરિષદના ઘણા બધા નેતાઓ આઝાદીના આંદોલનના પણ આગેવાન હતા. સરોજિની નાયડુ, રામેશ્વરી નહેરુ, વિજયાલક્ષ્મી પંડિત, કમલાદેવી ચટ્ટોપાધ્યાય, રાજકુમારી અમૃત કૌર, મુથુલક્ષ્મી રેડ્ડી, લક્ષ્મી મેનન, રેણુકા રે અને માસુમા બેગમ જેવી રાષ્ટ્રવાદી સ્ત્રીઓ આ સંસ્થાની આગેવાન કે પ્રમુખ બની હતી.

તેમાંનાં કેટલાંક બહેનો વિશે હવે પછી જાણીશું.

## આઝાદીની લડતમાં સ્ત્રીઓ

*એકતા:* 20મી સદીમાં આઝાદીની લડત વધુ તેજ બની. દક્ષિણ આફ્રિકામાં રંગભેદ સામેની ચળવળનો અનુભવ લઈ ગાંધીજી ભારતમાં આવ્યા પછી તેમણે આઝાદીના આંદોલનમાં અહિંસક સત્યાગ્રહની નીતિ અપનાવી. સત્યાગ્રહની લડતમાં તમામ વર્ગની સ્ત્રીઓ જોડાઈ.

*કમલા:* "સત્યાગ્રહ"ની પ્રેરણા ગાંધીજીને કસ્તુરબા પાસેથી જ મળી હતીને!

*શકરી:* એ કઈ રીતે?

*એકતા:* 13 વર્ષની ઉંમરે કસ્તુરબાનાં લગ્ન મોહનદાસ ગાંધી સાથે થયાં હતાં. યુવાનીમાં ગાંધીજી પોતાની પત્ની પર પ્રભુત્વ જમાવવાની કોશિશ કરતા પરંતુ કસ્તુરબા તેને વશ ન થતાં. તેમને થતું કે મંદિર જવા માટે કે પિયર જવા માટે શા માટે પતિની પરવાનગી લેવી પડે? ગાંધીજીના વિચાર સાથે જ્યારે કસ્તુરબા સહમત ન થયાં ત્યારે વાદ-વિવાદ કે ઝઘડવાને બદલે શાંત છતાં મક્કમ વિરોધ કરે... ગાંધીજી કેટલાય ગુસ્સે થાય પરંતુ કસ્તુરબા પાસે તેમનું મન ન સ્વીકારે તે કામ કરાવી ન શકતા. કસ્તુરબાના મક્કમ વિરોધમાંથી ગાંધીજીને આ પદ્ધતિની અસરકારકતા કેટલી છે તેનો ખ્યાલ આવ્યો અને આઝાદીની લડત માટે "સત્યાગ્રહ"ની પદ્ધતિ અમલમાં મૂકવાની પ્રેરણા મળી.



**કસ્તુરબા ગાંધી**
1869-1944

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં આશ્રમ સ્થાપી સ્વૈચ્છિક ગરીબી સ્વીકારી અને અનેક પ્રયોગો કર્યા. આ બધામાં કસ્તુરબા તેમની પડખે રહ્યાં અને જેલમાં પણ ગયાં. ભારત આવ્યા પછી કોચરબ અને સાબરમતી આશ્રમમાં અનેક અંતેવાસીઓનાં તેઓ "બા" બન્યાં. તેઓ દરેક કામ ખૂબ જ સહજતાથી કરતાં. તેમનાં વક્તવ્યો હંમેશાં ટૂંકાં, સ્પષ્ટ અને હૃદય સોંસરવાં ઊતરી જાય તેવાં રહેતાં. મોહનદાસમાંથી "મહાત્મા ગાંધી" તરીકેનો ગાંધીજીનો વિકાસ થવામાં કસ્તુરબાનો ફાળો અમૂલ્ય હતો.

*ફરઝાના:* તેમ છતાં આપણે ગાંધીજી વિશે જેટલું સાંભળીએ છીએ તેટલું કસ્તુરબાનું નામ સાંભળવા મળતું નથી.

*એકતા:* મેં કહ્યું તેમ આઝાદીની લડતમાં લાખો સ્ત્રીઓ જોડાઈ હતી. આ બધી સ્ત્રીઓનાં નામ પણ ઇતિહાસમાં ક્યાંય નોંધાયેલાં

નથી. તેમાંથી કેટલીક જાણીતી સ્ત્રીઓની વાત કરીએ. આ લડતમાં કપૂરથલાના રાજવી કુટુંબની રાજકુમારી અમૃતકૌર જેવી સ્ત્રીઓએ ભાગ લીધો, સરોજિની નાયડુ, કમલાદેવી ચટ્ટોપાધ્યાય જેવી વિલક્ષણ સ્ત્રીઓએ પોતાની પ્રતિભા દર્શાવી તો દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારનાં દશરીબહેન કાનજીભાઈએ પણ એટલું જ મહત્ત્વનું યોગદાન આપ્યું અને સાત બહેનો તરીકે ઓળખાતાં આસામ, મણિપુર, નાગાલેન્ડ જેવાં ઈશાની રાજ્યોની સ્ત્રીઓ પણ તેમાં પાછળ ન હતી. તેમાંની કેટલીક બહેનોની વાતો ટૂંકમાં જોઈએ.

## **સરોજિની નાયડુ** 1876-1949



સરોજિની નાયડુને "હિન્દની બુલબુલ"નો ઈલ્કાબ મળ્યો હતો. તેઓ ખૂબ જ ઉચ્ચ કક્ષાનાં કવયિત્રી, તેજાબી વક્તા અને લોકપ્રિય નેતા હતાં અને કુશળ વહીવટકાર પણ હતાં.

નાની ઉંમરે આઝાદીની લડતમાં જોડાયાં અને આઝાદીની લડતની સાથે સાથે વિધવા પુનઃલગ્ન તેમ જ મતાધિકાર મળે તે માટે સતત ઝુંબેશ ચલાવી. સ્ત્રીઓને મતાધિકાર મળે તે માટે દેશભરમાં ફરીફરીને જાગૃતિ લાવવાનું કામ કર્યું. તે માટે ઈંગ્લેન્ડમાં રજૂઆત પણ કરી.

## **કમલાદેવી ચટ્ટોપાધ્યાય** 1903-1990

કમલાદેવી 12 વર્ષની નાની ઉંમરે બાળ વિધવા બન્યાં હતાં. આમ, નાની ઉંમરે જ સામાજિક અસમાનતાનો અનુભવ કરી તેઓ એક સ્વતંત્ર મિજાજ ધરાવનાર વ્યક્તિ બન્યાં હતાં. ત્યારબાદ તેમનો કલાકાર જીવ કલાકાર - સંગીતકાર એવા હરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય પ્રત્યે આકર્ષાયો અને સગાં-સંબંધીઓના વિરોધ વચ્ચે તેમણે હરેન્દ્રનાથ સાથે લગ્ન કર્યાં. 12 વર્ષના લગ્નજીવન બાદ આ સંબંધ પણ છૂટાછેડામાં પરિણમ્યો. તેઓ આઝાદીની લડતમાં જોડાઈ ગયાં. 1926માં મેંગ્લોરથી ચૂંટણી લડ્યાં અને ચૂંટણી લડનાર ભારતનાં પ્રથમ મહિલા બન્યાં. આ ચૂંટણીમાં તેમના પ્રચારનું કામ આયર્લેન્ડના ક્રાંતિકારી મહિલા માર્ગારેટ કઝીન્સે સંભાળ્યું હતું. થોડા જ મતે તેઓ ચૂંટણી હાર્યાં.

ભારતના સૌ પ્રથમ રાષ્ટ્રીય કક્ષાના સ્ત્રી સંગઠન અખિલ હિંદ મહિલા પરિષદની સ્થાપના કરનાર સભ્યોમાં તેઓ પણ એક હતાં.



1930થી તેમણે પોતાનું સંપૂર્ણ ધ્યાન અસહકારની લડતમાં આપ્યું. મુંબઈમાં મીઠાના સત્યાગ્રહનું આયોજન કરવાની જવાબદારી તેમને સોંપવામાં આવી હતી. અન્ય સ્થળોએ નાનકડાં જૂથો મીઠાનો કાયદો તોડવાનાં હતાં પરંતુ મુંબઈમાં કમલાદેવીએ એવું આયોજન કર્યું કે ખૂબ મોટી સંખ્યામાં લોકો તેમાં સંકળાય. એવું વિશાળ આયોજન કે જેની સામે મશિનગનો પણ શાંત થઈ જાય. સત્યાગ્રહની આગલી સાંજે જ તેમની ધરપકડ કરવામાં આવી પરંતુ છૂટા પડતી વખતે તેમણે સાથીદારોને કહ્યું કે બધું જ આયોજન મુજબ થવું જોઈએ. તેમનો સાત વર્ષનો પુત્ર પણ આ સત્યાગ્રહમાં જોડાયો. જ્યારે ધરપકડ બાદ તેમને કોર્ટમાં લઈ ગયા ત્યારે તેમણે ન્યાયાધીશને જ અંગ્રેજ સરકારની નોકરી છોડી સત્યાગ્રહમાં જોડાવા અપીલ કરી. તેમને નવ મહિનાની જેલની સજા થઈ.

યુવાનોને તાલીમ આપી તૈયાર કરતા સંગઠન 'રાષ્ટ્રીય સેવાદળ'માં તેમની કામગીરી ખૂબ નોંધપાત્ર રહી. તેઓ સેવાદળના સ્ત્રી શાખાના કમાન્ડર રહી ચૂક્યાં હતાં.

1942ની હિન્દ છોડો ચળવળમાં પણ તેઓએ આગળ પડતો ભાગ લીધો અને ધરપકડ વહોરી.

આઝાદી પછી કોઈ પણ રાજકીય પદ સ્વીકારવાને બદલે તેમણે હસ્તકલા અને હેન્ડલૂમના વિકાસ માટે કામ કર્યું. ઓલ ઇન્ડિયા હેન્ડક્રાફ્ટ બોર્ડના પ્રમુખ તરીકે ભારતના ખૂણે ખૂણેથી કલાકારો અને કારીગરોને પ્રોત્સાહન આપવાનું અને તેમની કલાને ગામનાં ઝૂંપડાંમાંથી દુનિયાના વિશાળ બજાર સુધી લઈ જઈ લાખો કારીગરોને રોજીરોટી મળે તેવું કામ કર્યું.

કારીગરો પ્રેમથી તેમને "હસ્તકલા મા"નું સંબોધન કરતા. વર્લ્ડ ક્રાફ્ટ કાઉન્સિલના ઉપપ્રમુખ તરીકે તેમણે ન્યૂ યોર્કમાં પણ સેવાઓ આપી. તેમને વિશ્વ વિખ્યાત મેગ્સેસે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

## અરુણા અસફઅલી 1906-1996

તેઓ બાળપણથી જ બંડખોર વિચારો ધરાવતાં હતાં. અંગ્રેજી સાહિત્ય પ્રત્યે તેમને ખાસ રુચિ હતી. તેમના બહેન-બનેવીના ઘરે અલ્લાહાબાદમાં તેમના મિત્ર અસફઅલી સાથે મુલાકાત થઈ. અસફઅલી એક સફળ વકીલ અને કોંગ્રેસના નેતા હતા. અંગ્રેજી સાહિત્ય પ્રત્યેની સરખી રુચિને કારણે તેઓ એકબીજાની નજીક આવ્યાં અને અનેક વિરોધોની વચ્ચે આંતરધર્મીય લગ્ન કર્યાં.

મીઠાના સત્યાગ્રહ વખતે અસફઅલીની ધરપકડ થઈ ત્યાર બાદ તેઓ પણ સત્યાગ્રહમાં જોડાયાં. તેમની ધરપકડ થઈ ત્યારે જજે તેમને તેઓ "સારું વર્તન" કરશે તેવી ખાતરી આપવા કહ્યું. અરુણાએ આવી ખાતરી આપવાની ના પાડી અને તેમને લાહોર જેલમાં મોકલવામાં આવ્યાં. એક વર્ષ તેઓ જેલમાં રહ્યાં. 1932માં ફરી તેમની ધરપકડ થઈ ત્યારે દિલ્હીની જેલમાં તેઓએ મહિલા કેદીઓનું સંગઠન કર્યું.

1942માં હિન્દ છોડો આંદોલન શરૂ થાય તે પહેલાં જ મુંબઈમાં પોલીસે બધા જ નેતાઓની ધરપકડ કરી. પોલીસ માનતી હતી કે બધા મુખ્ય નેતાઓ જેલમાં છે તેથી આંદોલન નહીં થઈ શકે પરંતુ અરુણા નક્કી થયેલા કાર્યક્રમ મુજબ મુંબઈના ગોવાળિયા ટેન્ક મેદાનમાં પહોંચી ગયાં અને નક્કી કર્યા મુજબ સમયસર ઝંડો ફરકાવ્યો. પોલીસે જનમેદની વિખેરવા નિર્દયતાથી લાઠીચાર્જ કર્યો અને ટિયર ગેસના સેલ છોડ્યા. તેમ છતાં મેદની હટી નહિ





અને અરુણાની આગેવાની હેઠળ કોંગ્રેસ હાઉસ તરફ જવા સરઘસ આકારે સૌ નીકળ્યાં.

પોલીસ તેમની ધરપકડ કરવા માંગતી હતી પરંતુ તેઓ પોલીસને થાપ આપી ભૂગર્ભમાં રહી કાર્યકરોને સંગઠિત કરતાં રહ્યાં. 1946 સુધી આ રીતે એક સ્થળેથી બીજે સ્થળે અને એક ગામથી બીજે ગામ ભાગતા રહી પ્રવૃત્તિ ચલાવી. જ્યારે તેમની સામેનું વોરન્ટ રદ થયું ત્યારે જ ભૂગર્ભમાંથી બહાર આવ્યાં.

આઝાદી પછી અસફઅલીને સ્વતંત્ર ભારતના એમ્બેસેડર તરીકે વોશિંગ્ટન જવાનું થયું ત્યારે અરુણાએ કહ્યું કે જ્યારે મારી મા (ભારત દેશ) બીમાર છે ત્યારે હું તેને છોડીને પરદેશ નહીં જાઉં. જીવનપર્યંત તેમણે સ્ત્રીઓ અને યુવાનોની સાથે કામ કર્યું. તેઓ શોષિતોનો અવાજ રજૂ કરતા 'લીંક' નામના સાપ્તાહિક અને 'પેટ્રીઅટ' નામના દૈનિક સાથે સંકળાયાં.

## રાની ગાઈડીન્લ્યુ 1915-1993

નાગાલેન્ડના ઉત્તરમાં આવેલા કચાર પહાડી પ્રદેશમાં આદિવાસીઓમાં અસહકારની લડત તેમણે ચલાવી હતી. 13 વર્ષની ઉંમરે તેઓ સ્વાતંત્ર્ય-સંગ્રામમાં જોડાયાં હતાં. તેમના પિતરાઈ ભાઈએ 1925માં મણિપુરના લોકોને સત્યાગ્રહમાં જોડવાનું શરૂ કર્યું હતું. અને તે માટે તેમને બ્રિટિશરોએ ફાંસીની સજા આપી હતી. ગાઈડીન્લ્યુંએ તેમનું સ્થાન લઈ લડત આગળ ચલાવી અને ઉત્તર કચારના પહાડી પ્રદેશોમાં ચાલ્યાં ગયાં. જ્યાં 1931-32માં વેરા નહીં આપવાની લડત ચલાવી. અંગ્રેજોએ તેમને પકડવા માટે ખૂબ કોશિશ કરી અને જાતજાતનાં છટકાં ગોઠવ્યાં પરંતુ તેઓ પોતાના સાથીદારો સાથે જંગલમાં છટકી જઈ મહિનાઓ સુધી બ્રિટિશ પોલીસને પોતાની પાછળ દોડાવતાં રહ્યાં. અંતે તેમની ધરપકડ થઈ અને જેલની સજા થઈ.

## દશરીબહેન કાનજીભાઈ 1919–

દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારનાં રહેવાસી દશરીબહેન 10 વર્ષની કુમળી ઉંમરે બારડોલી સત્યાગ્રહમાં જોડાયાં. 1928માં સરદાર પટેલની સૂચના મુજબ તેમણે બહેનોની ટુકડી બનાવી ગામે ગામે ફર્યાં અને લોકોને મહેસૂલ ન ભરવા સમજાવ્યાં. તે વખતે જે મહેસૂલ ન ભરે તેને અને જે ન ભરવાનો પ્રચાર કરે તેને પણ પોલીસો ખૂબ માર મારતા. ત્યાર બાદ તેમણે દારૂનાં પીઠાઓ પર પિકેટિંગ પણ કર્યું.

1933માં છ બહેનોની એક ટીમ સુરતમાં પરદેશી કાપડનો વિરોધ કરવા ગઈ. તેમાં દશરીબહેન સૌથી નાનાં 15 વર્ષની ઉંમરનાં હતાં. આ ટીમે માર્કેટમાં જઈ વિદેશી કાપડની હોળી અંગે સૂત્રોચ્ચાર શરૂ કર્યો. થોડી વારમાં લોકોનું ટોળું ભેગું થઈ ગયું. દુકાનદાર ગભરાયા ને તેણે પોલીસ બોલાવી. પોલીસ તેમને પકડીને લઈ ગઈ અને જજની સામે ઊભા કર્યાં, જ્યારે જજે તેમને નામ પૂછ્યું તો તેમણે ખોટું નામ આપ્યું. સરનામું પૂછ્યું તો કહ્યું કે ભારતમાંથી આવું છું. અમે તો રાષ્ટ્રીય ચળવળ માટે દરેક જગ્યાએ ફર્યા કરીએ. તેથી અમારું કોઈ ચોક્કસ સરનામું નથી. કારણ કે જો સાચું સરનામું આપે તો પોલીસ તેમનાં માતા-પિતાને હેરાન કરે, તેમને દંડ કરે. તેમણે પોતાની ઉંમર પણ 15 વર્ષની ન બતાવી પણ તેમણે સાડી પહેરેલી એટલે પોલીસે 18 વર્ષની ધારી લીધી.



જજે કહ્યું કે તમે માફી માંગો તો તમને છોડી દઈએ પણ દશરીબહેને માફી માંગવાની ના પાડી તેથી તેમને 1 વર્ષની જેલની સજા થઈ. પહેલાં સાબરમતી અને પછી પૂનાની યરવડા જેલમાં લઈ ગયાં. ત્યાં સરોજિની નાયડુ, કસ્તુરબા વગેરેની સાથે રહ્યાં. દશરીબહેન પાંચ ચોપડી ભણેલાં હતાં. તેમણે કસ્તુરબાને યરવડા જેલમાં વાંચતાં-લખતાં શીખવ્યું.

દશરીબહેન જેવાં કેટલાંય બહેનો પોતાના બલિદાનની મોટી મોટી વાતો કર્યા વગર આજે પણ ચૂપચાપ રચનાત્મક કામમાં મચી પડ્યાં છે. તેઓ આપણી સ્વતંત્રતાની ઈમારતના પાયાના પથ્થર છે.

## **સોફિયા ખાન** 1916-1961

ઉદારમતવાદી કુટુંબમાં ઊછરેલી 15 વર્ષની સોફિયાએ કમલાદેવી, હંસા મહેતા, લીલાવતી મુનશી જેવી સ્ત્રીઓને મીઠાના સત્યાગ્રહમાં ભાગ લેતી જોઈ. તેમની બહાદુરી અને હિંમતથી આકર્ષાયેલાં સોફિયાબહેન પણ કોંગ્રેસમાં જોડાઈ ગયાં. કોંગ્રેસ સેવાદળના મહિલા વિભાગમાં જોડાઈ તેનું નેતૃત્વ કર્યું. સેવાદળના નેતા તરીકે યુવતીઓને શારીરિક શિક્ષણ, આત્મનિર્ભરતા અને દેશપ્રેમની તાલીમ આપી.

1942માં હિન્દ છોડો સત્યાગ્રહમાં રાષ્ટ્રીય નેતાઓની સાથે ધરપકડ વહોરી યરવડા જેલમાં ગયાં. જેલમાં ગાંધીવાદી, સામ્યવાદી, જહાલ અને મવાળ એમ અલગ અલગ વિચારાધારાઓ ધરાવતા સ્વાતંત્ર્ય-સૈનિકોની વચ્ચે તેઓ કડીરૂપ બનતાં. જેલના સત્તાવાળાઓ અને કેદીઓ વચ્ચે પણ કડીરૂપ બનતાં પરંતુ જેલરની જોહુકમી સામે તેમણે મક્કમતાથી સત્યાગ્રહ કર્યો.

*નીરુ:* આટલી બધી સ્ત્રીઓએ આઝાદીની લડતમાં ભાગ લીધો હતો!?

*એકતા:* આવી લાખો સ્ત્રીઓએ અંગ્રેજ સરકારના જુલમો સહન કર્યા, લાઠી - ગોળી ખાવાથી માંડીને જેલના સળિયાઓ પાછળ જીવન વીતાવ્યું. તેમના સહિયારા યોગદાન અને બલિદાનથી આઝાદી મળી છે.

*નીરુ:* પણ આટલી બધી સ્ત્રીઓ આઝાદીની લડતમાં બહાર આવી તો તેમના ઘરના લોકોએ વિરોધ ન કર્યો?

*કમલા:* અને આ પિતૃસત્તાક સમાજ... તેણે જાહેર રાજકારણમાં સ્ત્રીઓને કઈ રીતે આસાનીથી સ્વીકારી લીધી?

*એકતા:* આ ખૂબ જ મહત્ત્વનો પ્રશ્ન છે. કુટુંબ અને સમાજનો વિરોધ તો તે વખતે પણ સ્ત્રીઓને સહન કરવો પડ્યો હતો. પરંતુ કટલીક રણનીતિ અને વિચારધારાને કારણે એ થોડું સહેલું બન્યું હતું.

*રેશ્મા:* કેવી વિચારધારા?

*એકતા:* એ સમયમાં એવું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું કે આઝાદીની લડત એ કોઈ રાજકીય પ્રવૃત્તિ નથી પરંતુ ભારતમાતાની મુક્તિ માટેનું ધર્મયુદ્ધ છે. તેમાં બલિદાન આપવાની સૌની ફરજ છે. વળી આગેવાનોને એ પણ સમજાયું હતું કે જ્યાં સુધી સ્ત્રીઓને ટેકો નહીં મળે ત્યાં સુધી પુરુષો પણ પૂરેપૂરું યોગદાન આપી શકશે નહીં.

*ફરઝાના:* ખરી વાત.



*એકતા:* ઉપરાંત ગાંધીજીએ લડતની આગેવાની લઈ સત્યાગ્રહની રણનીતિ અપનાવી તેમાં સ્ત્રીઓના પરંપરાગત ગુણોનો સકારાત્મક ઉપયોગ કર્યો.

*આશા:* એટલે?

*એકતા:* અહિંસક સત્યાગ્રહ માટે જરૂરી સહનશીલતા, નમ્રતા, પીડા સહન કરવાની તૈયારી વગેરે પરંપરાગત રીતે સ્ત્રીઓના ગણાતા ગુણોને કારણે તેમના માટે ખાસ ભૂમિકા ઊભી થઈ. તેમણે સ્ત્રીઓને ખાદી, શરાબબંધી અને અન્ય રચનાત્મક કામોમાં પ્રવૃત્ત કરી પુરુષો કરતાં જુદી ભૂમિકામાં સક્રિય કરી. આમ, સ્ત્રીઓને સક્રિય કાર્યકર તરીકેનું કામ અને મહત્ત્વ મળ્યાં પણ તેમની પરંપરાગત ભૂમિકાઓ અને પિતૃસત્તાક માળખાને આંચ ન આવે તે રીતે. આને કારણે સ્ત્રીઓની જાહેર પ્રવૃત્તિઓને પ્રમાણમાં સહેલાઈથી સ્વીકૃતિ મળી અને અનેક સ્ત્રીઓએ આઝાદીની લડતમાં યોગદાન આપ્યું.

*આશા:* સામાન્ય વાતચીતમાં તો એમ કહેવાય છે કે ગાંધીજીએ આપણને આઝાદી અપાવી.

*એકતા:* આઝાદીની લડતમાં ગાંધીજીની ભૂમિકા ખૂબ મહત્ત્વની હતી તે ખરું પણ દેશના તમામ વર્ગો, ધર્મો અને પ્રદેશોનાં સામાન્ય સ્ત્રી-પુરુષોનો સહભાગ પણ એટલો જ મહત્ત્વનો છે અને સત્યાગ્રહની લડત ઉપરાંત દેશમાં સશસ્ત્ર લડત કરનાર ક્રાંતિકારીઓના યોગદાનને પણ ભૂલવું ન જોઈએ. તમામ વર્ગો, ધર્મો અને પ્રદેશોનાં સામાન્ય સ્ત્રી-પુરુષોનો સહભાગ પણ એટલો જ મહત્ત્વનો છે અને સત્યાગ્રહની લડત ઉપરાંત દેશમાં સશસ્ત્ર લડત કરનાર ક્રાંતિકારીઓના યોગદાનને પણ ભૂલવું ન જોઈએ.

*રેશ્મા:* બરોબર, અમે ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ જેવા ક્રાંતિકારી લડવૈયાઓ વિશે સાંભળ્યું છે તો શું તેમની સાથે પણ સ્ત્રીઓ જોડાયેલી હતી?

*એકતા:* હા. પણ તેમની વાત હવે પછીથી કરીશું. આજની ચર્ચાનો અંત કયા ગીતથી કરીશું?

*નીરુ:* આજે તો સત્યાગ્રહની લડતમાં ખૂબ પ્રખ્યાત બનેલ એક ગીત હું ગાઈશ. નાની હતી ત્યારે મારા એક માસીએ મને શીખવેલું. કહેતાં હતાં કે પ્રભાતફેરીમાં બહેનો આ ગીત ગાતી હતી.

## ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગો રે

ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે
શૂરા જાગજો રે, કાયર ભાગજો રે... ડંકો...
માથું મેલો, સાચવવા સાચી ટેકને રે
સાચી ટેકને રે, સાચી ટેકને રે... ડંકો...
તોડી પાડો સરકારી જુલ્મી કાયદા રે
જુલ્મી કાયદા રે, જુલ્મી કાયદા રે... ડંકો...
ભારત મુક્તિને કાજે કાયા હોમજો રે,
કાયા હોમજો રે, કાયા હોમજો રે... ડંકો...
ડંકો વાગ્યો ભારતની બહેનો જાગજો રે
બહેનો જાગજો રે, બહેનો જાગજો રે... ડંકો...

- *ફૂલચંદભાઈ શાહ*



# ક્રાંતિકારી સ્ત્રીઓ

*એકતા:* ભારતની આઝાદી માટે હાથમાં બંદૂક કે દારૂગોળા લઈને હસતાં હસતાં મોતને ભેટવામાં પણ સ્ત્રીઓ સામેલ હતી. તેમની બહાદુરી અને આઝાદી માટે ફના થવાની તમન્ના આપણા હૃદયને ઝકઝોરી નાંખે છે. તેમાંની કેટલીક સ્ત્રીઓનાં ઉદાહરણ જોઈએ.

શરૂઆતના ક્રાંતિકારીઓમાં મેડમ ભીખાઈજી કામાનું નામ યાદ આવે છે. તેમણે પહેલી વાર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભારતનો ઝંડો લહેરાવ્યો હતો.

## **મેડમ કામા** 1861-1936



મેડમ કામા તરીકે જાણીતાં ભીખાઈજી કામા સમૃદ્ધ પરિવારમાંથી આવતાં હતાં. દાદાભાઈ નવરોજજી દ્વારા તેમને સ્વતંત્રતાની પ્રેરણા પ્રાપ્ત થઈ પરંતુ ત્યાર પછી તે ક્રાંતિકારી ચળવળમાં જોડાયાં. ગુપ્ત સોસાયટી "અભિનવ ભારત"ની પાછળનાં પ્રેરક બળ તરીકે કામ કરતાં હતાં. તેમણે યુવાનોને બોમ્બ બનાવવાની તાલીમ આપી હતી. રમકડાંમાં સંતાડીને ક્રીસમસ ગીફ્ટ તરીકે પોતાના દેશબંધુઓને બ્રિટિશ વિરુદ્ધ લડવા પ્રેરણા આપતાં હતાં. બ્રિટિશરોની ઉશ્કેરણી થઈ, તેમને ફ્રેન્ચ જેલમાં કેદમાં પૂરવામાં આવ્યાં હતાં. તેમને અંગ્રેજ સરકારે ભારત આવવાની પરવાનગી આપી ન હતી. 74 વર્ષની ઉંમરે જ્યારે તેઓ ખૂબ જ બીમાર થયાં ત્યારે તેમને ભારત આવવાની પરવાનગી મળી. 1907માં તેઓએ સ્ટટગાર્ટ નામના શહેરમાં સોશ્યાલીસ્ટ કોંગ્રેસમાં ભાગ લીધો. આ અધિવેશનમાં બધા દેશના લોકો પોત-પોતાના રાષ્ટ્ર ધ્વજ

લઈને આવ્યાં હતાં. આ જોઈને મેડમ કામા તરત રૂમ પર ગયા અને પોતાની સાડીઓમાંથી ત્રણ રંગનો રાષ્ટ્ર ધ્વજ બનાવ્યો. આમ, યુરોપમાં સોશ્યાલીસ્ટ કોંગ્રેસમાં તેમણે ભારતીય ધ્વજનો નમૂનો ફરકાવ્યો હતો.

*એકતા:* 1930ના દાયકામાં ફરી એક વાર ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં ઉછાળો આવ્યો અને નાની નાની ઉંમરની અનેક છોકરીઓ કે યુવતીઓ તેમાં જોડાઈ. તેમાંની કેટલીક સ્ત્રીઓ વિશે ટૂંકમાં વાત કરીશું.

## **બીના દાસ** 1911-1966

1922માં બીના દાસે બંગાળના ગવર્નર સ્ટેન્લી જેક્સન જ્યારે કલકત્તા યુનિવર્સિટીના સેનેટ હોલમાં પદવીદાન સમારંભમાં ભાષણ કરતા હતા તે વખતે ગોળી ચલાવી. કમલા દાસગુપ્તા નામની અન્ય ક્રાંતિકારી યુવતીની મદદથી તેણે પિસ્તોલ મેળવી હતી.



આ તેની પોતાની જ યોજના હતી. ચિત્તાગોંગમાં હથિયારની લૂંટના કેસમાં જે રીતે તપાસની વિગતો બહાર પાડ્યા વગર ક્રાંતિકારીઓને સજા કરવામાં આવી તેથી તે ખૂબ વ્યથિત હતી. તેમાં અંબા, નિહારબાલા જેવી યુવતીઓને પણ સજા થઈ હતી અને તેની પોતાની બહેન કલ્યાણીને કોઈ પણ સાબિતી વગર સખત કેદની સજા થઈ. તેથી તેણે ગોળી ચલાવ્યા બાદ શાંતિથી ધરપકડ સ્વીકારી. ધરપકડ બાદના પોતાના સ્ટેટમેન્ટમાં કહ્યું કે... “હું સતત વિચાર્યા કરું છું કે પરદેશી શાસનના જુલમથી ત્રસ્ત હોય તે ભારતમાં જીવવું યોગ્ય છે કે પછી તેનો છેલ્લી કક્ષાનો વિરોધ કરી મૃત્યુને ભેટવું સારું છે? શું ભારતની એક પુત્રી અને ઈંગ્લેન્ડના એક પુત્રના મૃત્યુથી એવું ન બને કે ભારત તેની પરાધીન મનોદશામાંથી બહાર આવે અને ઈંગ્લેન્ડ પોતાની અસમાનતા વાળી ન્યાયપ્રક્રિયા વિશે વિચાર કરતું થાય?” બીના દાસને આ ગુના બદલ 9 વર્ષની સખત કેદની સજા થઈ.

## શાંતિ ઘોષ અને સુનીતિ ચૌધરી

શાંતિ ઘોષ અને સુનીતિ ચૌધરી નામની બંને છોકરીઓએ 1931માં ટીપરના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ પર ગોળી ચલાવી. સારાં ગણાતાં કુટુંબોની છોકરીઓ શંકાથી પર હતી તેથી તેઓ મેજિસ્ટ્રેટથી નજીક જઈ ગોળી ચલાવી શક્યાં. તેઓ સત્તા પર બેઠેલા વિદેશીઓ દ્વારા પોતાના દેશના લોકોનું શોષણ જોઈ શકતાં નહીં તેથી તેમણે વિચાર્યું કે જો આપણે આવા એક દુષ્ટ અધિકારીને સજા આપીશું તો તેઓને બોધપાઠ મળશે. ગોળી ચલાવવા બદલ તેમને જન્મટીપની સજા થઈ, જે તેમણે હસતાં હસતાં સ્વીકારી.

## પ્રીતિલતા વાડેદર 1911-1932

પ્રીતિના ઘરમાં હંમેશાં સ્વદેશી વસ્તુઓ જ વપરાતી. કોલેજમાં તે રાષ્ટ્રીય જૂથમાં જોડાઈને લાઠી અને તલવાર ચલાવતાં શીખી. વેકેશન દરમ્યાન ચિત્તાગોંગના ક્રાંતિકારીઓના સંપર્કમાં આવી. તે ખૂબ જ નીડર પરંતુ દયાળુ હતી. તેનો એક પ્રસંગ તેની ક્રાંતિકારી મિત્ર કલ્પના દત્તાએ નોંધ્યો છે. 1930માં તેઓ પૂજાના તહેવારની રજાઓમાં પ્રીતિના ઘરે ગયાં. બધી બહેનપણીઓ ચર્ચા કરતી હતી કે તેમનામાંથી કોઈ ઉજાણી માટે બકરું કાપી શકે કે કેમ? કલ્પનાએ કહ્યું કે હા, હું તેમ કરી શકું. તેમાં કોઈ મોટી વાત નથી. ત્યારે પ્રીતિલતાએ કહ્યું કે એમાં ડરવા જેવું કંઈ જ નથી પણ હું કોઈ નિર્દોષનો શિકાર કરી શકતી નથી. કોઈએ પૂછ્યું કે તો તમે શેના માટે લડશો? પ્રીતિલતાએ કહ્યું કે હું મારા પ્રાણ મારા દેશ માટે આપવા તૈયાર થઈ છું ત્યારે કોઈનો જાન લેતાં પણ અચકાઈશ નહીં. પરંતુ કોઈ નિર્દોષ નિરુપદ્રવી પ્રાણીનો જીવ લઈ શકતી નથી.

બે જ વર્ષ પછી 1932માં પ્રીતિલતાએ પોતાની વાત સાબિત કરી. કલકત્તાની એક ક્લબમાં 40 જેટલા યુરોપિયનો પર બોમ્બ ફેંકવાની આગેવાની લીધી. બોમ્બ ફેંક્યા બાદ બોમ્બની કરચથી તે ઘાયલ થયા ત્યારે પોલીસના હાથમાં પકડાવાને બદલે સાઈનાઈડની ગોળી ખાઈને મોતને વહાલું કર્યું.


## દુર્ગાદેવી 1907-1999

ક્રાંતિકારીઓનાં **'દુર્ગાભાભી'** તરીકે ઓળખાતાં દુર્ગાદેવી લાહોરના ક્રાંતિકારી ભગવતીચરણનાં પત્ની તેમ જ સાથીદાર હતાં.

ભગતસિંહને પોલીસની નજરથી બચાવી લાહોરની બહાર લઈ જવામાં તેઓ મદદરૂપ થયાં હતાં.

*કમલા:* આપણે સ્ત્રીઓના બલિદાનને સલામી આપવી જોઈએ. તેમને સલામી આપવા આપણે ક્રાંતિકારીઓનું પ્રિય એવું ગીત ગાઈશું.






# સરફરોશી
# કી
# તમન્ના
# અબ
# હમારે
# દિલ મેં
# હૈ...

સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ...
દેખના હૈ જોર કિતના બાજુ-એ-કાતિલ મેં હૈ
વક્ત આને પે બતા દેંગે તુજે અય આસમાન
ક્યા બાતે હમ ઝુનુને શોક કિસ મંઝિલ મેં હૈ
સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ...

દુરિયા ઉમીદ કી ના આજ હમસે છુટ જાયે
મીલકે દેખા હૈ જિન્હેં વોહ સપને ભી ના રૂઠ જાયે
હોંસલા વોહ હોંસલા ક્યા જો સીતમ સે તૂટ જાયે (૨)
સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મે હૈં...



તેરે સોને રૂપ કો હમ એક નઈ બહાર દેંગે
અપને હી લહૂ સે તેરા રંગ હમ નિખાર દેંગે
દેશ મેરે દેશ તુજપે જિન્દગી ભી વાર દેંગે (૨)
સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ
દેખના હૈ જોર કિતના બાજુ-એ-કાતિલ મેં હૈ

ખુશ્બુ બનકે મેહકા કરેંગે હમ લહલહાતી હર ફસ્લો મેં (૨)
સાંસ બન કે ગુન ગુનાયેંગે હમ આને વાલી હર નસ્લોં મેં (૨)
સરફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈ...
દેખના હૈ જોર કિતના બાજુ-એ-કાતિલ મેં હૈ

*રેશ્મા:* મેં સાંભળ્યું છે કે **સુભાષચંદ્ર બોઝે** સ્થાપેલ **આઝાદ હિંદ ફૌજ**માં પણ સ્ત્રીઓની એક અલગ જ પલટન હતી. તેના વિશે પણ અમને કહોને.

*એકતા:* સુભાષચંદ્ર બોઝ પણ ભારતની આઝાદીના મહત્ત્વના લડવૈયા હતા. અંગ્રેજોને હંફાવવાની એક અલગ જ રીત તેમણે અપનાવી હતી. એક બાજુ ભારતમાં આઝાદીની લડત ચાલતી હતી ત્યારે બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું હતું. તેમાં એક પક્ષે અંગ્રેજો હતા અને તેમની સામે જાપાન તેમ જ જર્મની હતા. અંગ્રેજોના લશ્કરમાં લડતા ઘણા ભારતીય સૈનિકો જર્મની કે જાપાનના લશ્કર દ્વારા યુદ્ધકેદી બન્યા હતા. સુભાષબાબુએ જર્મની અને જાપાનની સરકારો સાથે વાટાઘાટો કરી તેમને છોડાવ્યા અને ભારતની આઝાદી માટેના લશ્કરમાં જોડાવા માટે પ્રેરણા આપી. બીજા દેશપ્રેમી લડવૈયાઓ સાથે મળી 1941માં બર્લિનમાં ભારતની આઝાદી માટેના લશ્કરની જાહેરાત કરી. 1943માં જાપાનમાં તેમણે આઝાદ હિંદ ફૌજની જાહેરાત કરી અને બે સૂત્રો આપ્યાં: **"જય હિંદ"**, તેમ જ **"તુમ મુઝે ખૂન દો મૈં તુમ્હેં આઝાદી દૂંગા."**



સિંગાપુરમાં એક સભામાં તેમણે જાહેરાત કરી કે 1857ના સ્વાતંત્ર્ય યુદ્ધમાં, હાથમાં તલવાર લઈને ઘૂમી વળેલી ઝાંસીની રાણીની જેમ, બહાદુરીથી મોત સામે લડે તેવી સ્ત્રીઓની એક ટુકડી મને જોઈએ છે. આ સભામાં હાજર રહેલ ડો. લક્ષ્મી સહગલે ઘરે ઘરે ફરી 20 બહાદુર સ્ત્રીઓની એક ટુકડી તૈયાર કરી અને તેનું નામ આપ્યું "રાણી ઝાંસી રેજિમેન્ટ". આ ટુકડીમાં હિંદુ, મુસ્લિમ વગેરે તમામ ધર્મોની સ્ત્રીઓ પોતાના કુટુંબની પરંપરાગત મર્યાદાઓ તોડીને દેશની આઝાદી માટે ફના થવા તૈયાર થઈ હતી. ત્યાર બાદ આ રેજિમેન્ટમાં સેંકડો સ્ત્રીઓ જોડાઈ. તેમાંથી કેટલીકને બર્માનાં જંગલોમાં લશ્કરની પહેલી હરોળમાં લડવાની તાલીમ પણ આપવામાં આવી. જો કે, સંજોગોવશાત્ આ ટુકડીને યુદ્ધમાં લડવાનો મોકો મળે તે પહેલાં બર્મા જાપાનીઓના હાથમાંથી જતું રહ્યું અને રેજિમેન્ટને વિખેરી નાંખવી પડી.

*આશા:* તેમની યોજના ભલેને નિષ્ફળ ગઈ પણ તેમની ભાવના તો દાદ માંગી લે તેવી જ છે. તેમના માટે પણ આપણે કોઈ ગીત ગાઈશું?

*એકતા:* હા. આઝાદહિંદ ફોજનું પ્રખ્યાત ગીત કદમ કદમ બઢાયે જા... આપણે ગાઈશું.

## કદમ કદમ બઢાયે જા

કદમ કદમ બઢાયે જા, ખુશી કે ગીત ગાયે જા
યે જિંદગી હૈ કૌમ કી તુ કૌમ પે લુંટાયે જા
તુ શેર હિંદ આગે બઢ, મરને સે ફિર ભી તુ ના ડર
ઉડાકે દુશ્મનોં કા સર, જોશે વતન બઢાયે જા
કદમ કદમ બઢાયે જા
ચલો દિલ્લી પુકારતી હમેં દિશા સંભાલતી
લાખ યે બિગડકે લહરાયે જા લહરાયે જા

# સ્ત્રીઓને શું મળ્યું? શું ના મળ્યું?

## મતાધિકાર અને બંધારણમાં સમાનતા

*રેશ્મા:* ભારતની આઝાદીની લડતમાં સ્ત્રીઓએ સત્યાગ્રહની લડતમાં, ક્રાંતિકારીઓની ભૂગર્ભ ચળવળમાં અને દેશની આઝાદી માટે સ્થપાયેલા લશ્કરમાં, એમ દરેક રીતે ફાળો આપ્યો છે. તેમની વાતો સાંભળીને મને ખરેખર ગૌરવની લાગણી થાય છે.

*શકરી:* પણ તેને પરિણામે સ્ત્રીઓને શું મળ્યું?

*આશા:* મતાધિકારો માટે ભારતીય સ્ત્રીઓએ કેવો સંઘર્ષ કરવો પડ્યો હતો?

*ફરઝાના:* તેમને મત આપવાનો અધિકાર ક્યારે મળ્યો?

*એકતા:* 1917માં અંગ્રેજ સરકારે, રાજકીય નિર્ણયોમાં ભારતીયોની ભાગીદારી વધારવાનો ખરડો તૈયાર કર્યો તેની સાથે જ સ્ત્રીઓના મતાધિકારનો પ્રશ્ન પણ ચર્ચાવા માંડ્યો. સરોજિની નાયડુની આગેવાની હેઠળ એક પ્રતિનિધિમંડળ મોન્ટેગ્યુ ચેમ્સફર્ડને મળ્યું. તેના પ્રતિનિધિઓએ રજૂઆત કરી કે જ્યારે લોકોને મતાધિકાર આપવાની વાત છે ત્યારે લોકોમાં સ્ત્રીઓ પણ આવી જ જાય છે.



*શકરી:* સાચી વાત છે. શું સ્ત્રીઓ આ દેશની વતની નથી?

*નીરુ:* પણ ભારતના પુરુષોએ સ્ત્રીઓને મતનો અધિકાર મળે તે માટે હા પાડી?

*એકતા:* પુરુષો વિરોધ ના કરે તે માટે આ સ્ત્રીઓ વારંવાર એમને ખાતરી આપતી હતી કે, 'અમે પુરુષો સાથે હરીફાઈ કરવા નહીં પણ સ્ત્રી તરીકેની સમાજે નક્કી કરેલી ભૂમિકા અસરકારક રીતે ભજવવા જ મતાધિકારની માંગણી કરીએ છીએ.' સરોજિની નાયડુએ કોંગ્રેસના અધિવેશનમાં આ અંગે ઠરાવ રજૂ કર્યો કે, "અમે જ્યારે મતાધિકારની માંગણી કરીએ

છીએ ત્યારે તમારા કામમાં દખલગીરી કરવા નહીં, પરંતુ અમે ભાવિ પેઢીના ઘડતરમાં રાષ્ટ્રીય ભાવના જગાવી શકીશું તેવું અમે માનીએ છીએ."

*રેશ્મા:* એટલે, 'સ્ત્રીનું કામ જુદું ને પુરુષનું કામ જુદું' તે ભેદભાવ તો આ સ્ત્રીઓએ સ્વીકારી જ લીધો, નહીં?

*એકતા:* હા. અનેક વાદવિવાદ પછી 1921માં મદ્રાસ અને મુંબઈ રાજ્યે અને ત્યાર બાદ બીજાં રાજ્યોએ સ્ત્રીઓને મતાધિકાર તેમ જ ચૂંટણી લડવાનો અધિકાર આપ્યો. જો કે, તે વખતે મતાધિકાર મેળવવા માટે મિલકત અને શિક્ષણને લગતી કેટલીક શરતો હતી તેથી આખા દેશમાં માત્ર દસ લાખ સ્ત્રીઓને જ મતનો અધિકાર મળ્યો અને મુથુલક્ષ્મી રેડ્ડી મદ્રાસમાં પ્રથમ સ્ત્રી વિધાનસભ્ય બન્યાં.

1935માં મતાધિકાર માટેની શરતો થોડી હળવી બની અને સ્નાતક હોય તેને જ નહીં પણ શિક્ષિત હોય તેને મત આપવાનો અધિકાર મળ્યો. જો કે, શિક્ષણ કે મિલકતના ભેદભાવ વગર ભારતના પુખ્ત વયના તમામ સ્ત્રી-પુરુષોને "સાર્વત્રિક મતાધિકાર" સ્વતંત્ર ભારતના બંધારણે 1950માં જ આપ્યો.

*આશા:* આઝાદીની સાથે સ્ત્રીઓને મતાધિકાર મળ્યો તો બીજું શું મળ્યું...

*કમલા:* અને શું ના મળ્યું તે પણ કહો.

*એકતા:* બરોબર છે. શું મળ્યું તે જાણવું જરૂરી છે અને શું ન મળ્યું તે જાણવું પણ જરૂરી છે.

આઝાદીની લડતમાં ભારતના બધા જ વર્ગ, ધર્મ ને જ્ઞાતિનાં સ્ત્રી તેમ જ પુરુષોએ પોતાનાં બલિદાન આપ્યાં તેથી આઝાદ ભારતના બંધારણમાં જાહેર કરવામાં આવ્યું કે 'કાયદાની નજરે બધા સમાન'. સ્ત્રી હોય કે પુરુષ, હિંદુ હોય કે મુસલમાન, દલિત હોય કે સવર્ણ, કોઈ પણ સ્થળે જન્મ્યા હોય, બધાના હક્ક સરખા. કોઈ ઊંચું નહીં, કોઈ નીચું નહીં.

*શકરી:* એટલે સ્ત્રીઓને પુરુષો જેટલા બધા જ અધિકારો મળ્યા?

*એકતા:* સ્ત્રીઓને મત આપવાનો અધિકાર મળ્યો. નાગરિક તરીકેના બીજા અધિકાર મળ્યા પણ બે મહત્ત્વના મુદ્દાઓ બાકી રહ્યા.

નીરુ: તે ક્યા ક્યા?

*એકતા:* કુટુંબમાં સમાન અધિકાર ન મળ્યો અને આર્થિક ક્ષેત્રે એક

ઉત્પાદક વ્યક્તિ તરીકેની સ્વીકૃતિ ન મળી. તેનાં ઘણાં માઠાં પરિણામો આજે પણ આપણે ભોગવીએ છીએ.

*કમલા:* એ કઈ રીત?

## કુટુંબમાં અસમાનતા


*એકતા:* ભારતમાં બધા જ ફોજદારી અને દીવાની કાયદાઓ પ્રત્યેક ધર્મના નાગરિક માટે સરખા છે પણ કૌટુમ્બિક કાયદાઓ દરેક ધર્મ માટે અલગ છે.

*ફરઝાના:* કૌટુમ્બિક કાયદા એટલે?

*એકતા:* લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, વાલીપણા અને દત્તક લેવાનો કાયદો તેમ જ સંપત્તિમાં અધિકારનો સમાવેશ કૌટુમ્બિક કાયદાઓમાં થાય છે.

*આશા:* કયા કયા ધર્મોના કાયદા અલગ અલગ છે?

*એકતા:* હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી અને પારસી કૌટુમ્બિક કાયદાઓ ઉપરાંત કેટલીક જ્ઞાતિઓ અને આદિવાસીઓના પરંપરાગત કાયદાઓને પણ બંધારણે માન્યતા આપેલી છે.



*રેશ્મા:* મતલબ કે સ્ત્રીના જીવનનાં તમામ મહત્ત્વનાં પાસાંઓનો નિર્ણય કૌટુમ્બિક કાયદાઓ દ્વારા થાય છે.

*એકતા:* એટલું જ નહીં, તમામ ધર્મના કૌટુમ્બિક કાયદાઓ સ્ત્રી-પુરુષ અસમાનતા પર આધારિત છે. તેની પાછળ એવી પૂર્વધારણાઓ રહેલી છે કે સ્ત્રી પુરુષ કરતાં ઊતરતી છે અને પુરુષ પર આધારિત છે. કુટુંબનો વડો અને બાળકનો કુદરતી વાલી પિતા છે.

*નીરુ:* પણ, આ તો અન્યાય કહેવાય.

*રેશ્મા:* પણ આટલા મોટા અન્યાય સામે આઝાદી માટે લડેલી સ્ત્રીઓ કાંઈ બોલી નહીં?

*ફરઝાના:* અને બંધારણ તૈયાર કરવામાં કોઈ સ્ત્રીઓ ન હતી?

*એકતા:* હતી. ભારતનું બંધારણ તૈયાર કરવા માટે બંધારણ સભાની રચના કરવામાં આવી હતી. તેમાં રાજુકુમારી અમૃતકૌર, હંસા મહેતા જેવી બહેનો અને એમ. આર. મસાની, બાબાસાહેબ આંબેડકર સહિત અનેક પ્રગતિશીલ લોકોની માંગણી છતાં બહુમતી સભ્યોએ તેમનો વિરોધ મંજૂર ન રાખ્યો.

*આશા:* પણ તે વખતે સરકારમાં કેટલા મોટા મોટા નેતાઓ હતાઃ જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ, ડો. રાજેન્દ્ર પ્રસાદ... એ બધાએ તેમને ટેકો ન આપ્યો?

*એકતા:* ના. તમને નવાઈ લાગશે પણ નહેરુ અને સરદારની આગેવાનીવાળી સ્વતંત્ર ભારતની સરકારે પણ અગાઉની અંગ્રેજ સરકારની જેમ જ અલગ અલગ સમુદાયોની ધાર્મિક બાબતોમાં દખલ ન કરવાની નીતિ અપનાવી અને સ્ત્રી સમાનતાની માગણીને ટેકો આપવાને બદલે તમામ ધર્મના રૂઢિચુસ્તવાદીઓની વાત માની લીધી હતી. અને છેવટે બહુમતી હિંદુ સમુદાયની સ્ત્રીઓને કુટુંબમાં થોડી વધારે સમાનતા મળે તે આશા પર પણ પાણી ફરી વળ્યું હતું.

*રેશ્મા:* એ કઈ રીતે?

*એકતા:* હિંદુ ધારામાં સુધારો કરવા માટે “હિંદુ કોડ બિલ” તૈયાર કરવામાં આવ્યું હતું પણ કોંગ્રેસની અંદરના અને બહારનાં રૂઢિચુસ્ત હિંદુ જૂથોએ તેનો સદંતર વિરોધ કર્યો હતો. નોંધપાત્ર વાત એ છે કે આજે જે હિંદુવાદી જૂથો લઘુમતીઓના કાયદામાં સુધારા લાવવાની વાત કરે છે તેઓએ તે વખતે હિંદુ ધારામાં સુધારા લાવવાનો ભારે વિરોધ કર્યો હતો અને આવા લોકોના


દબાણમાં આવીને તે વખતના વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ હિંદુ કોડ બિલ પડતું મૂક્યું હતું. તેના વિરોધમાં બાબાસાહેબ આંબેડકરને રાજીનામું આપવું પડ્યું હતું.

*રેશ્મા:* બાબાસાહેબ આંબેડકર તો ભારતના બંધારણના ઘડવૈયા કહેવાય છે. તેમણે સ્ત્રીઓના અધિકાર માટે રાજીનામું આપ્યું તે તો અમને ખબર જ નહીં!

*એકતા:* આ વાત ખૂબ ઓછી પ્રચલિત થઈ છે. ડો. બાબાસાહેબ આંબેડકરે કાયદા પ્રધાન તરીકે સંસદમાં રજૂ કરેલા હિંદુ કોડ બિલને પડતું મૂકવાના વિરોધમાં હોદ્દા પરથી રાજીનામું આપ્યું હતું. આ રાજીનામાના પત્રમાં તેમણે જણાવ્યું હતું કે, "હિંદુ ધારો એ દેશના કાયદામાં કરવા ધારેલ સૌથી વધુ મહત્ત્વનું સામાજિક સુધારાનું પગલું હતું... વર્ગ-વર્ગ અને સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતા કે જે આપણા હિન્દુ ધર્મનું હાર્દ છે તેને સ્પર્શ્યા વગર માત્ર આર્થિક સવાલો પર કાયદાઓ પસાર કર્યા કરવા તે આપણા બંધારણની મશ્કરી રૂપ છે અને રેતીના ઢગલા પર મહેલ ચણવા જેવી વાત છે."

*કમલા:* આટલી સાચી વાત, સ્પષ્ટ રીતે કહેવા છતાં તેમના વિરોધની સરકાર પર કોઈ અસર ના થઈ?

*એકતા:* ના. તે વખતે સ્વતંત્ર ભારતની પહેલી ચૂંટણીઓ આવવાની હતી અને ચૂંટણીમાં બહુમતી હિંદુઓનો ટેકો ગુમાવવો ના પડે માટે નેહરુની આગેવાની હેઠળની સરકારે સ્ત્રીઓના



અધિકારની વાત પડતી મૂકી. ત્યાર બાદ તે કાયદો થોડો પાંગળો બનાવી ખૂબ જ સુધારા-વધારા સાથે છૂટક છૂટક થોડાં વર્ષો દરમ્યાન પસાર કરવામાં આવ્યો.

*રેશ્મા:* આ તો થઈ કુટુંબમાં અધિકારોની વાત. તે સિવાય એક ઉત્પાદક તરીકે સ્ત્રીના અધિકારોની વાત પણ તમે કરવાનાં હતાં તેના વિશે પણ કહો ને.

### અર્થતંત્રમાં અદૃશ્યતા

*એકતા:* હા, તે વાત પણ એટલી જ મહત્ત્વની છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના નેતાઓએ આઝાદી મળે તે પહેલાં જ, ભવિષ્યના ભારતનો વિકાસ કઈ રીતે કરવો તેની તૈયારી માટે 'રાષ્ટ્રીય આયોજન સમિતિ'ની રચના કરી હતી.

*શકરી:* તો શું તેમાં સ્ત્રીઓના વિકાસની વાત પણ હતી?

*એકતા:* હા, સ્ત્રીઓએ આઝાદીની લડત માટે કરેલા પ્રયત્નો જોતાં તેમને બાજુ પર કરવી શક્ય જ ન હતી. તેથી અર્થતંત્રમાં સ્ત્રીઓની ભૂમિકા અંગેની રૂપરેખા તૈયાર કરવા, આ સમિતિમાં એક પેટા સમિતિ નીમાઈ હતી. તેનું કામ સ્ત્રીઓની સામાજિક, આર્થિક અને કાયદાકીય પરિસ્થિતિની તપાસ કરી તેમના વિકાસમાં જે પણ અડચણ-અવરોધો હોય તેને દૂર કરવાની નીતિ તૈયાર કરવાનું હતું. શ્રીમતી લક્ષ્મીબાઈ રજવાડે અને મૃદુલા સારાભાઈની આગેવાની હેઠળ આ સમિતિએ દેશભરમાં ફરી માહિતી મેળવવાની કોશિશ કરી હતી અને સ્ત્રીઓના આર્થિક અધિકારો અંગે ખૂબ મહત્ત્વની કેટલીક ભલામણો કરી હતી.

તેમણે કહ્યું હતું કે કોઈ પણ વિકાસ કાર્યક્રમમાં સ્ત્રીઓને સ્વતંત્ર એકમ ગણવું જોઈએ કારણ કે કુટુંબના વિકાસમાં જ સ્ત્રીનો વિકાસ આવી જાય છે તેમ માની જો સ્ત્રીને કુટુંબના ભાગ તરીકે જ ગણવામાં આવશે તો સ્ત્રી સુધી વિકાસના લાભો કદી પહોંચશે જ નહીં.

*કમલા:* સાવ સાચી વાત. કુટુંબમાં ખાવા-પીવાની વાત હોય કે કોઈ પણ સગવડ સાચવવાની, તેમાંથી સારામાં સારી વસ્તુઓનો મોટો ભાગ તો છોકરાઓ અને પુરુષો જ લઈ જાય છે.

*આશા:* અને રેશન કાર્ડથી માંડીને ઘરની તમામ મિલકત પણ તેમની જ.


નીરુ: આપણે કાંઈ કહીએ તો તરત જ કહે કે આ બધું મારું જ છે. તમે થોડા કમાવા ગયા હતા?

*ફરઝાના:* આપણે રાત-દિવસ ઘરનાં ને છોકરાંનાં વૈતરાં કરીએ તેની તો કોઈ કિંમત જ નહીં!

*એકતા:* આ અહેવાલમાં સૌથી વધુ ક્રાંતિકારી કહી શકાય તેવી ભલામણ એ હતી કે, "સ્ત્રીઓ ઘરમાં જે વિના વેતન કામ કરે છે તેના આર્થિક મૂલ્યની ગણતરી થવી જોઈએ. તેના બદલામાં ભલે સ્ત્રીને વેતન આપવામાં ન આવે તો પણ તેને કામદાર ગણવી જોઈએ અને સરકાર તરફથી કામદારોને મળતા તમામ લાભો જેમ કે, વૈદકીય સારવાર, ઘોડિયાઘર, તાલીમ વગેરે તમામ સ્ત્રીઓને મળવા જોઈએ. ઘરના કામના વળતર તરીકે કુટુંબની આવકના અમુક હિસ્સા પર સ્ત્રીનો અબાધિત - સંપૂર્ણ અધિકાર હોવો જોઈએ. પતિની આવકમાં ભાગનો અધિકાર હોવો જોઈએ. સરકાર કામદારોના હિત માટે જે કોઈ સામાજિક વીમા કે સામાજિક સુરક્ષાની યોજનાઓ દાખલ કરે તો તેમાં આપવાનો જરૂરી ફાળો સ્ત્રી વતી તેના પતિએ આપવો જોઈએ."

*શકરી:* બરોબર, આ તો એકદમ ન્યાયની વાત છે. આપણે પણ આ જ માંગણી માટે લડીએ છીએ ને.

*એકતા:* હા. આમાં બે મહત્ત્વના સિદ્ધાંત હતા. એક, સ્ત્રીને અર્થતંત્રમાં એક ઉત્પાદન કરનાર સહભાગી તરીકે જોવામાં આવે, કોઈના પર આધારિત નબળા સમૂહ તરીકે નહીં. બીજો, સ્ત્રી કુટુંબ તેમ જ સમાજ બંનેમાં ફાળો આપે છે તેથી તેને કામદાર તરીકેનો દરજ્જો અને લાભો આપવાની જવાબદારી પતિ તેમ જ રાજ્ય બંનેની છે.



*રેશ્મા:* તો પછી આ અહેવાલનો અમલ કેમ ના થયો?

*એકતા:* કમનસીબે આ અહેવાલ વર્ષો સુધી ઇતિહાસમાં દટાયેલો રહ્યો. જ્યારે આઝાદ ભારતમાં પંચવર્ષીય યોજનાઓ ઘડવામાં આવી ત્યારે આ પાયાના સિદ્ધાંતોને સંપૂર્ણપણે નજરઅંદાજ કરવામાં આવ્યા અને પ્રથમ પંચવર્ષીય યોજનામાં 'સ્ત્રી કુટુંબ તેમ જ સમાજમાં પોતાની ભૂમિકા સારી રીતે ભજવી શકે માટે તેનું કલ્યાણ થાય તેવી સેવાઓ પૂરી પાડવી જોઈએ' એવા વિચારથી શાળાએ જતાં બાળકો માટે પોષક આહાર, માતૃ તેમ જ બાળ સ્વાસ્થ્ય કેન્દ્રો અને કુટુંબ નિયોજનના કાર્યક્રમો ઘડવામાં આવ્યા.

*આશા:* મતલબ કે સ્ત્રીના અધિકારને નહીં પણ તેની કુટુંબ માટેની અને માતા તરીકેની ભૂમિકાને જ મહત્ત્વ આપવામાં આવ્યું.

*એકતા:* આ સમય દરમ્યાન જે સામુદાયિક વિકાસના કાર્યક્રમો થયા તેનું એકમ કુટુંબ રહ્યું અને માની લેવામાં આવ્યું કે કુટુંબના વિકાસમાં સ્ત્રીનો વિકાસ આવી જ જાય છે. મહિલા મંડળોમાં સ્ત્રીઓને સમાજના ઉત્પાદક કામદાર તરીકે નહીં, બિન-ઉત્પાદક ગૃહિણી તરીકે એકઠી કરવામાં આવી. આમ, સ્ત્રીઓને સમાજનું નબળું જૂથ ગણી તેને કલ્યાણ કાર્યક્રમોના લક્ષ્યાંક તરીકે જોવાનો અભિગમ પાંચમી પંચવર્ષીય યોજના સુધી ચાલુ રહ્યો. નારી આંદોલન મજબૂત બન્યું ત્યાર બાદ આ નીતિમાં જે થોડા ફેરફારો આવ્યા તેનો પણ હજુ અસરકારક અમલ થવાનો બાકી છે. તેની વાત આપણે આગળ કરીશું.

*કમલા:* પણ તો જે બધી સ્ત્રીઓ આઝાદી માટે લડી હતી, તેઓએ આઝાદી પછી શું કર્યું?

*એકતા:* તેમાંની ઘણીબધી સ્ત્રીઓએ સ્વતંત્ર ભારતના ઘડતરમાં વિવિધ ક્ષેત્રોમાં પોતાનો ફાળો આપ્યો. કેટલીક સ્ત્રીઓ સરકારમાં યોજનાઓનો અમલ કરવામાં જોડાઈ, જેમ કે, કમલાદેવી ચટ્ટોપાધ્યાયે હસ્તકલા અને હાથસાળના વિકાસનું કામ ઉપાડ્યું તો દુર્ગાબાઈ દેશમુખ આયોજન પંચના સભ્ય બન્યાં. મૃદુલા સારાભાઈ અને કમળાબહેન પટેલ જેવાઓએ જાનનું જોખમ ખેડી ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે બંને પક્ષો દ્વારા અપહરણ કરવામાં આવેલી સ્ત્રીઓ માટે કામ કર્યું. તેમના વિશે હવે પછી વાત કરીશું.

આજની ચર્ચાનો અંત રાજસ્થાનના મહિલા સમૂહે બનાવેલા એક ગીતથી કરીશું. તેમાં બહેનોએ ગાયું છે કે કઈ રીતે સ્ત્રીઓને અને તેમના કામને અદૃશ્ય કરી દેવામાં આવ્યાં છે.

**આણા ગામ ફરીયા વર વર...**

બૈરાનું મોઢું કોઈ ના જોયું રે જી.

ચુલ્હા જલાયા વર વર ખાના પકાયા રે,

બૈરાને ખાવા કંઈ ના મળ્યું રે જી.

છોરા ભી જણ્યા વર વર છોરી ભી જણી રે,

બૈરાને જશ કંઈ ના મળ્યો રે જી.

આણા ગામ ફરીયા વર વર પેલા ગામ ફરીયા રે,

બૈરાનું મોઢું કોઈ ના જોયું રે જી.

સરકારી કામ આયા વર વર કોઈને ફાયદો થયો રે,

બૈરાને માલૂમ કાંઈ ના પડ્યું રે જી.

આણા ગામ ફરીયા વર વર પેલા ગામ ફરીયા રે,

બૈરાનું મોઢું કોઈ ના જોયું રે જી.


નાહ્યા ધોયા ને વર વર દુનિયાવારી શોભા રે,

બૈરાનું મન કોઈ ના ધોયું રે જી.

આણા ગામ ફરીયા વર વર પેલા ગામ ફરીયા રે,

બૈરાનું મોઢું કોઈ ના જોયું રે જી.

*- રાજસ્થાનની બહેનો દ્વારા રચિત*



# સ્વતંત્ર ભારતના ઘડતરમાં સ્ત્રીઓ

*એકતા:* આપણે કાલે વાત કરી તે મુજબ આજે આપણે સ્વતંત્ર ભારતના ઘડતરમાં યોગદાન આપનાર સ્ત્રીઓ વિશે જાણીશું.

### **દુર્ગાબાઈ દેશમુખ** 1909-1981



કાકીનાડા (ગોદાવરી જિલ્લો, આંધ્ર પ્રદેશ)ના મધ્યમવર્ગી કુટુંબમાં જન્મેલાં દુર્ગાબાઈનાં નિર્ણયશક્તિ અને આત્મવિશ્વાસ ગજબનાં હતાં. 8 વર્ષની ઉંમરે તેમનાં લગ્ન એક જમીનદારના દત્તક પુત્ર સાથે કરવામાં આવ્યાં હતાં. જ્યારે લગ્ન શું છે તે સમજતાં થયાં ત્યારે દુર્ગાબાઈને લાગ્યું કે આ લગ્ન ટકી શકે તેમ નથી. તેમણે પોતાના પતિને સમજાવ્યા અને તેમનું બીજું લગ્ન કરાવી પોતાની જવાબદારીમાંથી પતિને મુક્ત કર્યા.

12 વર્ષની નાની ઉંમરે તેમણે એક દારૂડિયા પતિને પોતાની પત્નીને મારતો જોયો ત્યારે પોતાની બહેનપણીઓને ભેગી કરી ગામમાં સરઘસ કાઢ્યું અને પત્નીને મારઝૂડ કરનારાઓનો બહિષ્કાર કરવા માંગણી કરી. તે વખતે આંધ્ર પ્રદેશમાં દેવદાસી પ્રથા હતી. ગરીબ દલિત સ્ત્રીઓને દેવદાસી તરીકે રાખવામાં આવતી અને "ઉચ્ચ વર્ણ"ના પૈસાદાર પુરુષો તેમનું જાતીય શોષણ કરતા. 1921માં જ્યારે ગાંધીજી કાકીનાડા આવ્યા ત્યારે દુર્ગાબાઈએ દેવીદાસીઓ અને પરદાનશીન મુસ્લિમ સ્ત્રીઓના જૂથ માટે ગાંધીજીની મુલાકાતનો સમય માંગ્યો. આ દસ મિનિટ માટે નક્કી થયેલી મુલાકાત એક કલાક સુધી ચાલી અને દુર્ગાબાઈથી પ્રભાવિત થયેલા ગાંધીજીએ તેમને પોતાના આખા પ્રવાસ દરમ્યાન તેમનાં ભાષણોનું હિન્દીમાંથી તેલુગુમાં ભાષાંતર કરવા આમંત્રણ આપ્યું.

ત્યાર બાદ તો દેશભરમાં રાષ્ટ્રવાદની આંધી ચાલી અને દુર્ગાબાઈ આઝાદીની લડતના સૈનિક તરીકે જોડાઈ ગયાં. બે વખત જેલમાં ગયાં. બીજી વખતના જેલવાસમાં તેમને ખૂનખાર ગુનેગારો અને ખૂનીઓની નજીકમાં રાખવામાં આવ્યાં, ત્યાંના વાતાવરણમાં તેમની તબિયત લથડી. જેલમાંથી છૂટ્યા બાદ તેમણે પોતાનો અધૂરો અભ્યાસ પૂરો કરવાનું વિચાર્યું. સ્વાતંત્ર્ય-સંગ્રામમાં જોડાયાં ત્યારે તેમણે પ્રાદેશિક ભાષામાં પાંચ ધોરણ પાસ કર્યાં હતાં. આટલાં વર્ષે યુનિવર્સિટીમાં સીધા દાખલ થવા તેમણે કન્ડેન્સ્ડ કોર્સ કર્યો અને સ્નાતક થયાં. ત્યાર બાદ મદ્રાસ લો કોલેજમાંથી વકીલાતની ડિગ્રી મેળવી અને ફોજદારી કાયદાઓના વકીલ તરીકે કામ કરવા માંડ્યું. એ જમાનામાં સ્ત્રીઓ ભાગ્યે જ વકીલ થતી અને થતી તો ફોજદારી કાયદામાં વકીલાત ભાગ્યે જ કરતી. તેમણે પહેલો કેસ એક વિધવા સ્ત્રીને સાસરિયા પાસેથી મિલકતમાં અધિકાર માટેનો લડ્યો અને જીત્યાં. ત્યાર બાદ ક્યારેય કોઈ સ્ત્રી તેમની પાસેથી કાનૂની સહાય વગર પાછી ફરી ન હતી.

1946માં તેઓ બંધારણ સભાના સભ્ય બન્યાં અને 750 જેટલા સુધારાઓ સૂચવ્યા. હિન્દુ કોડ બિલનો કાયદો પસાર ન થયો તે બદલ તેઓ દુઃખી થયાં. સી.ડી. દેશમુખ જ્યારે નાણાંમંત્રી હતા ત્યારે તેમની સાથે તેઓએ લગ્ન કર્યાં. આયોજન પંચના સભ્ય તરીકે સ્ત્રીઓના ઉત્કર્ષ માટે અનેક યોજનાઓ બનાવી. કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડની સ્થાપના તેમને આભારી હતી. ભારતની વસ્તી નીતિ અને કુટુંબ નિયોજનની નીતિ ઘડવામાં તેમનો ફાળો મહત્ત્વનો હતો.

*ફરઝાના:* દુર્ગાબાઈની કામગીરી જાણીને તેમના માટે માનની લાગણી થાય છે.

*એકતા:* એ જ રીતે પુષ્પાબહેન મહેતા જેવી સ્ત્રીએ તો સરકારમાં રહીને મહિલા ઉત્કર્ષની અનેક પ્રવૃત્તિઓનું સંચાલન કર્યું.

## **પુષ્પાબહેન મહેતા** 1905-1988

પુષ્પાબહેનના પિતા જંગલમાં અધિકારી હોવાથી તેમને એવાં ગામોમાં રહેવું પડતું કે જ્યાં શાળા ન હોય. પરંતુ તેમનાં માતા-પિતાએ તેમને ઘરે જ ઇતિહાસ-ભૂગોળ અને સામાજિક પરિસ્થિતિનું શિક્ષણ આપ્યું.

તેમનાં માતા હેતુબા સાહસી અને પરગજુ સ્વભાવનાં હતાં. સાસરિયાના ત્રાસથી ઘણી સ્ત્રીઓ તેમની પાસે આવતી. તેમને તેઓ આશ્રય આપતાં. ઘણી વાર આ બહેનો ત્રાસના વાતાવરણમાં પાછી જવા તૈયાર ન હોય ત્યારે તેમને સમજાવી પાછી મોકલતાં. નાનકડી પુષ્પા પૂછતી, "એમને પાછી કેમ મોકલે છે? આપણે ઘરે કેમ નથી રાખતી?" ત્યારે માતા કહેતી કે હું તો તેમ ન કરી શકું પણ મોટી થઈને તું એવું કરજે. આવા પ્રસંગોમાં તેમના ભવિષ્યના કામનાં બીજ રોપાયાં.

14 વર્ષની ઉંમરે શિક્ષક જનાર્દનરાય મહેતા સાથે તેમનાં લગ્ન થયાં અને પુષ્પાબહેનનું લગ્નજીવન તેમ જ અધૂરો અભ્યાસ એક સાથે શરૂ થયાં. 25 વર્ષની ઉંમરે વિધવા થયાં તે દિવસથી મૃત્યુપર્યંત તેમણે માત્ર કાળાં કપડાં જ પહેર્યાં.

1934માં અમદાવાદમાં શિક્ષિકા તરીકે જોડાયાં પરંતુ તે જ વર્ષે તેમની મુલાકાત મૃદુલાબહેન સાથે થઈ અને પુષ્પાબહેનને જીવનની દિશા મળી ગઈ. જ્યોતિ સંઘમાં જોડાઈ તેમણે બહેનોના શિક્ષણ માટેના વર્ગો ચલાવ્યા.



એવામાં ખબર મળી કે કેટલાક માથાભારે પઠાણો ગરીબ મજૂરોને ધીરેલા પૈસા પરત ન મળે તો તેમની સ્ત્રીઓને ઉઠાવી જાય છે. તેમની સામે પોલીસ પણ કાંઈ કરતી નથી. પુષ્પાબહેન તેમની ખોલીમાંથી જઈને સ્ત્રીઓને છોડાવી લાવ્યાં. આ નીડરતાની વાત વાયુવેગે પ્રસરી ગઈ અને અનેક દુઃખી સ્ત્રીઓ તેમની પાસે મદદ માટે આવવા માંડી. આ સ્ત્રીઓને આશ્રય આપવા પુષ્પાબહેને 1937માં 'વિકાસગૃહ'ની સ્થાપના કરી. અહીં સ્ત્રીઓને આશ્રય જ નહીં, વિકાસની તકો પણ મળતી. ત્યાર બાદ રાજકોટ, જૂનાગઢ વગેરે સૌરાષ્ટ્રનાં અનેક સ્થળોએ કેટલીય સંસ્થાઓની સ્થાપના માટે તેઓએ પહેલ કરી.

1942ની લડતમાં ભૂગર્ભમાં રહેતા કાર્યકરોનું 'વિકાસગૃહ' આશ્રયસ્થાન અને મીટિંગસ્થાન બન્યું. આઝાદી પછી જૂનાગઢના નવાબના પાકિસ્તાન સાથે જોડાવાના નિર્ણય સામે સ્થપાયેલી આરઝી હકૂમતના તેઓ પ્રધાન બન્યાં અને જ્યારે જૂનાગઢ ભારત સાથે જોડાયું ત્યાર પછી ફાટી નીકળેલાં કોમી રમખાણોમાં લત્તે લત્તે ફરી લોકોને શાંત કર્યા. પાટણમાં સૂર્યમંદિર અને મસ્જિદનો વિવાદ થયો ત્યારે તેમણે રસ્તો કાઢ્યો કે આ મંદિર પણ નહીં ને મસ્જિદ પણ નહીં, મ્યુઝિયમ થાય. આજે પણ આ સ્થળ મ્યુઝિયમ તરીકે સલામત છે.

તેઓ સેન્ટ્રલ સોશ્યલ વેલ્ફેર બોર્ડના અને ત્યાર બાદ મુંબઈ રાજ્યના અને ગુજરાત રાજ્યના સોશ્યલ વેલફેર બોર્ડનાં અધ્યક્ષા બન્યાં. સ્ત્રીઓ અને બાળકો માટે કન્ડેન્સ્ડ કોર્સ સહિત અનેક કલ્યાણ યોજનાઓ બનાવી. સ્ત્રીઓનાં અપમૃત્યુ નિવારવા આપઘાત સમિતિની રચના કરી. ગર્ભપાત કાયદેસર કરવા માટે તેમણે 1960માં એક નિબંધ તૈયાર કરેલો પરંતુ રૂઢિચુસ્તોએ આ ક્રાંતિકારી વિષય પર તેમને બોલવા દીધા નહીં. બહેનોના નાગરિક સંરક્ષણ દળની તેમણે શરૂઆત કરી. કચ્છના માધોપરની નાગરિક સંરક્ષણ દળની તાલીમ પામેલી બહેનોએ 1965માં પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે બોમ્બમારાની વચ્ચે રાતોરાત હવાઈ પટ્ટી બનાવી આ તાલીમને યોગ્ય સાબિત કરી. 1987માં મૃત્યુ પામ્યાં ત્યાં સુધી સતત સ્ત્રીઓના કલ્યાણ માટે કાર્યરત રહ્યાં.

*નીરુ:* પુષ્પાબહેનની કામગીરી સ્ત્રીને અબળા માનતા સમાજને ખરેખરો જવાબ આપે તેવી છે.

*એકતા:* દેશનો વહીવટ ચલાવવામાં સ્ત્રીઓએ જે રીતે ભાગ લીધો તે જ રીતે દેશના શ્રમજીવીઓ, કામદારોના પ્રશ્નોને વાચા આપવામાં પણ કેટલીક સ્ત્રીઓ સહભાગી બની. તેમાંથી બે બહેનોની વાત કરીએ તો મુંબઈમાં મણિબહેન કારા અને અમદાવાદમાં અનસૂયાબહેન સારાભાઈને યાદ કરવાં જ રહ્યાં.

## **મણિબહેન કારા** 1905-1979



મુંબઈના પ્રગતિશીલ કુટુંબમાં જન્મેલાં મણિબેન કારા વિદ્યાર્થી અવસ્થામાં જ સામાજિક કાર્યમાં જોડાયાં. તારદેવ અને ભાયખલ્લા વિસ્તારમાં પોતાનું સમાજકાર્ય શરૂ કર્યું. તેઓને અભ્યાસ માટે ઈંગ્લેન્ડ મોકલવામાં આવ્યાં, જ્યાં સમાજ વિજ્ઞાનનો અભ્યાસ કરી તેઓ ભારત પાછાં આવ્યાં. આર્થિક રીતે સ્વતંત્ર થવા માટે તેમણે પાછા આવી પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કર્યું. પ્રેસનું કામ કરતાં કરતાં તેઓ એમ. એન. રોય અને ભારતમાં મજૂર ચળવળના સ્થાપક ગણાતા એસ. એમ. જોષીના સંપર્કમાં આવ્યાં અને કામદારોની ચળવળ સાથે સંકળાયાં. તેઓ માનતાં કે મજૂર સંગઠન એ કામદારો માટે માત્ર આર્થિક માગણીઓ મેળવવાનું સાધન જ નથી પરંતુ તેમનો શ્વાસ અને જીવન છે; તેમને આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રાજકીય રીતે ઊંચું લાવવા માટેનું તે સાધન છે. તેઓ મજૂર સંગઠનની પ્રવૃત્તિને તેમનાં કુટુંબો સુધી લઈ જતાં. તેમણે બંદર-ગોદીના કામદારોને સંગઠિત કર્યા. તેઓ શરૂઆતથી જ મુંબઈ

મહાનગરપાલિકાના કામદારો સાથે સંકળાયેલા હતાં. 1932માં 1 મે મજૂર દિનના પ્રસંગે તેમની ધરપકડ કરવામાં આવી અને તેમને એકાંત કારાવાસ મળ્યો. એ જેલમાં તેઓ એક માત્ર મહિલાકેદી હતાં.

તેઓ ખૂબ સારા વક્તા હતાં અને ગુજરાતી, મરાઠી, હિન્દી કે અંગ્રેજીમાં એટલું સારું વક્તવ્ય આપતાં કે સાંભળનારા મંત્રમુગ્ધ થઈ જતાં.

તેઓ વેસ્ટર્ન રેલવે એમ્પ્લોઈઝ યુનિયનના પ્રમુખ તરીકે 1948માં ચૂંટાયાં અને જીવનપર્યંત તેના પ્રમુખ રહ્યાં. તેમનું સમગ્ર જીવન સામાજિક-આર્થિક અસમાનતા સામેના સંઘર્ષમાં વીત્યું.

## **અનસૂયા સારાભાઈ** 1885-1972

1885માં જન્મેલાં અનસૂયાબહેને 11 વર્ષની ઉંમરે પોતાનાં માતા-પિતા ગુમાવ્યાં અને કાકાએ તેમને ઉછેર્યાં. તેમનું લગ્ન જે છોકરા સાથે થયું હતું તે વારંવાર નપાસ થતો હતો. આથી અનસૂયાનું શિક્ષણ પણ બંધ કરવામાં આવ્યું કારણ કે પતિ કરતાં પત્ની વધારે ભણેલી હોય તે કેવી રીતે ચાલે? 12 વર્ષની ઉંમરે તેમનાં લગ્ન થયાં પરંતુ સાસરીમાં તેઓ સુખી ન હતાં. આખરે કાયમ માટે સાસરી છોડીને પિયરમાં પરત આવ્યાં. આગળ અભ્યાસ કરવાનું શરૂ કર્યું. તેઓ સાધ્વી થવા માંગતાં હતાં પરંતુ ડો. એરુલકરે તેમને ડોક્ટર બની સમાજની સેવા કરવા સમજાવ્યાં. તેઓ દાક્તરી ભણવા માટે ઈંગ્લેન્ડ ગયાં પરંતુ દાક્તરી ભણવા માટે વાઢકાપ કરવી પડે તે નહીં કરી શકાય તેવું લાગ્યું તેથી સમાજસેવાનો અભ્યાસ કર્યો.

ઈંગ્લેંડમાં તેઓ સ્ત્રીઓના મતાધિકાર માટે લડતા નારીવાદીઓ અને કામદારોના હક્કો માટે લડતા સમાજવાદીઓના સંપર્કમાં આવ્યાં. આ સંપર્કથી તેમના વિચારો ઘડાયા. ભારત આવી તેમણે મિલમજૂરો સાથે કામ કરવાનું શરૂ કર્યું. તેમનાં બાળકોને શિક્ષણ આપવાની શરૂઆત કરી. ધીમે ધીમે આ પ્રવૃત્તિમાં ધિરાણ, સહકારી મંડળી, દવાખાનાં વગેરે ઉમેરાતાં ગયાં.

1917માં અમદાવાદમાં પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે બહારના મજૂરો અમદાવાદ છોડી ચાલ્યા જવા માંડ્યા. આથી માલિકોએ મજૂરોને રોકવા માટે પગાર-વધારો જાહેર કર્યો પરંતુ આ વધારો માત્ર બહારના મજૂરોને આપવાનું નક્કી કર્યું. જે કામદારો અમદાવાદના જ વતની હતા અને ક્યાંય બીજે જઈ




શકે તેમ ન હતા તેમને વધારો ન આપ્યો. આ અન્યાય સામે લડવા મજૂરોએ અનસૂયાબહેનની સહાય માંગી. અનસૂયાબહેને તેમને ગાંધીજીના સિદ્ધાંતો મુજબ અહિંસક રીતે લડત કરવા સમજાવ્યા. મિલમાલિકોને નોટિસ આપી કે 48 કલાકમાં જો કામદારોને પગાર-વધારો નહીં મળે તો તેઓ હડતાળ પર જશે. 48 કલાક બાદ હડતાળ શરૂ થઈ. આ લડતમાં એક બાજુ અનસૂયાબહેન મજૂરોના પક્ષે હતાં તો સામે મિલમાલિકોના નેતા તેમના જ ભાઈ અંબાલાલ સારાભાઈ હતા. છેવટે ગાંધીજીએ પણ દરમ્યાનગીરી કરી અને મિલમજૂરો માટે પગાર-વધારો કર્યો. આ અનુભવમાંથી આગળ જતાં કામદાર યુનિયન “મજૂર મહાજન”ની શરૂઆત થઈ.

*આશા:* કામદારોને સંગઠિત કરવામાં જીવન ખર્ચનાર મણિબહેન અને અનસૂયાબહેન માટે ખરેખર માન થાય છે. બાકી આજે પણ યુનિયનની પ્રવૃત્તિઓમાં જોડાવા માટે સ્ત્રીઓને કેટલી બધી મુશ્કેલી સહન કરવી પડે છે!

*શકરી:* સાચી વાત છે.

*એકતા:* હવે હું તમને મૃદુલા સારાભાઈ અને કમળાબહેન પટેલની વાત કરીશ કે જેમણે ખૂબ કઠિન પરિસ્થિતિમાં કામ કર્યું.

## મૃદુલા સારાભાઈ 1911-1974


અમદાવાદના મિલ માલિકના કુટુંબમાં જન્મેલાં મૃદુલાબહેનની બહેનો જ્યારે ઈંગ્લેન્ડ ભણવા ગઈ ત્યારે તેઓ ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયાં.

આઝાદીની લડતમાં બાળકોને સાંકળવા તેમણે છોકરાઓની વાનરસેના અને છોકરીઓની માર્જાર સેના શરૂ કરી.

ગાંધીજીની અનિચ્છા છતાં 1930માં દાંડીકૂચમાં જોડાયાં. દારૂનિષેધના કાર્યક્રમ દરમ્યાનનો એક પ્રસંગ તેમની નીડરતા દર્શાવે છે. દારૂનો જથ્થો અમદાવાદમાં આવવાનો છે તેવી ખબર પડતાં સ્ત્રીઓની એક ટુકડી મધરાતથી જ તૈયાર થઈને ઊભી હતી. વહેલી સવારે ઘોડાગાડીમાં દારૂ લઈ જતા કલાલને જોતાં જ 19 વર્ષનાં મૃદુલાબહેને ચાલતી ગાડીના ઘોડાની લગામ પકડી જરાય ડર્યા વગર બળપૂર્વક તેને ચાલતી અટકાવી. તેઓ શરૂઆતથી જ સ્ત્રીઓને નીચી ગણવાનો વિરોધ કરતાં હતાં. જ્યારે તેઓ યુવક સંઘની પ્રવૃત્તિમાં સક્રિય બન્યાં ત્યારે યુવક સંઘના મંત્રી તરીકે એવો ઠરાવ પસાર કરાવ્યો કે સ્ત્રીએ પોતાના નામ આગળ મિસ, મિસિસ, ગંગા સ્વરૂપ જેવાં વિશેષણો લગાડવાની જરૂર નથી. શા માટે વિધવાથી ચાંદલો ન કરાય અને રંગીન કપડાં ન પહેરાય?



કોંગ્રેસના કેટલાક નેતાઓને તેમની પ્રવૃત્તિ અને વિચારો સામે વિરોધ હતો. પરંતુ તેમણે મક્કમતાથી પોતાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી.



1930ની લડત દરમ્યાન ઘરની બહાર નીકળેલી સ્ત્રીઓ, પાછી રસોડાની રાણી બની ખુશ રહે તે શક્ય ન હતું. તેમણે સ્ત્રીઓના વિકાસ માટે 1934માં ‘જ્યોતિ સંઘ’માં નાત-જાત-ધર્મથી પર રહી સ્ત્રીઓ કે ગુંડા તત્ત્વોના હાથમાં સપડાયેલી સ્ત્રીઓને સંસ્થાના તૈયાર થયેલા કાર્યકરો જેમ કે પુષ્પાબહેન મહેતા, ચારુમતિબહેન યોદ્ધા, ઉદયબહેન વગેરે જાતે જઈ છોડાવતાં. આને કારણે એવી વાતો ફેલાવાતી કે આ સંસ્થા કુટુંબ તોડવા બેઠી છે. એક તબક્કે સરદાર પટેલ જેવા નેતાએ પણ કહ્યું કે, “જ્યોતિ સંઘને કોંગ્રેસમાં ભેળવી દો અથવા બંધ કરો.” પણ મૃદુલાબહેનની મક્કમતાથી જ્યોતિ સંઘ સતત વિકસતું રહ્યું અને અનેક સ્ત્રી કાર્યકરોને તેમણે તૈયાર કર્યાં.

જિંદગીભર તેમણે કોમી એકતા માટે કામ કર્યું. 1941 ને 1946માં અમદાવાદમાં, 1946ના અંતમાં મેરઠમાં અને ભાગલા પછી બિહારમાં થયેલાં કોમી રમખાણોમાં એકતાનું કામ કર્યું.

1946માં મેરઠમાં કોંગ્રેસનું અધિવેશન ભરાવાનું હતું, તે પહેલાં રમખાણો થયાં. જિલ્લા કલેક્ટરે તોફાનો અટકાવવાની જવાબદારી મૃદુલાબહેન અને તેમના સાથીઓને સોંપી. ગઠમુક્તેશ્વરના મેળામાં તોફાનો કરી પરત ફરતું કિસાનોનું ટોળું મુસ્લિમ વસ્તીવાળા વિસ્તારોમાં તોફાનો કરશે તેવું વાતાવરણ હતું. મૃદુલાબહેને પોલીસ મદદ માટે સંદેશો મોકલ્યો. પરંતુ પોલીસ આવે તે પહેલાં જ જાટ અને પઠાણનાં ટોળાં સામસામે આવી ગયાં. તેમને અટકાવવા મૃદુલાબહેન ઝાડ પર ચઢી ગયાં અને ઝાડ પરથી તેમને રોકાવા માટે સંબોધન કર્યું. છ કલાક સુધી આ ટોળાઓને તેમણે રોકી રાખ્યાં.

આઝાદી વખતે થયેલા ભાગલાને પરિણામે ભારત તેમ જ પાકિસ્તાનમાં હજારો હિન્દુ-મુસ્લિમ સ્ત્રીઓનાં અપહરણ થયાં હતાં. તેમને પરત લાવવાનો પ્રશ્ન ખૂબ પેચીદો હતો. મૃદુલાબહેને બંને દેશની સરકારો સાથે કામ કરી જીવના જોખમે હિન્દુ સ્ત્રીઓને ભારતમાં અને મુસલમાન સ્ત્રીઓને પાકિસ્તાનમાં પહોંચાડવાનું ખૂબ મુશ્કેલ કામ કર્યું.

તેઓ પોતાના વિચારો વ્યક્ત કરવામાં ક્યારેય પાછાં ન પડ્યાં. આઝાદી પછી કાશ્મીરના પ્રશ્ને નહેરુ સરકારની નીતિનો અને શેખ અબ્દુલ્લાની ધરપકડનો વિરોધ કર્યો. આ બદલ તેમને સરકારની દરેક કમિટીમાંથી ખસેડવામાં આવ્યાં અને તિહાર જેલમાં પૂરવામાં આવ્યાં. દેશદ્રોહનો આરોપ પણ કેટલાકે લગાવ્યો. પરંતુ પોતાની ન્યાય માટેની સાચી ઝુંબેશ તેમણે જીવનના અંત સુધી ચાલુ રાખી.

## કમળાબહેન પટેલ

મૃદુલાબહેનની ભાગલા વખતની કામગીરીમાં તેમના સાથીદાર હતાં કમળાબહેન પટેલ. કમળાબહેન પટેલનો જન્મ નડિયાદ પાસે સોજીત્રા ગામમાં થયો હતો.

તેમનું કુટુંબ સ્વતંત્રતા સંગ્રામની શરૂઆતથી જ તેમાં સક્રિય હતું. 1947ની 15મી ઓગસ્ટે જ્યારે આઝાદીનું એલાન થયું ત્યારે તેઓ અમદાવાદ હતાં. મધરાતે કોંગ્રેસ ભવન પર રાષ્ટ્રધ્વજ ફરકતો જોયો ત્યારે તેમને થયું કે હવે જિંદગીનો કપરો કાળ પૂરો થયો. પરંતુ નવેમ્બર મહિનામાં જ તેમને મૃદુલાબહેનનો સંદેશો મળ્યો અને તેઓ લાહોર જવા નીકળી પડ્યાં. 35 વર્ષની ઉંમરે સાવ છોકરી જેવાં દેખાતાં કમળાબહેન પર મૃદુલાબહેને કપરી જવાબદારી નાંખી હતી.

લાહોરની નિર્વાસિતોની છાવણીમાં રહી પાકિસ્તાનથી અપહરણ કરાયેલી હિન્દુ સ્ત્રીઓને પાછી મેળવી તેમને ભારત પરત મોકલવાની જવાબદારી તેમને સોંપાઈ હતી. આ કામમાં તેઓએ પોતાની કોઠાસૂઝથી અનેક મુશ્કેલ સંજોગોમાં જીવના જોખમે રસ્તો કાઢ્યો. પોતાના અનુભવો અંગે તેમણે લખેલ પુસ્તક “મૂળ સોતાં ઊખડેલાં” દ્વારા તેમની બાહોશી, કોઠાસૂઝ અને હિમ્મતનો ખ્યાલ આવે છે. સાથે સાથે આવા સંજોગોમાં માણસ માણસ સાથે અને પુરુષો સ્ત્રીઓ સાથે કેટલું હેવાનિયતભર્યું વર્તન કરી શકે છે, તેનો સ્પષ્ટ ચિતાર આપે છે.

આ કામ દરમ્યાન તેમની સામે વારંવાર એક પ્રશ્ન આવતો કે સ્ત્રીઓ પર જુલમો માત્ર મુસ્લિમોએ કર્યા હતા કે હિન્દુઓએ પણ કર્યા હતા? પોતાના પુસ્તક, “મૂળ સોતાં ઊખડેલાં”માં તેમણે જે જવાબ આપ્યો તે નીચે મુજબ છેઃ “સ્ત્રીઓ પર કઈ કોમે વધારે જુલમો કર્યા એ વિવાદનો મારો સ્પષ્ટ ઉત્તર એ છે કે સામાન્ય સંજોગોમાં સભ્ય અને સંસ્કારી દેખાતા પુરુષોએ માનવતા મૂકીને સ્ત્રીઓ પર જુલમો કર્યા હતા. આમાં કોમ કે ધર્મનો કોઈ વિવેક રહ્યો ન હતો. સ્ત્રીઓ પર અમાનુષી અને હીન જુલમ ગુજારવામાં મુસ્લિમ કે બિન-મુસ્લિમ કોઈ એકબીજાથી ઊણા ઊતર્યા ન હતા. આ માટે એક જ દૃષ્ટાંત બસ થશે. અત્યંત પવિત્ર ગણાતા અમૃતસરના સુવર્ણ મંદિરમાં મુસ્લિમ સ્ત્રીઓને નગ્ન કરીને રાતભર નચાવવામાં આવી હતી અને રાવલપિંડીમાં હિન્દુ સ્ત્રીઓને નગ્ન કરીને જાહેર માર્ગો પર ફેરવવામાં આવી હતી.”

*નીરુ:* કમળાબહેને લખેલી વાત વાંચીને તો માણસજાત પરથી શ્રદ્ધા ઊઠી જાય છે... શું ધરમ માણસને આટલી હદે નીચો પાડી શકે?

*શકરી:* જે ધરમ માણસને માણસ ન રહેવા દે તેને ધરમ કહેવાય ખરો?

*આશા:* શકરીબહેનની વાત સાચી છે. આજની વાત સાંભળી મન ખૂબ ડહોળાઈ ગયું છે. તો આજે ચર્ચા પૂરી કરતા પહેલાં આપણે માણસને માણસ બનાવે તેવા ઇન્સાનિયતના ધર્મની આશા વ્યક્ત કરતું એક ગીત ગાઈએ.

*ફરઝાના:* તમે ગવડાવો ને, અમે બધા ઝીલીશું.

## અબ તો મજહબ કોઈ ઐસા હી બનાયા જાય



અબ તો મજહબ કોઈ ઐસા હી બનાયા જાય
જિસમેં હર ઇંસાન કો ઇંસા બનાયા જાય

આગ બહતી હૈ યહાં ગંગા મેં ભી ઝેલમ મેં ભી
કોઈ બતલાયે કહાં જાકર નહાયા જાય

જિસકી ખુશબુ સે મહક ઉઠે પડોસી કા ભી ઘર
ફુલ ઐસા અપની બગિયા મેં ખિલાયા જાય

તેરે દુઃખ ઓર દર્દ કા મુઝ પર ભી હો ઐસા અસર
તુ રહે ભુખી તો મુઝ સે ભી ન ખાયા જાય

જિસ્મ ચાહે દો હોં લેકિન દિલ તો અપને એક હોં
તેરા આંસુ મેરી પલકોં સે ઉઠાયા જાય
જિસમેં હર ઈન્સાન કો ઈંસા બનાયા જાય

- ***નીરજ***

*એકતા:* જે રીતે સરકારના વહીવટમાં કે સામાજિક ક્ષેત્રોમાં સ્ત્રીઓએ યોગદાન આપ્યું તે જ રીતે સ્ત્રીઓ માટે નવા જ કહી શકાય તેવા વ્યવસાયોમાં પણ કેટલીક બહાદુર સ્ત્રીઓએ ઝુકાવ્યું. જેમ કે - હંસાબહેન મહેતા ભારતનાં પ્રથમ મહિલા ઉપકુલપતિ બન્યાં અને વિશ્વ વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીનું સુકાન સંભાળ્યું, તો હોમાઈ વ્યારાવાલા પ્રથમ મહિલા ફોટો જર્નાલિસ્ટ બન્યાં.

## **હંસા મહેતા** 1897-1995

હંસાબહેનનું બાળપણ અને શિક્ષણ વડોદરામાં વીત્યાં. બરોડા કોલેજમાંથી તેઓ સ્નાતક થયાં. તેઓ ગુજરાતનાં ત્રીજાં સ્ત્રી સ્નાતક હતાં. ત્યાર બાદ તેઓ લંડનમાં અભ્યાસ માટે ગયાં અને ત્યાં તેમની મૈત્રી સરોજિની નાયડુ સાથે થઈ. આ મિત્રતા જીવનપર્યંત રહી. આ મિત્રતાએ તેમનો સંપર્ક સ્ત્રી આંદોલન સાથે કરાવ્યો. જીનીવામાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય વિમેન્સ કોન્ફરન્સમાં તેમણે સરોજિની નાયડુ સાથે ભાગ લીધો.



1923માં એકલાં જ અમેરિકાની મુસાફરીએ ગયાં અને ત્યાં અનેક લોકોને મળ્યાં. ત્યાંથી પરત ફરતાં જાપાન ગયાં કે જ્યાં તેમને ભયાનક ધરતીકંપનો સામનો કરવો પડ્યો. આ ધરતીકંપમાંથી તેમનો અદ્‌ભુત રીતે બચાવ થયો. આમ દેશ-વિદેશમાં એકલા મુસાફરી કરવાથી તેમનાં જ્ઞાન અને અનુભવનો વિસ્તાર થયો.

1924માં જીવરાજ મહેતા સાથે અનેક લોકોના વિરોધ વચ્ચે આંતરજ્ઞાતીય લગ્ન કર્યાં. તે બદલ તેમને નાત બહાર મૂકવામાં આવ્યાં. ત્યાર બાદ તેઓ સ્વાતંત્ર્ય-સંગ્રામમાં જોડાયાં. 1930માં મુંબઈમાં એક વિશાળ સરઘસની આગેવાની કરી.

અખિલ હિંદ મહિલા પરિષદ સાથે સંકળાયાં. 1945માં પરિષદના પ્રમુખ તરીકે "સ્ત્રીઓના અધિકારનું ઘોષણાપત્ર" તૈયાર કર્યું. તેઓ ભારતની બંધારણ સભાનાં સભ્ય રહ્યાં અને બંધારણમાં સ્ત્રીઓના અધિકારો દાખલ કરવા માટે અન્ય સ્ત્રી સભ્યો સાથે મળી ઝઝૂમ્યાં. યુએનમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું અને "માનવ અધિકારનું ઘોષણા પત્ર" તૈયાર કરનારી સમિતિના સભ્ય રહ્યાં. વડોદરાની વિશ્વ વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પ્રથમ ઉપકુલપતિ બન્યાં અને તે જવાબદારી નવ વર્ષ સુધી કુશળતાપૂર્વક નિભાવી.

મિશ્ર શિક્ષણ આપતી યુનિવર્સિટીમાં ઉપકુલપતિ બનનાર તેઓ પ્રથમ મહિલા હતાં.

સાહિત્ય ક્ષેત્રે પણ તેમનો ફાળો અદ્ભુત છે. તેમણે શેક્સપિયરના 'હેમ્લેટ'નું ગુજરાતીમાં ભાષાંતર કર્યું છે. ઉપરાંત ફ્રેન્ચ નાટકો, વાલ્મીકિ રામાયણના છ કાંડનું સંસ્કૃતમાંથી ગુજરાતીમાં ભાષાંતર કર્યું છે. તેમના અંગ્રેજી લેખોનું સંપાદન 1981માં "ઇન્ડિયન વિમેન્સ" શીર્ષક હેઠળ પ્રકાશિત કરવામાં આવેલું છે. તેમણે બાળ સાહિત્યનું પણ સર્જન કર્યું. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે તેમણે યુનેસ્કોના એક્ઝિક્યુટિવ બોર્ડ મેમ્બર તરીકે કામગીરી કરી. 1959માં તેમને પદ્મભૂષણથી નવાજવામાં આવ્યાં.

## **હોમાઈ વ્યારાવાલા** 1913

ભારતનાં પ્રથમ સ્ત્રી ફોટો જર્નાલિસ્ટ હોમાબહેન વ્યારાવાલા 92 વર્ષની ઉમ્મરે પણ વડોદરામાં સ્વનિર્ભર રીતે પોતાનું જીવન ગુજારી રહ્યાં છે. ઘરનાં તમામ કામ કપડાં સીવવાથી માંડીને રસોઈ સુધી અને પ્લંબર કે સુથારનાં તમામ કામો તેઓ આ ઉમ્મરે પણ જાતે જ કરે છે. નવસારીમાં સુનામાઈ અને ડોસાભાઈના ઘરે જન્મેલી હોમાઈએ હાઈસ્કૂલનું ભણતર મુંબઈમાં મેળવ્યું. તેમના વર્ગમાં મેટ્રિક પાસ થનાર તેઓ એક માત્ર વિદ્યાર્થિની હતાં. ત્યાર બાદ તેઓએ મુંબઈની જે.જે. સ્કૂલ ઓફ આર્ટ્સમાં ચિત્ર શિક્ષક તરીકેની તાલીમ લીધી. આ દરમ્યાન તેઓ માણેકશાના પરિચયમાં આવ્યાં. માણેકશા હોમાઈને અભ્યાસમાં ઘણી મદદ કરતા. તેમને ફોટોગ્રાફીનો ઘણો શોખ હતો. તેઓ ફોટા પાડી અખબારમાં આપતાં. એક વખત હોમાઈ પીકનીક પર ગયાં ત્યારે માણેકશાના કેમેરાથી ફોટા પાડ્યા. આ ફોટા માણેકશાના નામે અખબારમાં મોકલ્યા અને બોમ્બે ક્રોનિકલના પ્રથમ પાને તે છપાયા. આમ હોમાઈબહેને ફોટો જર્નાલિઝમની શરૂઆત કરી. શરૂઆતનાં વર્ષોમાં સ્ત્રીઓના નામે ફોટા મોકલો તો ન છપાય તેથી તેઓ માણેકશાના નામે ફોટા મોકલતાં.



હોમાઈ અને માણેકશાની મિત્રતા લગ્નમાં પરિણમી. ત્યાર બાદ હોમાઈએ સ્વતંત્ર ફોટોગ્રાફર તરીકે કામ કરવા માંડ્યું. તે જમાનામાં ફોટોગ્રાફી કરવી એ સહેલી વાત ન હતી. ફોટોગ્રાફી કેમેરા, સ્ટેન્ડ તેમ જ અન્ય સામગ્રી ખૂબ મોટા કદની અને વજનદાર હતી. પરંતુ હોમાબહેન સાડી પહેરીને આ બધાં સાધનો વડે ફોટોગ્રાફી કરતાં.

વખત જતાં ખૂબ જ પ્રખ્યાત સામયિક 'ઈલસ્ટ્રેટેડ વીકલી'માં તેમના પાડેલા ફોટા તેમના પોતાના નામે છપાયા.

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન બ્રિટિશ સરકારના માહિતી ખાતામાં પતિ-પત્ની બંનેને ફોટોગ્રાફર તરીકે નોકરી મળી. તે વખતે હોમાઈને સુવાવડ આવવાની હોવાથી તેઓ તાત્કાલિક નોકરી પર જોડાઈ શક્યાં નહીં. તો તેમના માટે છ મહિના સુધી તે જગ્યા ખાલી રાખવામાં આવી.

ઘરકામ કે બાળકો માટે તેમણે ક્યારેય નોકર રાખ્યા નહીં. બધું કામ પતિ-પત્ની મળીને જાતે જ કરતાં. 30ના દાયકાથી 70ના દાયકા સુધી તેમણે ફોટોગ્રાફી કરી. આ સમય ભારતના ઇતિહાસમાં ખૂબ મહત્ત્વનો સમય હતો. તેમણે નહેરુ, ગાંધીજી, લાલાબહાદુર શાસ્ત્રી જેવા અનેક રાષ્ટ્રવાદી નેતાઓના ફોટોગ્રાફ લીધા. ગાંધીજીની અંતિમ યાત્રા, ગાંધીજી અને અબ્દુલ ગફારખાનનું મિલન જેવા પ્રસંગોના ફોટા લીધા. આઝાદી પછી નહેરુ જેને આધુનિક ભારતનાં મંદિર ગણાવતા તેવા બંધો વગેરેના ફોટા લીધા.

1969માં માણેકશાનું મૃત્યુ થતાં તેમણે મનોમન નક્કી કર્યું કે, જેમની સાથે ફોટોગ્રાફી શરૂ કરી હતી તે તેમના ગયા પછી છોડી દેવી. 1982થી તેઓ વડોદરા ખાતે રહે છે અને 92 વર્ષની જૈફ વયે પોતાનું દરેક કામ જાતે જ કરે છે.

*કમલા:* ખરેખર એવું એક પણ ક્ષેત્ર નહીં હોય કે જેમાં સ્ત્રીઓએ સિદ્ધિ હાંસલ કરી ન હોય. જો હક્ક મળે અને તક મળે તો સ્ત્રીઓ શું ન કરી શકે?

*રેશ્મા:* પણ હક્કની સાથે તક પણ મળવી જોઈએ ના?

*આશા:* ખરું કહ્યું. આપણી જ વાત કરો ને... હક્ક તો બધા કાયદાની ચોપડીમાં બંધ છે ને તક મેળવવા તો ઘરમાં ને બહાર બધે જ લડવું પડે છે.

*એકતા:* સાચું કહ્યું. સ્વતંત્રતા મળ્યા પછી જે કેટલીક સ્ત્રીઓને હક્ક ને તક બંને મળ્યાં અથવા તો તેમણે સંઘર્ષ કરીને મેળવી લીધાં તેઓએ દરેક ક્ષેત્રમાં એટલી સિદ્ધિ હાંસલ કરી કે જેથી સ્ત્રીઓમાં ક્ષમતા નથી એવું કોઈ જ ન કહી શકે. પરંતુ તેની સાથે એક એવી છાપ પણ ઊભી થઈ કે ભારતની સ્ત્રીઓને

બંધારણમાં સમાનતા મળી ગઈ તેથી હવે તેમના કોઈ ખાસ સળગતા સવાલો રહ્યા નથી. આથી આઝાદી પછી તરતના બે દાયકાઓને નારી આંદોલનના ઇતિહાસમાં "શાંત દાયકાઓ" (silent decades) કહેવામાં આવે છે.

*ફરઝાના:* શાંત દાયકાઓ એટલે?

*એકતા:* શાંત એટલા માટે કે આ દાયકાઓમાં ખાસ કોઈ આંદોલનો ના થયાં કારણ કે આ સમય દરમ્યાન લોકોમાં એક આશા હતી કે હવે તો આપણા દેશમાં આપણી સરકાર છે, આજે નહીં તો કાલે આપણા પ્રશ્નો તરફ ધ્યાન અપાશે અને આપણી ગરીબી, બેકારી દૂર થશે; સૌને રોટી-કપડાં ને મકાન મળશે, સૌને સારું શિક્ષણ મળશે; સૌને બીમારીમાં સારવાર મળશે. અને સરકારે પણ એમ જ કહ્યું કે એક વાર આપણા દેશમાં વિકાસ થવા દો, ઉત્પાદન વધવા દો, પછી ધીમે ધીમે આ વિકાસનાં ફળો બધાંને પહોંચશે.

*શકરી:* પણ હજુ સુધી તો આપણા સુધી કોઈ ફળો પહોંચ્યાં નથી.

*એકતા:* સાચી વાત છે. વિકાસના લાભો લોકો સુધી પહોંચ્યા નહીં તેથી જ દેશના અલગ અલગ ભાગોમાં જન આંદોલનોની શરૂઆત થઈ.

*કમલા:* આ સમય દરમ્યાન કયાં કયાં જન આંદોલનો થયાં.

*નીરુ:* અને આ જન આંદોલનોમાં પણ સ્ત્રીઓએ ફાળો તો આપ્યો જ હશે ને?

*એકતા:* હાસ્તો. આઝાદીના આંદોલનની જેમ જ આમાં પણ સ્ત્રીઓની ભાગીદારી અને બલિદાન નોંધપાત્ર રહ્યાં. આ આંદોલનો અને તેમાં સ્ત્રીઓએ શું કર્યું તેની ચર્ચા આપણે સંક્ષેપમાં હવે પછી કરીશું.

# જન-આંદોલનોમાં સ્ત્રીઓનું યોગદાન

*એકતા:* આપણે જોયું તેમ આઝાદી પછી શરૂઆતના સમય બાદ 60ના દાયકાના અંત સુધીમાં સામાન્ય લોકોની, કામદારોની, મજૂરોની, આદિવાસીઓની અને સ્ત્રીઓની જિંદગી વધારે ને વધારે ખરાબ થતી ગઈ. રોજ સવારે ઊઠીને એક સાંધો તો તેર તૂટે તેવી પરિસ્થિતિ થવા માંડી અને લોકોની ધીરજ ખૂટી પડી. દેશના અલગ અલગ ભાગોમાં લોકલડતો વધુ ઉગ્ર બની. પોતાની માગણીઓ માટે સરકાર સામે આંદોલન કરવા હજારો લોકો રસ્તા પર આવી ગયા. આથી 1960ના દાયકાના અંતથી શરૂ કરીને 1970ના દાયકા દરમ્યાન "શાંત દાયકાઓ"ની શાંતિ તૂટી અને **જન આંદોલનોના સમયગાળાની** શરૂઆત થઈ.

1960ના દાયકાના અંતમાં જમીનદારોના શોષણ અને રાજ્યના દમન સામે પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, બિહાર અને કેરળમાં **નક્સલવાદી ચળવળ** થઈ. તેમાં ખેતમજૂર અને આદિવાસી સ્ત્રીઓએ મોટા પ્રમાણમાં ભાગ લીધો. 1967માં સી.આર.પી. અને નક્સલવાદીઓ વચ્ચે સંઘર્ષ થયો ત્યારે તેમાં કેટલાય લોકો મૃત્યુ પામ્યા. આ મૃત્યુ પામનારાઓમાં સાત સ્ત્રીઓ હતી. નક્સલબારી આંદોલનના ઇતિહાસમાં તેઓ "સપ્ત કન્યા" તરીકે જાણીતી બની. જ્યારે 1970ના દાયકાની શરૂઆતમાં આ લડતને કચડી નાંખવામાં આવી ત્યારે પુરુષોની સાથે હજારો સ્ત્રીઓને પણ જેલમાં નાંખવામાં આવી. જેલમાં તેમની પર અમાનવીય અત્યાચારો કરવામાં આવ્યા.

*રેશ્મા:* અમે સાંભળ્યું છે કે નક્સલવાદી તો નિર્દોષો પર પણ અત્યાચાર કરે છે.

*આશા:* હા. જેમ કે આતંકવાદી.

*એકતા:* નકસલવાદી આતંકવાદી નથી. નકસલવાદી આંદોલનની શરૂઆત શોષિત મજદૂરોની મુક્તિ માટે થઈ હતી.

*ફરઝાના:* પણ આજ કાલ તો આપણે વાંચીએ છીએ કે તેઓ કોઈ પણ કારણ વગર ઓફિસર કે નિર્દોષ નાગરિકોને પણ મારી નાંખે છે, તે શું સારી વાત કહેવાય?

*એકતા:* કારણ વગર કોઈની હત્યા કરવી સહેજ પણ યોગ્ય નથી. અને કોઈ કારણ હોય તો પણ હિંસાનો રસ્તો લેતા પહેલાં અનેક વાર વિચાર કરવો જોઈએ કારણ કે લાંબા ગાળાનો વિચાર કરીએ તો હિંસાથી પુરુષ સત્તાને જ પ્રોત્સાહન મળે છે.

*નીરુ:* એ કઈ રીતે?

*એકતા:* નારી આંદોલનમાં આ મુદ્દા પર અલગ અલગ વિચાર પ્રવાહ છે. એક વિચાર એવો છે કે શોષણ, અન્યાય કરનારાઓ હંમેશા લોકોને દબાવવા માટે પોલીસ, લશ્કર દ્વારા હિંસાનો સહારો લે છે માટે તેમની સામે લડવા માટે પ્રતિહિંસાનો સહારો લઈએ તો ખોટું નથી.

*શકરી:* બરોબર જેવા સાથે તેવા!



*એકતાઃ* પરંતુ બીજો વિચાર એ છે કે જો આપણે અન્યાય સામે લડવા માટે પ્રતિહિંસાનો સહારો લઈએ તો પણ લાંબા ગાળે પુરુષ-પ્રધાનતાને ચાલુ રહેવામાં મદદ મળે છે.

*ફરઝાનાઃ* સાચી વાત. સ્ત્રીઓ થોડી હિંસા કરવા જાય છે?

*રેશ્માઃ* અરે, આ વિભાગમાં જ તો આપણે ઝલકારીબાઈ, ઉદાદેવી, બીના દાસ, પ્રીતિલતા વગેરેની વાતો સાંભળી હતી.

*કમલાઃ* પણ તેમનેય સ્ત્રી હોવા છતાં મર્દાના જ કહ્યું છે.

*એકતાઃ* સાચી વાત. હિંસા પુરુષ અને સ્ત્રી બંને કરે છે. પરંતુ જે સંઘર્ષમાં હિંસાની રણનીતિ અપનાવવામાં આવે, તેમાં નિર્ણયપ્રક્રિયા મુઠ્ઠીભર નેતાઓના હાથમાં જ રહે છે. અને અંતે તેમાંથી જ તાનાશાહીનો જન્મ થાય છે. અને આ તાનાશાહી-સરમુખત્યારશાહી લાંબા ગાળે સ્ત્રીઓ અને સામાન્ય લોકોના હક્કો વિરુદ્ધ જાય છે.

*રેશ્માઃ* એટલે કે હિંસા કોઈ ને કોઈ રીતે અન્યાય અને અસમાનતાને જન્મ આપે છે અને કાયમ રાખે છે.

*એકતાઃ* સાચી વાત. પરંતુ નારી આંદોલન અને જન આંદોલનમાં આ વિવાદ હજુ ચાલુ જ છે. ક્યારેક તેના વિશે વિગતે વાત કરીશું. આજની ચર્ચા આગળ ચલાવી હું તમને તે સમયનાં બીજાં જનઆંદોલનો વિશે જણાવીશ.

*કમલાઃ* મેં સાંભળ્યું હતું કે તે સમયે વિદ્યાર્થીઓનાં આંદોલન પણ થયાં હતાં.

*એકતાઃ* હા. 1974માં ગુજરાતમાં ભાવવધારા અને ભ્રષ્ટાચારની સામે **"નવનિર્માણ"**નું આંદોલન થયું. આ આંદોલનમાં વિદ્યાર્થિનીઓ અને મધ્યમ વર્ગની મહિલાઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. વહેલી સવારમાં પ્રભાત ફેરી કરવી, ભ્રષ્ટાચારી સરકારનો મૃત્યુઘંટ વગાડવો, ધરણાં, શેરીનાટકો, મૉક કોર્ટ જેવા બધા જ કાર્યક્રમોમાં સ્ત્રીઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. યુવાનોને પોલીસ અને લશ્કરના દમનથી બચાવવા સરઘસની સૌથી આગળ સ્ત્રીઓ ચાલતી અને પોલીસો ધરપકડ કરે ત્યારે યુવાનોને છોડાવવા માટે સ્ત્રીઓ મોરચા લઈ જતી.

ગુજરાતની નવનિર્માણની લડતથી પ્રેરાઈને જયપ્રકાશ નારાયણે બિહારના યુવાનોને પણ આંદોલન કરવા હાકલ કરી. **"સંપૂર્ણ ક્રાંતિ ચળવળ"** તરીકે જાણીતી બનેલી આ ચળવળમાં વિદ્યાર્થિનીઓએ અનેક અવરોધો અને કૌટુંબિક વિરોધો વચ્ચે

ભાગ લીધો. તેમણે 'મહિલા સંઘર્ષ વાહિની'ની સ્થાપના કરી.

'મહિલા સંઘર્ષ વાહિની'એ આગળ જઈને સ્ત્રીઓના જમીન પરના અધિકાર માટે ખૂબ મહત્ત્વનો સંઘર્ષ કર્યો. તેના વિશે ભવિષ્યમાં ક્યારેક વાત કરીશું.

*આશા:* આ સમયે કામદાર-કર્મચારીઓએ પણ કેટલા સંઘર્ષ કર્યા હતા!

*એકતા:* હા, શહેરમાં કારખાનાઓમાં પણ અનેક સંઘર્ષ થયા હતા.

1975માં રેલવે કામદારોએ આખા દેશમાં ઐતિહાસિક હડતાળ પાડી. **રેલવે કામદારોની હડતાળ**માં તેમના કુટુંબની સ્ત્રીઓની સક્રિય ભૂમિકા જોતાં હડતાળને તોડવા માટે કિશનગંજ રેલવે કોલોનીમાં પોલીસો દ્વારા સ્ત્રીઓ પર મારપીટ, છેડતી અને બળાત્કારના બનાવો પણ બન્યા. છતાં સ્ત્રીઓ પાછી ન પડી, તેમણે હડતાળને ટેકો આપવાનું ચાલુ રાખ્યું.

સ્ત્રીઓ, આ બધાં આંદોલનોમાં પુરુષો સાથે ખભેખભા મિલાવી લડી. ઉપરાંત, કેટલાંક એવાં આંદોલનો પણ થયાં કે જેમાં સ્ત્રીઓની જ મુખ્ય આગેવાની હતી. જેમ કે **ચિપકો આંદોલન**.

*રેશ્મા:* ચિપકો આંદોલન! આ તે કેવું નામ?

*એકતા:* તેનું નામ ચિપકો આંદોલન પડ્યું કારણ કે સ્ત્રીઓએ વૃક્ષ સાથે ચિપકી જઈને જંગલનું રક્ષણ કર્યું.

*નીરુ:* પરંતુ વૃક્ષોનું રક્ષણ કેવી રીતે કર્યું?

*આશા:* તે શા માટે?

*એકતા:* ભારતમાં ઉત્તર દિશામાં આવેલા ટિહરી ગઢવાલના જંગલ વિસ્તારની આ વાત છે. આ વિસ્તારના લોકોની જિંદગી જંગલ પર આધારિત છે. સરકાર કોન્ટ્રેક્ટરોને જંગલ કાપવાની પરવાનગી આપે અને જંગલોનો નાશ થાય. જંગલ ન રહે એટલે સ્ત્રીઓ માટે બળતણ, ચારો, પાણીની સમસ્યા રોજની તકલીફનું કારણ બની હતી. 1973માં ગાંધીવાદી આગેવાન સુંદરલાલ બહુગુણા અને ચંડીપ્રસાદ ભટ્ટ બંનેએ જંગલ બચાવવા આંદોલન શરૂ કર્યું. આ આંદોલનમાં સૌથી પહેલાં જોષીમઠ પાસે



આવેલ રેની ગામની સ્ત્રીઓ જોડાઈ. 1974માં જ્યારે આ ગામ પાસે આવેલાં જંગલોની હરાજી થઈ અને કોન્ટ્રેક્ટરો જંગલ કાપવા માટે આવ્યા ત્યારે પહેલાં તો સ્ત્રીઓએ ઝાડને રાખડી બાંધી તેની રક્ષા કરવાનું નક્કી કર્યું. પછી જ્યારે કોન્ટ્રેક્ટરને મદદ કરવા પોલીસ પણ આવી ત્યારે સ્ત્રીઓ ઝાડને વળગી પડી અને કહ્યું કે "પહેલાં અમારા પર કુહાડી ચલાવો પછી જ તમે ઝાડ કાપી શકશો." કોન્ટ્રેક્ટરના માણસોને ખાલી હાથે પાછા જવું પડ્યું. આ વાત ગામેગામ પ્રસરી અને તે વખત જતાં સ્ત્રીઓનું આંદોલન જ બની ગયું. સ્ત્રીઓએ ઝાડને વળગીને, ચિપકીને જંગલ બચાવ્યું. તેના પરથી આ આંદોલન "ચિપકો આંદોલન" તરીકે જાણીતું બન્યું.

*કમલા:* મતલબ કે સમાજે સ્ત્રીને આપેલી ભૂમિકા કે બળતણ, ચારો, પાણી વગેરે લાવવાની તેની જવાબદારી તેથી પોતાનું આ કામ આસાન બને તે માટે સ્ત્રીઓએ સંઘર્ષ કર્યો.

*એકતા:* તે ઉપરાંત, આદિવાસી સ્ત્રીઓના પોતાના જીવનના સંજોગોમાંથી ઊભી થયેલી પર્યાવરણ અંગેની કોઠાસૂઝના પ્રતીક તરીકે પણ તે વિશ્વભરમાં જાણીતું બન્યું. અને પર્યાવરણ અંગે નારીવાદી દૃષ્ટિકોણના વિકાસ માટે એક ઉદાહરણ બન્યું. ચિપકો આંદોલન જંગલ વિસ્તારની વાત છે, તો મહારાષ્ટ્ર અને ગુજરાતનું **મોંઘવારી પ્રતિકાર મહિલા આંદોલન** શહેરી સ્ત્રીઓની લડાયકતાનું પ્રતીક બન્યું.

*આશા:* મોંઘવારી પ્રતિકાર મહિલા આંદોલન! અમને તેની વાત પણ કહોને.

*એકતા:* 1973ના અરસામાં મહારાષ્ટ્રનાં શહેરોમાં જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓના વધતા જતા ભાવો સામે આંદોલન શરૂ થયું. સમાજવાદી પાર્ટીનાં મૃણાલ ગોરે અને ભારતીય સામ્યવાદી માર્ક્સવાદી પાર્ટીનાં અહલ્યા રાંગણેકરે તમામ પક્ષની સ્ત્રીઓને એક મંચ પર આવવા અપીલ કરી. મોંઘવારી પ્રતિકાર મહિલા આંદોલન તરીકે જાણીતા બનેલા આ આંદોલનમાં હજારો સ્ત્રીઓ જોડાઈ. મધ્યમ વર્ગની, શહેરની સ્ત્રીઓએ રોજેરોજ થાળી-વેલણ લઈ મોરચાઓ કાઢ્યા. સરકાર, સંઘરાખોરો અને કાળા બજારિયાઓ સામે જેહાદ જગાવી. કેટલેક સ્થળોએ સંઘરાખોર વેપારીઓનાં ગોદામોને ઘેરાવા કરી, તાળાં ખોલી અને વાજબી ભાવે ચીજ-વસ્તુઓ વેચવાની ફરજ પાડી. આ




આંદોલન ગુજરાતનાં કેટલાંક શહેરોમાં પણ પ્રસર્યું. વડોદરામાં દૂધના ભાવવધારા સામેની લડતથી શરૂઆત થઈ. હજારો સ્ત્રીઓ સૂરજ ઊગે તે પહેલાં જ બરોડા ડેરીના ગેટ પર પહોંચી ગઈ. પોલીસે આંદોલનકારી સ્ત્રીઓને રોકવા કોશિશ કરી પરંતુ સ્ત્રીઓએ મચક ન આપી. કેટલીક યુવાન સ્ત્રીઓ તેમને હાથતાળી આપી અંદર ઘૂસી ગઈ. ડેરીના વહીવટકર્તાઓને ઘેરાવો કર્યા અને તેઓ ભાગી ન જાય તે માટે તેમની ગાડીની હવા કાઢી લીધી. સેંકડો સ્ત્રીઓ ઉપરાંત કેટલીક નાની કિશોરીઓએ પણ ધરપકડ વહોરી.

*રેશ્મા:* મોંઘવારી અને જીવનનિર્વાહના પ્રશ્નો તો આખા સમાજના પ્રશ્નો છે. આ સમયમાં સ્ત્રીઓના પોતાના સવાલો માટે પણ કોઈ આંદોલન થયાં હતાં?

*એકતા:* સ્ત્રીઓને જ્યારે કોઈ પણ પ્રશ્ન અંગે ભેગાં થવાની તક મળે છે ત્યારે તેમના સ્ત્રી તરીકેના પ્રશ્નો અંગે વાત કરવાની પણ શક્યતા ઊભી થાય છે. આવું જ મહારાષ્ટ્રના શાહદા વિસ્તારમાં બન્યું.

1972માં શાહદા (મહારાષ્ટ્ર)માં જમીનદારો અને જંગલ ખાતાના અધિકારીઓના શોષણ સામે **શ્રમિક સંગઠન** કામ કરતું હતું. દુષ્કાળનાં વર્ષોમાં આદિવાસી વિસ્તારમાં આ સંગઠન ઝડપથી ફેલાયું. તેમાં મોટા પ્રમાણમાં આદિવાસી સ્ત્રીઓ જોડાઈ અને ખૂબ જ લડાયક ભાગ ભજવ્યો. આ લડતથી તેમને સંગઠનની તાકાતનો અનુભવ થયો અને તેમનો આત્મવિશ્વાસ વધ્યો. તેનો ઉપયોગ સ્ત્રીઓએ પોતાની રોજબરોજની જિંદગીને સ્પર્શતા પ્રશ્નોમાં કરવા માંડ્યો.

*આશા:* તે કઈ રીતે?

*એકતા:* એક વાર મહિલા શિબિરમાં એકઠી થયેલી સ્ત્રીઓ વચ્ચે દારૂ પીને મારકૂટ કરતા પતિઓના પ્રશ્ન અંગે ચર્ચા થઈ. અત્યાર સુધી દરેક સ્ત્રીને લાગતું હતું કે આ તો તેનો એકલીનો પ્રશ્ન છે પણ આ ચર્ચા પરથી ખબર પડી કે આ કોઈ એકલ-દોકલ સ્ત્રીનો પ્રશ્ન નથી પણ બધાનો જ પ્રશ્ન છે. ગામમાં દારૂથી કઈ રીતે છુટકારો મેળવવો? ચર્ચા કરતાં કરતાં આ સ્ત્રીઓ શિબિરમાંથી સીધી જ સમૂહમાં દારૂની દુકાન પર પહોંચી અને દારૂનાં માટલાં તોડી નાંખ્યાં. આગળ વધીને તેમણે મારપીટ કરનાર પુરુષો સામે પગલાં લેવાનું શરૂ કર્યું. પત્નીને મારપીટ કરનાર પતિના ગળામાં જૂતાનો હાર પહેરાવી તેમને ગધેડા પર બેસાડી ગામમાં ફેરવવામાં આવ્યા. એક ગામથી બીજા ગામ તરફ પોતાની કૂચ ચાલુ કરી. આ કૂચ દરમ્યાન, રસ્તામાં જ આ સમૂહમાં બીજી અનેક સ્ત્રીઓ જોડાતી ગઈ. આ આંદોલન મહિનાઓ સુધી ચાલ્યું.

*ફરઝાના:* મને તો આ બહેનોની વાત ખૂબ જ ગમી ગઈ. કોર્ટ, કચેરી, પોલીસ, કોઈનાય ચક્કરમાં પડ્યા વગર બહેનોએ જાતે જ પોતાનો રસ્તો શોધી લીધો.

*એકતા:* તમારી વાત બરાબર છે. કુટુંબમાં થતી હિંસા સામે સીધાં પગલાં લેવા માટેની સૌ પ્રથમ પ્રેરણા અનેક સ્ત્રી સમૂહોને શાહદા આંદોલનમાંથી મળી છે. તે જ રીતે, મોટાં મોટાં મજૂર સંગઠનોએ સ્ત્રીના શ્રમજીવી તરીકેના આગવા પ્રશ્નોને નજરઅંદાજ કર્યા ત્યારે સ્વાશ્રયી સ્ત્રીઓનું સંગઠન પણ આ જ સમયમાં શરૂ થયું. સ્ત્રીની શ્રમજીવી તરીકેની આગવી ઓળખ ઊભી કરવામાં **'સેવા'** (Self Employed Women's Association) નો ફાળો મહત્ત્વનો રહ્યો.

*શકરી:* 'સેવા'નું નામ તો અમે સાંભળ્યું છે પણ તેની શરૂઆત કઈ રીતે થઈ તે વિગતે કહો ને.

*એકતા:* 'સેવા' (સ્વાશ્રયી સ્ત્રીઓનું સંગઠન)ને ભારતનાં સ્ત્રી કામદારોનું પ્રથમ યુનિયન કહી શકાય. ગુજરાતમાં ઈલાબહેન ભટ્ટની આગેવાની હેઠળ મજૂર મહાજનની મહિલા પાંખ તરીકે 1972માં 'સેવા'ની શરૂઆત થઈ હતી. જૂનાં કપડાં વેચનારી, શાકભાજીવાળી, લારી-ગલ્લા, પથારાવાળી, અગરબત્તી કે બીડી બનાવનાર, તમાકુની ખળીમાં કામ કરતી અને ખેતમજૂરી કરતી બહેનો એમ અલગ અલગ પ્રકારના અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતી સ્ત્રીઓના રોજિંદા પ્રશ્નો તો સરખા જ હોય છે. તેમના કામની પરિસ્થિતિ ખૂબ ખરાબ હોય છે અને વેતન સાવ ઓછાં. કોઈનું વેપારીઓ દ્વારા શોષણ થાય તો કોઈને પોલીસ તેમ જ સરકારી અધિકારીઓ દ્વારા કનડગત થાય. ધંધો કરવા પૈસા નહીં ને ઉધાર પૈસા લે તો શાહુકાર દ્વારા શોષણ થાય.

આ સ્ત્રીઓ આખો દિવસ તનતોડ મજૂરી કરે પણ તેઓ કામદાર ના કહેવાય. તેથી સરકાર તેમના માટે કોઈ યોજના પણ ન બનાવે. ઈલાબહેને આ સ્ત્રીઓને સ્વાશ્રયી સ્ત્રીઓનું નામ આપી તેમનું સંગઠન બનાવ્યું. સ્વાશ્રયી બહેનોના આ સંગઠનને ટ્રેડ યુનિયન તરીકે રજિસ્ટર કરાવવા માટે પણ 'સેવા'ને સંઘર્ષ આપવો પડયો હતો. ટ્રેડ યુનિયન ઉપરાંત બહેનોની બેંક, સહકારી મંડળીઓ, સ્વાસ્થ્ય કાર્યક્રમ અને વીમા યોજના દ્વારા શ્રમજીવી સ્ત્રીઓની જિંદગીને વધારે સારી બનાવવાના કામમાં 'સેવા'નો ફાળો નોંધપાત્ર છે. તે ઉપરાંત અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતી સ્ત્રીઓ અંગે દેશ તેમ જ દુનિયાની સરકારોની નીતિઓને અસર કરવાનું કામ પણ 'સેવા'એ કર્યું છે. આજે 10,00,000 (દસ લાખ) સ્ત્રીઓ આ સંસ્થાની સભ્ય છે.

*નીરુ:* આ બધાં લોક-આંદોલનોની વાતો સાંભળીને લાગે છે કે જાણે અંગ્રેજોને દેશમાંથી ભગાડ્યા પછી પણ લોકોની હાલત તો એવી ને એવી જ રહી.

*રેશ્મા:* સાચી વાત. અમારી કોલેજમાં યુવાનોનું એક જૂથ આવ્યું હતું. તેમણે એક જોરદાર ગીત સંભળાવ્યું હતું. તે હું તમને સંભળાવું છું.

# ગોરે હાકેમ ગયો રે ભૈયા

ગોરે હાકેમ ગયો રે ભૈયા, આ ગયે હાકેમ કાલે
બદલ ગયી હૈ ચાબી લેકિન બદલે નહીં હૈ તાલે
તો ક્યા મૈં જૂઠ બોલિયા? કોઈ ના...
તો ક્યા મૈં કુફુર તોલિયા? કોઈ ના...
તો ક્યા મૈં ઝહર ઘોલિયા? કોઈ ના ભૈઈ કોઈ ના ભૈઈ કોઈ ના
બલ્લે બલ્લે બલ્લે બલ્લે યાહું યાહું યાહું આ આ આ આ હડિપા

મૈં હું થાનેદાર યારો મૈં હું સૂબેદાર
પહલે ઈક મુરઘી ખાતા થા અબ ખાતા હું ચાર
તો ક્યા મૈં જૂઠ બોલિયા? કોઈ ના...

મેરા નામ હૈ બિરલા યારો, મેરા નામ હૈ ટાટા
હમ દોનોં ને મિલ કર આધા આધા ભારત બાંટા
તો ક્યા મૈં જૂઠ બોલિયા? કોઈ ના...
મૈં હું શેઠ હજારીમલજી સોને કા વેપારી
એસેમ્બલી કા મેંબર હું કરતા હું ચોરબજારી
તો ક્યા મૈં જુઠ બોલિયા? કોઈ ના

મૈં હું પંડિત જયજયશંકર દયા ધરમ કા બંદા
રામનામ જપ નિત ખાતા હું ગૌશાલે કા ચંદા
તો ક્યા મૈં જૂઠ બોલિયા? કોઈ ના...

બન કે અફસર કિયા મૈંને કિતનોં કા કલ્યાણ
ભાઈ કો દિલવાયા ઠેકા સાલા હૈ કપ્તાન
તો ક્યા મૈં જૂઠ બોલિયા? કોઈ ના...

ટેક્સ કે ઉપર રોજ નયા એક બઢતા જાયે ટેક્સ
ઘટતા જાયે જીવન યારોં બઢતા જાયે ટેક્સ
તો ક્યા મૈં જૂઠ બોલિયા? કોઈ ના...

*કમલા:* જન આંદોલનો વિશેની વાતોમાં ઘણું જાણવા મળ્યું પણ હવે નારી આંદોલનની વાત ક્યારે કરશો?

*એકતા:* આ જન આંદોલનોના સમયગાળામાં જ હવે પછી શરૂ થનાર નારી આંદોલનનાં નવાં અને લડાયક તબક્કાનાં મૂળ રહેલાં છે.

*રેશ્મા:* તે કઈ રીતે?

*એકતા:* આપણે જોયું તેમ આ સમય દરમ્યાન થયેલાં તમામ આંદોલનોમાં સ્ત્રીઓએ મોટા પ્રમાણમાં લડાયક ભૂમિકા ભજવી હતી. આંદોલનોમાં ભાગ લેવાને કારણે સ્ત્રીઓમાં એક પ્રકારની જાગૃતિ અને આત્મવિશ્વાસ પણ જન્મ્યાં હતાં અને સાથે એ અનુભવ પણ થયો હતો કે સમગ્ર જનતાના પ્રશ્નોમાં સ્ત્રીઓ-પુરુષો સાથે ખભેખભા મિલાવીને લડે તેમ છતાં આગેવાની મોટે ભાગે પુરુષો પાસે જ રહે છે. અને આંદોલનમાં કામ કરતા સાથી કાર્યકરોનું વર્તન પણ સ્ત્રીકાર્યકરો કે પોતાની કુટુંબની સ્ત્રીઓ પ્રત્યે સમાનતાભર્યું નથી.

*નીરુ:* હા. એવા ઘણા લોકો હોય છે કે જે બહાર જુદું બતાવે અને પોતાના ઘરમાં જુદા જ હોય.

*આશા:* જેમ કે હાથીના દાંત ચાવવાના જુદા અને બતાવવાના જુદા!


*એકતા:* આ આંદોલનોમાં ભાગ લેવા માટે ઘરની બહાર નીકળી જાહેર જીવનમાં પગલાં માંડતી મધ્યમવર્ગી સ્ત્રી-કાર્યકરોને જે અનુભવો થયા તેને કારણે તેમની સ્ત્રી તરીકેની સંવેદનશીલતા વધી અને નારીવાદી વિચારોનો ઉદ્ભવ થવાની ભૂમિકા ઊભી થઈ.

*રેશ્મા:* તમે કહો છો કે, નારીવાદી વિચારોની ભૂમિકા ઊભી થઈ. તેનો અર્થ એ કે હજુ તે વિચારોને અમલમાં મુકાયા ન હતા?

*એકતા:* હા. આ વિચારો નારી આંદોલનમાં અમલમાં મૂકી શકાયા તે માટે બીજાં પણ ઘણાં પરિબળો મદદરૂપ બન્યાં.

*કમલા:* કયાં કયાં પરિબળો નારી આંદોલનને મદદરૂપ બન્યાં હતાં?

*એકતા:* તેમાં ભારતનાં જન આંદોલનો ઉપરાંત, નારી અભ્યાસ દ્વારા બહાર આવેલી માહિતી અને આંતરરાષ્ટ્રીય નારી આંદોલનની અસરનો સમાવેશ કરી શકાય.



*ફરઝાના:* તો આ અહેવાલનો નતીજો શું આવ્યો?

*એકતા:* આ સમિતિએ પોતાનો અહેવાલ 1974માં બહાર પાડ્યો. તેનું નામ છે: **'સમાનતા તરફ'** (Towards Equality). આ અહેવાલમાં આંખ ઉઘાડી નાંખે તેવી હકીકતો બહાર આવી. તેમાં સ્પષ્ટ થયું કે બંધારણે બક્ષેલી સમાનતા માત્ર કાગળ ઉપર જ રહી

**નારી અભ્યાસ અને નારી આંદોલનઃ**


કોઈ પણ આંદોલન પ્રશ્નોના ઊંડા અભ્યાસ વગર આગળ વધી શકતું નથી, ને આંદોલનની કસોટીએ ચડ્યા વગરનો અભ્યાસ માત્ર પુસ્તકોમાં જ રહે છે. 1971માં સરકારે સ્ત્રીઓના દરજ્જા અંગે એક સમિતિની સ્થાપના કરી. તેને નીચે મુજબના પ્રશ્નો પર એક વિસ્તૃત અહેવાલ તૈયાર કરવાનું કામ સોંપાયું.

- આઝાદી પછી જે બંધારણીય, કાનૂની અને વહીવટી પગલાંઓ લેવામાં આવ્યાં છે તેની સ્ત્રીઓ પર શું અસર પડી?
- જટિલ સામાજિક પરિવર્તનની અસર વિવિધ સ્તરની સ્ત્રીઓ પર કેવી પડી છે?
- સ્ત્રીઓ રાષ્ટ્રના વિકાસમાં પૂરેપૂરો ભાગ ભજવી શકે તે માટે કયાં પગલાં લેવાવાં જોઈએ?

છે. અને આઝાદીનાં આટલાં વર્ષો પછી પણ સ્ત્રીઓની પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો નથી. આ રિપોર્ટમાં લખવામાં આવ્યું છે કે, **"સમાજ-પરિવર્તન અને વિકાસની પ્રક્રિયાની અસર મોટા ભાગની સ્ત્રીઓ પર અવળી થઈ છે અને નવા પ્રકારની અસમતુલા (imbalance) અને અસમાનતા (disparities) ઊભાં થયાં છે."**

આમ, આ અહેવાલથી ઘણા બધા નિષ્ઠાવાન વિદ્વાનોની આંખો ખૂલી ગઈ. મધ્યમવર્ગી શિક્ષિત સ્ત્રીઓના અનુભવને આધારે જેઓ માનતા હતા કે, ભારતના બંધારણમાં સ્ત્રીઓને સમાનતા મળી છે તેથી સ્ત્રીઓના મોટા ભાગના પ્રશ્નો ઊકલી ગયા છે, તેમને આંચકો લાગ્યો. અને નારી અભ્યાસના ક્ષેત્રમાં શ્રમજીવી ગરીબ સ્ત્રીઓની પરિસ્થિતિ અંગેના અભ્યાસો થવા માંડ્યા.

*રેશ્મા:* ને આંતરરાષ્ટ્રીય આંદોલનની શું અસર થઈ?




## ◎ આંતરરાષ્ટ્રીય નારી આંદોલનની અસર

*એકતા:* આ દરમ્યાન વિશ્વનું નારી આંદોલન અસરકારક બન્યું હતું. તેની અસરને કારણે દુનિયાના દેશોની આંતરરાષ્ટ્રીય સંસ્થા 'યુનાઈટેડ નેશન્સે' મેક્સિકોમાં દુનિયાની સ્ત્રીઓની પરિષદ બોલાવી અને 1975ને આંતરરાષ્ટ્રિય મહિલા વર્ષ તરીકે જાહેર કર્યું.

*શકરી:* મહિલા વર્ષ જાહેર કરવાથી શું ફાયદો થયો?

*એકતા:* મહિલા વર્ષની ઉજવણીના ભાગરૂપે દુનિયાના તમામ દેશોની જેમ ભારતમાં પણ અનેક કાર્યક્રમો થયા. તેમાં સ્ત્રીઓને એકઠા થઈ પોતાના પ્રશ્નોની ચર્ચા કરવાની તક મળી. મહારાષ્ટ્રમાં સમાજવાદીઓએ દેવદાસીઓની પરિષદ યોજી અને પુણેમાં ડાબેરી સ્ત્રીઓની સંયુક્ત પરિષદ "યુનાઈટેડ વિમેન્સ લિબરેશન સ્ટ્રગલ"ના નામે યોજવામાં આવી કે જેમાં તમામ વર્ગો, જ્ઞાતિઓની સ્ત્રીઓએ ભાગ લીધો. ત્રિવેન્દ્રમમાં ડાબેરી વિદ્વાનો અને અભ્યાસુઓની પરિષદ થઈ. પુણેમાં પુરોગામી મહિલા સંગઠન અને મુંબઈમાં સ્ત્રી મુક્તિ સંગઠન આ સમયમાં શરૂ થયાં. દલિત આંદોલનમાંથી મહિલા સમતા સૈનિક દળ ઉદ્ભવ્યું. તેણે સ્ત્રીઓના દમનના સવાલોને દલિતોના દમનના સવાલ સાથે જોડવાનું કામ કર્યું.

*આશા:* સમકાલીન નારી આંદોલનમાં સૌથી પહેલાં કયું સંગઠન શરૂ થયું?

*એકતાઃ* 1974માં હૈદરાબાદમાં શરૂ થયેલા 'પ્રોગ્રેસિવ ઓર્ગેનાઈઝેશન ઓફ વિમેન' (પીઓડબ્લ્યુ)એ પ્રથમ વાર સ્ત્રી સમાનતાની વાતને નારીવાદી વિચારો સાથે સાંકળી. તેમની દૃષ્ટિએ સ્ત્રીઓના દમન માટે સ્ત્રી-પુરુષ વચ્ચેનું શ્રમ વિભાજન અને તેને માન્યતા આપતી સંસ્કૃતિ જવાબદાર હતી. તેમણે સ્ત્રીઓને સ્પર્શતા અનેક પ્રશ્નો ઉઠાવ્યા જેમ કે, વેશ્યા-વ્યવસાય, સ્ત્રીઓને ઉપભોગનું સાધન ગણતાં ચિત્રણો, દહેજ, બાળલગ્ન, સમાન વેતન અને પ્રસૂતિની રજાના તેમ જ સ્ત્રી કામદારો માટે કામની પરિસ્થિતિ સુધારવાના પ્રશ્નો. દહેજ અને છેડતી પર તેમણે શરૂ કરેલ આંદોલનમાં એક તબક્કે હજારો કોલેજ-છાત્રાઓ જોડાઈ હતી. 1975માં કટોકટી જાહેર થતાં આ સંગઠનના નેતાઓને જેલમાં નાંખવામાં આવ્યા અને તે વખત પૂરતું આંદોલન કચડી નાંખવામાં આવ્યું.

*રેશ્માઃ* કટોકટી જાહેર કરવામાં આવી એટલે?

*એકતાઃ* કટોકટી એટલે, દેશની આંતરિક સલામતી જોખમમાં છે તેવા બહાના હેઠળ બંધારણે આપેલા મૂળભૂત અધિકારો સ્થગિત કરી દેવા. 26મી જૂન 1975ના દિવસે, તે વખતનાં વડા પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીએ લોકલડતોને કચડી નાંખવા કટોકટી લાદી હતી.

*નીરુઃ* તેથી શું થાય?

એક્તાઃ તેથી બંધારણે બક્ષેલા મૂળભૂત અધિકારો જેમ કે વાણી-સ્વાતંત્ર્ય, વ્યક્તિ-સ્વાતંત્ર્ય વગેરેનો અમલ કરાવવા માટે લોકો સરકાર સામે કોર્ટમાં ના જઈ શકે તેવા વટહુકમો લાવવામાં આવ્યા અને સરકારની નીતિ સામે કે પોતાના લોકશાહી અધિકારો માટે લડતા તમામ લોકોને જેલમાં પૂરવામાં આવ્યા હતા. આપણે અગાઉ ચર્ચા કરી તે 1960-70ના દાયકામાં ઊભરેલાં જન આંદોલનોને કચડી નાંખવામાં આવ્યાં હતાં કે વેરવિખેર કરવામાં આવ્યાં હતાં. લોકોના સંઘર્ષને તોડવા માટે સરકારના દમનતંત્ર દ્વારા સ્ત્રીઓ પર બળાત્કારનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેની સામે નાગરિક અને લોકશાહી અધિકારો માટે લડતાં જૂથો સહિત તમામ પ્રગતિશીલ નાગરિકો કટોકટી સામે લોકશાહી અને નાગરિક અધિકારો માટેની લડતો માટે સક્રિય બનેલા.

લોકોની સંયુક્ત લડતોને પરિણામે સરકારને 1977માં કટોકટી દૂર કરવાની ફરજ પડી અને ફરી એક વાર નારી આંદોલનને વિકસવાની તક મળી અને દેશભરમાં, મુખ્યત્વે મોટાં શહેરોમાં નવા પ્રકારનાં નારી જૂથો વિકસવા માંડ્યાં. આ નવાં જૂથો સ્વાયત્ત નારી સંગઠનો તરીકે જાણીતાં બન્યાં. અને નારી આંદોલનનો આ તબક્કો સ્વાયત્ત નારી આંદોલનના તબક્કા તરીકે જાણીતો બન્યો.

*ફરઝાના:* સ્વાયત્ત નારી સંગઠનો એટલે શું?

*કમલા:* અને સ્વાયત્ત નારી આંદોલન અગાઉનાં આંદોલનો કરતાં જુદું કઈ રીતે હતું?

*એકતા:* સ્વાયત્ત નારી આંદોલનનો અર્થ અને તેણે ઉઠાવેલા મુદ્દાઓ અંગેની વાત હવે પછીના વિભાગમાં કરીશું અને આપણા સંઘર્ષના ઇતિહાસની જે સમજ આપણે મેળવી છે તેને આપણા હાલના કામ તેમજ મુદ્દાઓ સાથે જોડવાની કોશિશ કરીશું. આ વિભાગની ચર્ચાનો અંત સ્વાયત્ત નારી આંદોલનના શરૂઆતના સમયમાં રચાયેલ એક ગીતથી કરીએ.

# નારીદળ આવ્યાં

હે... જી... રે...
અમે પરિવારની ઝંઝટને, રૂઢિઓના બંધનને
પરતંત્રી માનસને ઠુકરાવી આવ્યાં
અમે નારીદમન મિટાવવા નારીશોષણ ભગાડવા
પતિઓની મારધાડ બંધ કરવા આવ્યાં
હે... જી... રે...

દહેજ, બળાત્કાર, શાસકોના અત્યાચાર
જાતિ પ્રથાનો નાશ કરવા આવ્યાં
અમે ધર્મોના ભેદભાવ, ઊંચનીંચનાં બંધન
નકામા ફંદાઓને તોડવા આવ્યાં
હે... જી... રે...

અમે ખેતરો ખાણોથી, કારખાંના ઓફિસોથી
ગામડાં ને શહેરોથી એક સાથે આવ્યાં
દેખ દેખ ઓરે અંધ નારીદળ આવ્યાં
અત્યાચારી તારો નાશ કરવા નારીદળ આવ્યાં
હે... જી... રે...

- ***વિભૂતિ પટેલ***



## વધુ વાચન માટેનાં પુસ્તકોની યાદી


૧. છોકરો એટલે શું? છોકરી એટલે શું? લે. કમલા ભસીન, પ્રકા., ઓળખ, વડોદરા.

૨. પિતૃસત્તા એટલે શું? લે. કમલા ભસીન, પ્રકા., ઓળખ, વડોદરા.

૩. અન્ડરસ્ટેન્ડિંગ જેન્ડર, કમલા ભસીન, વીમેન અનલિમિટેડ, નવી દિલ્લી.

૪. ભારતીય મહિલા આંદોલનઃ કલ આજ ઔર કલ, લે. દીપ્તિ પ્રિયા મહરોત્રા, પ્રકા. સંપૂર્ણા ટ્રસ્ટ, ન્યુ દિલ્હી.

૫. ધ હિસ્ટરી ઓફ ડુઈંગ, રાધા કુમાર, કાલી ફોર વીમેન, નવી દિલ્લી

૬. વીમેન ઈન મોડર્ન ઇન્ડિયા, ગેરેલ્ડાઈન ફોર્બ્સ, કેમ્બ્રીજ યુનિવર્સિટી પ્રેસ

૭. વીમેન રાઈટીંગ ઈન ઇન્ડિયા, સુઝી થરુ એન્ડ કે. લલીથા, (એડી.) વોલ્યુમ-1 600 બી.સી. થી અર્લી 20 સેન્ચ્યુરી, ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ, નવી દિલ્લી.

૮. વીમેન પાયોનીયરસઃ એડ, સુશીલા નાયર એન્ડ કમલા માન્કેકર, નેશનલ બુક ટ્રસ્ટ, નવી દિલ્લી.

૯. મૂળ સોતી ઊખડેલાં, કમળાબેન પટેલ, આર. આર. શેઠની કું.

૧૦. સ્વતંત્રતાની સરવાણીઓ, સહિયર (સ્ત્રી સંગઠન) વડોદરા

૧૧. આદિવાસી મહિલા જીવનઃ સ્થિતિ અને સંઘર્ષ, સ્પેશ્યલ ઈશ્યુ ઓફ અંતરંગ સખી, મે, મુંબઈ

૧૨. દલિત 'વીરન્ગાનાસ' એન્ડ રેઈનવેન્સન ઓફ 1857, ચારુ ગુપ્તા એન્ડ 'વીઝીબ્લીસીંગ ધ 'અધર' ઈન હિસ્ટરી - કોર્ટસન્સ એન્ડ ધ રીવોલ્ટ', લતા સીંઘ ઈન ઇકોનોમિક એન્ડ પોલિટિકલ વીક્લી, મે 12, 2007-1857.

૧૩. 'રાષ્ટ્રીય આંદોલનમાં મહિલાઓ' લેખ, સાધના આર્ય, નિવેદિતા મેનન, જીની લોકનીતા સંપાદિત પુસ્તક, "નારીવાદી રાજનીતિ સંઘર્ષ અને મુદ્દા" પ્રકા. દિલ્લી વિશ્વ વિદ્યાલય

**સહિયર (સ્ત્રી સંગઠન)** 1984થી સ્વાયત્ત સ્ત્રી સંગઠન તરીકે કાર્યરત છે. સહિયરનું ધ્યેય એક એવા સમાજની રચના કરવાનું છે કે જેમાં 'કોઈ પ્રકારના શોષણ, દમન, અન્યાય કે અત્યાચારને સ્થાન ન હોય. તેમાં નારીને માનવી તરીકેનો સમાન દરજ્જો મળે.'

'નારીમુક્તિ વગર માનવમુક્તિ શક્ય નથી અને માનવમુક્તિ વગર નારીમુક્તિ અશક્ય છે' એવી સમજ સાથે સ્ત્રીઓના અધિકારો અને માનવ અધિકારો માટેના સંઘર્ષને આગળ લઈ જવા વિવિધ પ્રવૃત્તિઓ કરે છે.

- જાગૃતિ કાર્યક્રમો જેવા કે શેરીનાટકો, જાગૃતિ ગીતો અને ગરબા, શિબિરો, નિબંધ લેખન, જાહેર દેખાવો વગેરે દ્વારા સમાજના બહોળા સમુદાયનો સ્ત્રીઓ પ્રત્યેનો પુરુષપ્રધાન દૃષ્ટિકોણ બદલવા પ્રયત્ન કરે છે, ઉપરાંત પ્રશ્નોના મૂળને સમજીને એ સમજને સમાજ સુધી લઈ જવા સંશોધન, પ્રકાશન, પુસ્તકાલય જેવી પ્રવૃત્તિઓ પણ કરે છે.
- સ્ત્રીઓ પરની હિંસા અને સ્ત્રીઓને સ્પર્શતા અન્ય કાયદાઓમાં સુધારા લાવવા તથા મોજૂદ કાયદાઓનો અમલ કરાવવાની ઝુંબેશ ચાલે છે.
- કોમવાદ, જ્ઞાતિવાદ અને સીમાન્ત સમૂહોના માનવ-અધિકારના ભંગના બનાવોમાં માનવ અધિકાર સંગઠનો સાથે મળીને કામ કરે છે.
- કુટુંબ, સમાજ તેમ જ કામના સ્થળે હિંસા, અન્યાયનો સામનો કરતી સ્ત્રીઓની પડખે ઊભા રહી તેમને કાઉન્સેલિંગ, કાનૂની સલાહ અને સંવેદનાત્મક ટેકો પૂરો પાડે છે.
- કિશોરીઓના વ્યક્તિત્વ-વિકાસ તેમ જ કારકિર્દીના ઘડતરમાં સહાયરૂપ થાય છે.
- ઝૂંપડાવાસી, શ્રમજીવી તેમ જ નીચલા મધ્યમ વર્ગની બહેનોના મંડળ બનાવી બચત, જાગૃતિ તેમ જ રોજબરોજના પ્રશ્નો ઉકેલવા સંગઠિત કરે છે.
- સંવેદનશીલ વિસ્તારોમાં તમામ સમુદાયની સક્રિય બહેનોને ન્યાય, શાંતિ અને કોમી એકતા માટેના આગેવાન બનવાની તાલીમ આપે છે.
- સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો, સરકારી અધિકારીઓ, પોલીસતંત્ર, શિક્ષકો, વકીલો, ટ્રેડ યુનિયનના કાર્યકરો તેમ જ અન્ય લોકસંગઠનના કાર્યકરોને સ્ત્રીઓના સવાલોથી પરિચિત કરાવવા અને તેમનામાં સ્ત્રીઅભિમુખ સંવેદનશીલતા કેળવવા માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરે છે. અન્ય સંસ્થા દ્વારા યોજાતી તાલીમોમાં રિસોર્સ પર્સન તરીકે કામગીરી બજાવે છે.

**ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન** એક સ્વૈચ્છિક બિન-નફાકારક સંગઠન છે. 1990માં તેની નોંધણી સોસાયટીઝ રજિસ્ટ્રેશન ઍક્ટ-1860 હેઠળ કરવામાં આવી હતી. તેનો મુખ્ય હેતુ સામાજિક સમાવેશ અને લોકશાહી શાસનને પ્રોત્સાહન આપવાનો છે કે જેથી આપણા સમાજના વંચિત વર્ગો મુખ્ય પ્રવાહના વિકાસ અને નિર્ણય-પ્રક્રિયામાં અસરકારક રીતે ભાગીદાર થવા સક્ષમ બને.

ઉન્નતિ પશ્ચિમ ભારતમાં લોકમંડળો, બિન-સરકારી સંગઠનો, સ્થાનિક શાસનમાં ચૂંટાયેલાં પ્રતિનિધિઓ અને સરકાર સાથે કામ કરનારું મુદ્દા આધારિત વ્યૂહાત્મક શૈક્ષણિક ટેકો આપનારું એક સંગઠન છે. સહયોગી સંશોધન, જાહેર શિક્ષણ, હિમાયત, પ્રત્યક્ષ ક્ષેત્ર સ્તરીય એકત્રીકરણ અને વિવિધ હિતધારકો સાથે અમલ એ અમારા કાર્યનાં ચાવીરૂપ સાધનો છે. નાગરિકોના પાયાના અધિકારોનું જતન થાય તે પ્રકારનું નીતિવિષયક પર્યાવરણ સર્જાય ત્યાંથી માંડીને સ્થાનિક સ્તરે તે ઊભું થાય ત્યાં સુધીની અમારી દરમ્યાનગીરીઓ હોય છે. એમાં અમારાં સહભાગી સંગઠનોની તાકાત અને અસહાય લોકોની લડતોમાંથી અમે પ્રેરણા પ્રાપ્ત કરીએ છીએ. વર્તમાનમાં તમામ પ્રવૃત્તિઓ નીચે મુજબના કાર્યક્રમોની આસપાસ ગઠિત થાય છે:

૧. સામાજિક સમાવેશ અને સક્ષમતા
૨. નાગરિક નેતૃત્વ અને શાસન
૩. આપત્તિમાં જોખમના ઘટાડાના સામાજિક નિર્ણાયકો

*અમારા ક્ષેત્રીય અનુભવોમાંથી જે પદાર્થપાઠ પ્રાપ્ત થાય છે તે એકત્રિત કરીને જ્ઞાન સંસાધન કેન્દ્ર દ્વારા વ્યાપકપણે લોકોને ઉપલબ્ધ બનાવવા મુદ્રિત અને વીજાણુ સ્વરૂપે અમે પ્રસારિત કરીએ છીએ. અમે સામુદાયિક નેતાઓ અને ખાસ કરીને દલિતો તથા મહિલાઓ માટે એક અકાદમીનું નિર્માણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે જેથી તેઓ સ્થાનિક પ્રશ્નોનો અસરકારક રીતે સામનો કરી શકે.*

નારી
આંદોલનનો
ઇતિહાસ

ભાગ:૧
સ્ત્રી જીવન
સંઘર્ષ:
પ્રાચીન કાળથી
ભક્તિ ચળવળ

ભાગ:૨
સ્ત્રી સમાનતા
અને મતાધિકાર:
વિશ્વમાં નારી
આંદોલન

ભાગ:૩
સામાજિક
સુધારણા અને
સ્વતંત્રતાની
ચળવળમાં સ્ત્રીઓ

ભાગ:૪
નારી મુક્તિ
આંદોલન:
પ્રશ્નો અને
પડકારો


उन्नति
ઉન્નતિ
વિકાસ શિક્ષણ સંગઠન
જી-1/200, આઝાદ સોસાયટી,
આંબાવાડી, અમદાવાદ-380 015
ફોન: 079-26746145, 26733296
ઈ-મેલ: sie@unnati.org
વેબસાઈટ: www.unnati.org

sahiyar
સહિયર (સ્ત્રી સંગઠન)
જી-3, શિવાંજલિ ફ્લેટ્સ,
જાધવ અમીશ્રદ્ધા સોસાયટી પાસે,
નવજીવન, આજવા રોડ, વડોદરા-390 019
ફોન: 0265-2513482,
ઈ-મેલ: sahiyar@gmail.com